ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425

16
MARCH, 2026
MONDAY

પેજ 2

રૂ.૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર કોસ્ટલ હાઈવેનું ખાતમુહૂર્ત

પેજ 3

પેથાપુરની સીમમાં ધમધમતા હાઈ પ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ

પેજ 7

સસ્તા ભાવે વેચાણની અદાવતમાં યુવકને ગળા અને આંખ પાસે ચાકુના ઘા ઝીંક્યા

પેજ 5

જેતપુર નજીક ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવાની ઘેલછામાં સર્જાયો ગોઝારો અકસ્માત

I Pakkogujarat/ I VOL : 11 I Issue : 01 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN
• MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### મોતની અફવા વચ્ચે નેતન્યાહુ કોફી પીતા જોવા મળ્યા

# યુદ્ધ વચ્ચે UAEમાં 19 ભારતીયોની ધરપકડ:ખોટા સમાચાર ફેલાવવાનો આરોપ

### ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેમના મૃત્યુ અંગેની અફવાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં તેઓ જેરુસલેમના એક રેસ્ટોરન્ટમાં કોફી પીતા જોવા મળે છે

• અમેરિકા

ઈઝરાયલ-ઈરાન સંઘર્ષ વચ્ચે યુએઈએ 35 વ્યક્તિઓની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. તેમાં 19 ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, તેમના પર સોશિયલ મીડિયા પર ખોટા સમાચાર ફેલાવવાનો આરોપ છે.યુએઈના એટર્ની જનરલ ડૉ. હમાદ સૈફ અલ શમ્સે જણાવ્યું હતું કે આ કાર્યવાહી ડિજિટલ પ્લેટફોર્મના નિરીક્ષણ બાદ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ખોટા અહેવાલો દ્વારા ફેલાતી અફવાઓ અને અશાંતિને રોકવાનો હતો.દરમિયાન, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેમના મૃત્યુ અંગેની અફવાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં તેઓ જેરુસલેમના એક રેસ્ટોરન્ટમાં કોફી પીતા જોવા મળે છે.

વીડિયોમાં, તેઓ મજાકમાં પૂછે છે, 'શું તમે મારી આંગળીઓ ગણવા માંગો છો?' આ 13 માર્ચના એક વીડિયોનો સંદર્ભ હતો, જેમાં કેટલાક દર્શકોએ તેમના હાથ પર છ આંગળીઓ જોવાનો દાવો કર્યો હતો. આ પછી, ઘણા યુઝર્સ તેમના મૃત્યુની અફવાઓ ફેલાવવાનું શરૂ કર્યું, અને આરોપ લગાવ્યો કે આ વીડિયો AI-જનરેટેડ ડીપફેક છે.એર ઈન્ડિયા ગ્રુપની 48 ફ્લાઈટ્સ સોમવારે મિડલ ઈસ્ટ માટે ઉડાન ભરશે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ સોમવારે મિડલ ઈસ્ટના શહેરો માટે અને ત્યાંથી કુલ 48 શેડ્યૂલ્ડ અને નોન-શેડ્યૂલ્ડ ફ્લાઈટ્સ ઓપરેટ કરશે. આ ભારતીય શહેરોથી જેદ્દાહ માટે કુલ 10 ફ્લાઈટ્સ સામેલ છે, જ્યારે મસ્કત માટે પણ અનેક સેવાઓ શરૂ થશે.એર ઈન્ડિયા દિલ્હી અને મુંબઈથી રિટર્ન ફ્લાઈટ ચલાવશે, જ્યારે એર ઈન્ડિયા એક્સપ્રેસ બેંગલુરુ, કોઝીકોડ અને મેંગલોરથી ઉડાન ભરશે. બીજી તરફ ઈન્ડિગોએ જણાવ્યું હતું કે દુબઈમાં એરસ્પેસ પ્રતિબંધોને કારણે 15 થી 17 માર્ચ દરમિયાન તેની કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે.




અમેરિકાના નેશનલ ઈકોનોમિક કાઉન્સિલના ડાયરેક્ટર કેવિન હેસેટે જણાવ્યું છે કે ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં અંદાજે 12 અબજ ડોલરનો ખર્ચ થઈ ચૂક્યો છે. તેમણે આ વાત CBS ના પ્રોગ્રામ 'ફેસ ધ નેશન' માં કહી હતી. પેન્ટાગનના અંદાજ મુજબ યુદ્ધના પહેલા અઠવાડિયામાં જ આશરે 11.3 અબજ ડોલરનો ખર્ચ થઈ શકતો હતો. હેસેટે એ સ્પષ્ટતા નથી કરી કે 12 અબજ ડોલરનો ખર્ચ કયા સમયગાળા દરમિયાન થયો છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યારે સરકાર પાસે પૂરતા સંસાધનો છે, પરંતુ જો આગળ જરૂર પડશે તો બજેટ માટે કોંગ્રેસ (સંસદ) નો સંપર્ક કરી શકાય છે.ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ દાવો કર્યો છે કે મિશિગનમાં સિનેગોગ પર હુમલો કરનાર વ્યક્તિનો ભાઈ ઈબ્રાહિમ ગઝાલી હિઝબુલ્લાહનો કમાન્ડર હતો. ઈબ્રાહિમ ગઝાલી 5 માર્ચના રોજ લેબનાનમાં ઈઝરાયલી એરસ્ટ્રાઈકમાં તેના પરિવારના અન્ય ત્રણ સભ્યો સાથે માર્યો ગયો હતો.અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક અઠવાડિયા પછી તેના ભાઈ અયમાન મોહમ્મદ ગઝાલીએ મિશિગનમાં ડેટ્રોઈટ પાસે એક સિનેગોગ પર કાર ચઢાવીને હુમલો કર્યો હતો. જોકે, આ મામલે તપાસ કરી રહેલી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) એ ઈઝરાયલી સેનાના આ દાવા પર કોઈ ટિપ્પણી કરી નથી અને જણાવ્યું છે કે તપાસ હજુ ચાલુ છે.અમેરિકાના ઉર્જા મંત્રી ક્રિસ રાઈટે કહ્યું છે કે ઈરાન સાથે ચાલી રહેલું યુદ્ધ આગામી થોડા અઠવાડિયામાં સમાપ્ત થઈ શકે છે. તેમનું કહેવું છે કે આ સંઘર્ષ કદાચ તેનાથી પણ વહેલો સમાપ્ત થઈ જાય.ક્રિસ રાઈટે એબીસી ન્યૂઝના કાર્યક્રમ 'ધીસ વીક'માં કહ્યું કે યુદ્ધ સમાપ્ત થયા પછી ઉર્જા પુરવઠો ફરીથી વધશે અને તેલ-ગેસની કિંમતોમાં પણ ઘટાડો આવી શકે છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલના હુમલામાં જે પરમાણુ ઠેકાણાઓને નુકસાન થયું, તેમના કાટમાળ નીચે એનરિચ્ડ યુરેનિયમ દબાયેલું છે. તેની જાણકારી ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીને પણ છે. હાલમાં ઈરાન તેને બહાર કાઢવાની કોઈ યોજના બનાવી રહ્યું નથી.



## માધુપુરામાં નશાનો કાળો કારોબાર

### પોલીસ અને બુટલેગરોની 'જુગલબંધી'થી જનતા પરેશાન?

• અમદાવાદ

અમદાવાદનું માધુપુરા અને કાલુપુર વિસ્તાર અત્યારે ગુનાખોરીનું એપીસેન્ટર બની રહ્યું હોય તેમ જણાય છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, માધુપુરા વિસ્તારમાં દેશી દારૂ, જુગારના અડ્ડાઓ અને જીવલેણ MD Drugs નો વેપાર બેરોકટોક ચાલી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, સ્થાનિક પોલીસ અને ઉચ્ચ એજન્સીઓ આ મામલે મૌન સેવી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

વહીવટદારની ભૂમિકા શંકાના દાયરામાં વિસ્તારમાં ચર્ચાતી વિગતો મુજબ, પોલીસ ઈન્સ્પેક્ટર સી.આર. રાણાના નામે કાલુપુર પોલીસ સ્ટેશનનો કર્મચારી વનરાજ સિંહ સમગ્ર 'વહીવટ' સંભાળી રહ્યો છે. આક્ષેપ છે કે વનરાજ સિંહની રહેમનજર હેઠળ જ આ અસામાજિક પ્રવૃત્તિઓ ફૂલીફાલી રહી છે, જેના કારણે સ્થાનિક પોલીસ કોઈ પણ પ્રકારના કડક પગલાં ભરવાથી પાછી પાની કરી રહી છે.

#### કેમિકલયુક્ત દારૂનું 'હોલસેલ' નેટવર્ક

માધુપુરામાં માત્ર નશો જ નહીં, પણ લોકોના જીવ સાથે રમત રમાઈ રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર:

*જયેશ, ગિરીશ અને પ્રફુલ જેવા નામો આ નેટવર્કમાં સક્રિય છે.

* મણિયો, શેહનાઝ, અબ્બાસ અને ચનદો નામના શખ્સો કેમિકલયુક્ત દેશી દારૂનો હોલસેલ સપ્લાય કરી રહ્યા છે.

*આ કેમિકલયુક્ત દારૂ કોઈપણ સમયે લઠ્ઠાકાંડ જેવી મોટી હોનારત સર્જી શકે છે, છતાં તંત્ર નિદ્રાધીન છે.

#### એજન્સીઓની નિષ્ક્રિયતા પર સવાલ

જ્યારે સ્થાનિક પોલીસ નિષ્ફળ જાય ત્યારે જનતાને PCB (પબ્લિક સર્વિસ બ્રાન્ચ), ક્રાઈમ બ્રાન્ચ અને LCB જેવી એજન્સીઓ પર આશા હોય છે. પરંતુ, આ કિસ્સામાં આ એજન્સીઓ પણ રેડ પાડવા તૈયાર નથી, જે અનેક તર્ક-વિતર્ક સર્જે છે. શું આ એજન્સીઓ પાસે માહિતીનો અભાવ છે કે પછી કોઈ મોટા દબાણ હેઠળ કામ કરી રહી છે?

#### સ્થાનિકોની માંગ

શહેરના હાર્દ સમાન આ વિસ્તારમાં ડ્રગ્સ અને દારૂનું દૂષણ યુવા પેઢીને બરબાદ કરી રહ્યું છે. જો તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગ સુધી રજૂઆત કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

## રાજસ્થાનમાં બોમ્બ બ્લાસ્ટ માટે પાકિસ્તાનથી IED મોકલવામાં આવ્યું

• જયપુર

રાજસ્થાનમાં બોમ્બ વિસ્ફોટ માટે પાકિસ્તાની આતંકવાદી શહઝાદ ભટ્ટીએ ષડયંત્ર રચ્યું હતું. બોર્ડર વિસ્તારના જિલ્લા હનુમાનગઢમાં આતંકવાદીએ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) પણ પહોંચાડી દીધું હતું.આરડીએક્સ પહોંચવામાં વિલંબ થતાં આતંકવાદી ષડયંત્ર નિષ્ફળ ગયું. આ ખુલાસો હરિયાણાના અંબાલામાં 2 કિલો આરડીએક્સ, આઈઈડી અને વિસ્ફોટક સામગ્રી સાથે પકડાયેલા ત્રણ આરોપીઓની પૂછપરછમાં થયો છે. તેમાંથી એક આરોપી અજમેરનો રહેવાસી છે. સૂત્રો અનુસાર, આતંકવાદી શહઝાદ ભટ્ટીના ઈશારે ડ્રોન દ્વારા અમૃતસરમાં આરડીએક્સ અને અન્ય સામાન મોકલવામાં આવ્યો હતો. સુરક્ષા એજન્સીના સૂત્રો અનુસાર, આરોપીઓએ પૂછપરછમાં ઘણી ચોંકાવનારી માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાનથી મોકલેલા આરડીએક્સથી પ્રથમ બ્લાસ્ટ હનુમાનગઢમાં કરવાનો હતો. ચાર દિવસ સુધી આઈઈડી હનુમાનગઢમાં જ રહ્યું, પરંતુ આરડીએક્સ ન પહોંચતા તેને પાછું મંગાવી લેવામાં આવ્યું. ત્યારબાદ એક અઠવાડિયા સુધી હરિયાણા, પંજાબ, દિલ્હી અને ચંદીગઢના ઘણા વિસ્તારોની રેકી કરીને વીડિયો મોકલવામાં આવ્યા, જેથી નવો ટાર્ગેટ નક્કી કરી શકાય.અંતિમ ટાર્ગેટ તરીકે આતંકી શહઝાદ ભટ્ટીએ ત્રણેય આરોપીઓને એક દિવસ પહેલા અંબાલાના ત્રણ ટાર્ગેટ જણાવ્યા અને કહ્યું કે તેમાંથી એક જગ્યાએ વિસ્ફોટ કરવાનો છે.

### સુરતમાં રેલવે સ્ટેશને ભીડ, લોકો વતનની વાટ પકડી

## 950નો બાટલો રૂ. 3500માં મળે છે:ગેસ એજન્સીઓ પર સવારે 4 વાગ્યાથી લાઈનો લાગી

• નવી દિલ્હી

અમેરિકા-ઈઝરાયેલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશમાં LPG સંકટ વધી ગયું છે. મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ-ચંદીગઢ, હરિયાણા અને રાજસ્થાન સહિતના અન્ય રાજ્યોમાં સિલિન્ડર માટે સવારથી જ ગેસ એજન્સીઓ અને ગોડાઉન પર લાઈનો લાગી ગઈ છે. LPG સંકટને કારણે ગેસ સિલિન્ડરની કાળાબજારી પણ વધી ગઈ છે. 950 રૂપિયામાં મળતો ગેસ સિલિન્ડર 3500 રૂપિયામાં અને 2 હજાર રૂપિયાનો કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં 5 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે.મિડલ ઈસ્ટમાં વધતા યુદ્ધનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે, તેને કારણે હવે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકોની હાલત રોજબરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે. ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાંચ ધણા ભાવે વેચાઈ રહી છે, જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવું નથી. ગેસ સંકડ વચ્ચે હવે તેમની ધીરજનાં બાણ ખુટી જતાં અને કોરોનાકાળ જેવી સ્થિતિ ન સર્જાય તેવા ડરથી પરપ્રાંતિઓ વતનની વાટ પકડી રહ્યાં છે. આજે 15 માર્ચે રેલવે સ્ટેશન પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. સંપૂર્ણ સમાચાર વાંચોલોકો LPG માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઘરના રસોડામાં ચૂલા પણ સળગી રહ્યા નથી. ગેસ ગોડાઉનની બહાર લાઈનો લાગી રહી છે. CNG-LPG સ્ટેશન પર પણ આવી જ સ્થિતિ છે. ઓટોની એક-એક કિલોમીટર લાંબી લાઈનો લાગી રહી છે. લોકોને આખી રાત સ્ટેશનની બહાર વિતાવવી પડે છે, છતાં તેમને પૂરતું LPG મળતો નથી.

### નેપાળમાં 7 ભારતીય શ્રદ્ધાળુઓનાં મોત

## મનકામના મંદિરથી પરત ફરતી બસ 200 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ડ્રાઈવર બચી ગયો

• કાઠમંડુ

નેપાળના ગંડકી પ્રાંતના ગોરખા જિલ્લામાં શનિવારે રાત્રે ભારતીય યાત્રાળુઓથી ભરેલી એક બસ ખીણમાં પડી ગઈ. તેમાં 7 લોકોના મોત થયા છે, જ્યારે 7 ઘાયલ છે. યાત્રાળુઓ મનકામના મંદિરથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાળુઓને લઈ જતી એક બસ મનકામના મંદિરથી પરત ફરી રહી હતી, ત્યારે રસ્તા પરથી સરકીને 200 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી.અકસ્માતમાં ઘાયલ 7 યાત્રાળુઓને ભરતપુર સ્થિત ચિતવન મેડિકલ કોલેજમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર બસમાં એક ડઝનથી વધુ યાત્રાળુઓ સવાર હતા. પ્રશાસન અનુસાર, બસ મનકામના મંદિરથી તનહુન જિલ્લાના અંબુખેરેની વિસ્તાર તરફ જઈ રહી હતી. ઘટના બાદ મોડી રાત સુધી બચાવ કામગીરી ચાલુ રહી. પોલીસે જણાવ્યું કે અકસ્માતના અન્ય કારણોની પણ તપાસ કરવામાં આવી રહી છે.નેપાળમાં શનિવારે ભારતીય યાત્રાળુઓની બસ ખીણમાં ખાબકી હતી. અકસ્માતના મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષો, બસના ડ્રાઈવરનો બચાવ ગોરખા જિલ્લા ટ્રાફિક પોલીસ અધિકારી સૂરજ આર્યલે જણાવ્યું કે મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. બધા ભારતીય નાગરિક હતા. જિલ્લા પોલીસ પ્રમુખ ભરત બહાદુર બીકે મુજબ મૃતકોની ઓળખ મુથુ કુમાર (58), અનામાલિક (58), મીનાક્ષી (59), શિવગામી (53), વિજયલ (57), મીના (58) અને તમિલરસી (60) તરીકે થઈ છે. હિમાલયન ટાઈમ્સ અનુસાર, ઈલેક્ટ્રિક બસનો ડ્રાઈવર સુરક્ષિત બચી ગયો, જ્યારે તેનો આસીસ્ટન્ટ આ અકસ્માતમાં ઘાયલ થયો છે.વર્લ્ડ બેંકના એક અભ્યાસ મુજબ નેપાળમાં માર્ગ અકસ્માતોથી થતું આર્થિક નુકસાન 2007 પછી ત્રણ ગણું વધી ગયું છે અને હવે તે દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP)ના લગભગ 1.5% જેટલું છે.વર્લ્ડ બેંક અનુસાર, નેપાળમાં માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામનારાઓમાં 70% થી વધુ રાહદારીઓ, સાયકલ સવારો અને મોટરસાયકલ સવાર જેવા હોય છે.આ પહેલા 23 ફેબ્રુઆરીના રોજ નેપાળના ધાદિંગ જિલ્લામાં એક પ્રવાસી બસ 200 મીટર ઊંડી ખીણમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં 19 લોકોના મોત થયા હતા, જ્યારે 25 લોકો ઘાયલ થયા હતા. બસ પોખરાથી કાઠમંડુ જઈ રહી હતી અને તેમાં 44 લોકો સવાર હતા.

## પશ્ચિમ બંગાળમાં પૂજારીઓનું માનદ વેતન 500 વધ્યું:હવે દર મહિને 2000 મળશે

### ચૂંટણીની જાહેરાતના સવા કલાક પહેલા મમતા બેનર્જીનું ટ્વીટ

• કોલકાતા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાતના સવા કલાક પહેલાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પૂજારીઓ અને મુએઝીન (અઝાન માટે અવાજ આપનાર) ના માનદ વેતનમાં 500 નો વધારો કર્યો છે. તેમને હવે દર મહિને 2 હજાર રૂપિયા મળશે.CM મમતાએ રવિવારે બપોરે X પોસ્ટમાં લખ્યું- પૂજારીઓ અને મુએઝીન સમુદાયોના આધ્યાત્મિક અને સામાજિક જીવનને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સરકારે માનદ વેતન યોજના હેઠળ પૂજારીઓ અને મુએઝીનોની તમામ નવી અરજીઓને પણ મંજૂરી આપી દીધી છે.મમતાએ લખ્યું કે અમે એવું વાતાવરણ બનાવવામાં ગર્વ અનુભવીએ છીએ, જ્યાં દરેક સમુદાય અને પરંપરાને મહત્વ આપવામાં આવે છે અને મજબૂત કરવામાં આવે છે. અમારો પ્રયાસ છે કે અમારી સમૃદ્ધ આધ્યાત્મિક વારસાના સંરક્ષકોને યોગ્ય સન્માન અને સમર્થન મળે.CM મમતાએ રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે પણ મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓ અને પેન્શનરો સાથે કરેલું વચન પૂરું કરતાં ROPA 2009 હેઠળ મોંઘવારી ભથ્થા (DA) ના બાકી ચૂકવણીની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય લીધો છે.મુખ્યમંત્રીના મતે, રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો, શૈક્ષણિક સંસ્થાઓના લાખો શિક્ષકો અને બિન-શિક્ષક કર્મચારીઓ, તેમજ પંચાયત, નગરપાલિકાઓ અને અન્ય સ્થાનિક સંસ્થાઓ જેવી અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓ અને પેન્શનરોને આ નિર્ણયનો લાભ મળશે.

તેમણે જણાવ્યું કે ROPA 2009 ના DA ની બાકી ચૂકવણી માર્ચ 2026 થી શરૂ થશે. આ માટે રાજ્યના નાણા વિભાગ દ્વારા વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવી છે, જેમાં ચૂકવણીની પ્રક્રિયા અને નિયમો નક્કી કરવામાં આવ્યા છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ધર્મ અને રાષ્ટ્ર ચેતનાનું આહ્વાન, નળકાંઠાના શાહપુર ખાતે હિન્દુ સંમેલન યોજાયું

## મહેમાનો સહિત ગ્રામજનો દ્વારા ભારત માતાની સામૂહિક આરતી ઉતારવામાં આવી

• વિરમગામ

નળકાંઠામાં આવેલ શાહપુર ગામ ખાતે ધર્મ અને રાષ્ટ્ર ચેતનાનું આહ્વાન, વિશાળ હિન્દુ સંમેલન યોજાયું હતું. આપણી સનાતન પરંપરાઓ, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા સામાજીક સમરસતા, સદભાવના, સંસ્કાર અને હિન્દુ સ્વાભિમાનની જાગૃતિ અર્થે સમગ્ર હિન્દુ સમાજ દ્વારા શાહપુર ખાતે હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સાધુ-સંતો સહિતના મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય કરીને હિન્દુ સંમેલનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. શાહપુર ગામની દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો અને વિવિધ મહિલા ધૂન મંડળો દ્વારા ધૂન સત્સંગ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઓળકના સંત શ્રી રાધેશ્યામ બાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ ગ્રામજનોને શનિવારે હનુમાન ચાલીસા અને મહિલા મંડળોને અગિયારસના દિવસે સત્સંગ કરવા માટે આહ્વાન કર્યું હતું. વધુમાં બાપુએ જ્ઞાતિ જાતિના વાડાઓ ભૂલીને સૌ હિંદુ ભાઈ બહેનોને એક થવા માટે હાકલ કરી હતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘુમંતુ કાર્યના સુરેન્દ્રનગર વિભાગ સંયોજક અને હિન્દુ સંમેલનમાં મુખ્ય વક્તા નીલકંઠભાઈ વાસુકિયા દ્વારા




આપણે કોણ છીએ, સનાતન હિન્દુ ધર્મ, નળકાંઠાનો સ્થાનિક ગૌરવશાળી ઈતિહાસ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના પુર્વેની સ્થિતી, સંઘ દ્વારા કરવામાં આવતા કાર્યો, સમાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, સ્વદેશીભાવ જાગરણ, નાગરિક કર્તવ્ય સહિતના વિષયો પર વક્તવ્ય આપવામાં આવ્યુ હતુ.

વિરાટ હિન્દુ સંમેલનમાં ઉપસ્થિત સાધુ - સંતો, મહેમાનો સાથે સૌ હિન્દુ ભાઈ બહેનો દ્વારા ભારતમાતાની સામુહિક આરતી ઉતારવામાં આવી હતી. કાર્યક્રમ બાદ સમુહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. વિરાટ હિન્દુ સંમેલનમાં સેવા - યોગદાન આપનાર સૌ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**વિરોધ** વરસાદ પડે ત્યારે દેડકાંઓ બહાર નીકળી પડે અને ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસ બહાર આવે-મુકેશ પટેલ

# ઓલપાડ દરિયાઈ કાંઠાની પટ્ટી ઉપર રૂ.૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર કોસ્ટલ હાઈવેનું ખાતમુહૂર્ત

## કાંઠાનાં પારડીઝાંખરી ગામે ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદ્દહસ્તે લિંક કોસ્ટલ હાઈવેનું ખાતમુહૂર્ત સમારોહ

• ઓલપાડ,તા.૧૫

ઓલપાડ તાલુકાની દરિયાઈ કાંઠાપટ્ટીનાં દાંડી-મોર- પારડીઝાંખરીથી કાંન્તિયાબાર(કંટિયાજાલ)સુધી રૂ. ૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર નવા લિંક રોડનું ખાતમુહૂર્ત સરકાર નાં પૂર્વ રાજ્યમંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદહસ્તે કાંઠાનાં પારડીઝાંખરી ગામેથી કરવામાં આવ્યું હતું. ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલની રજુઆતનાં પગલે રાજ્યનાં મુખ્યમંત્રીની ભલામણથી કેન્દ્ર સરકારે રૂ. ૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે મંજુર કરેલ નવા લિંક કોસ્ટલ હાઈવેનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા કહ્યું કે,દર વર્ષે વરસાદ પડે ત્યારે દેડકાંઓ જમીન બહાર નીકળી કૂદાકૂદ કરે, પરંતુ દર પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસનાં લોકો એક વાર બહાર આવી પ્રજાને લોભામણા ઠાલાં વચનો આપવાનું ચુકતા નથી.પરંતુ તાલુકાની જનતા અને મતદારો જાણે છે કે,ઓલપાડનો વિકાસ કોણ કરી રહ્યું છે.તેમણે વધુ પ્રહાર કરતા કહ્યું કે,

હાલમાં ઈરાન- ઈઝરાઈલ-અમેરિકા વચ્ચેનાં યુદ્ધની સ્થિતિમાં પણ કોંગ્રેસી નેતા રાંધણગેસનાં સિલન્ડરો ખભા ઉપર ઉંચકવાનું નાટક કરી ફોટો ફંક્શન દ્વારા ગેસની અછતની ખોટી અફવાઓ ફેલાવી પ્રજાને ગુમરાહ કરે છે.પરંતુ તેઓને શાંતિપ્રિય દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈની વિદેશનીતિ અને દેશનો વિકાસ કયારેય દેખાતો નથી.તેમણે વધુ કહ્યું કે,આ નવા લિંક રોડથી સુરતનાં દાંડીથી ભરૂચનાં કંટીયાજાલ વચ્ચેનું ૫૫ કિ.મી.નું અંતર ઘટી ૧૮.૯૧૬ કિ.મી.થશે અને આ માર્ગ હાંસોટ થઈ દહેજ બંદરને જોડશે.જેથી આ હાઈવેની આજુબાજુના કાંઠા વિસ્તારના ગામોમાં

ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થવાથી અહીંની જમીનની કિંમતો પણ વધતા

ખેડૂતોને ફાયદો થશે અને લોકોને એક નવી રોજગાર અને રોજી-રોટીની પણ તક ઉપલબ્ધ થશે. આ ઉપરાંત હજીરાથી ઓલપાડ થઈ નેશનલ હાઈવે ઉપર જતા માલવાહનો કોસ્ટલ હાઈવે ઉપર ડાયવર્ટ થવાથી ઓલપાડની ટ્રાફિક સમસ્યા હલ થશે. જેથી આ કોસ્ટલ હાઈવે કાંઠા વિસ્તારના



ગામો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

ગુજરાત રાજયમાં ૧૬૦૦ કિ.મી.લાંબો દરિયાઈ પટ્ટો આવેલ છે.જે પૈકી હાલમાં હજીરા ઔદ્યોગિક વિસ્તારનાં ગામોને ઓલપાડ કાંઠાનાં ગામો સાથે તેનારાંગ ગામની ખાડીનાં બ્રિજ દ્વારા જોડતો હયાત રાજ્યધોરી માર્ગ છે.ઓલપાડ દરિયાઈ કાંઠાનાં દાંડી ગામથી ભરૂચ જિલ્લાનાં કંટીયાજાલ ગામ વચ્ચે એક મિસિંગ લિંક છે.જે મિસિંગ લિંક ઓલપાડ તાલુકાનાં ચાર રાજ્યધોરી માર્ગો પૈકી(૧)સુરત- ઓલપાડ-સાહોલ, (૨)સુરત-દાંડી, (૩)ઓલપાડ-કરંજ(૪)ઓલપાડ-સરસ-કુદિયાણા

આ ચારે રાજ્ય ધોરી માર્ગ સાથે જોડાયેલી લિંક છે. આ નવો કોસ્ટલ હાઈવે પાર કરવા ઓલપાડની મહાકાય સેનાખાડી અને કીમ નદી ઉપર નવા બ્રિજ બનાવવામાં આવશે.જે કોસ્ટલ હાઈવે સાથે ઓલપાડ તાલુકાનાં આ ચારે માર્ગો જોડાતા રાજ્યનાં અનેક બંદરો અને જિલ્લાનાં વિવિધ ઔદ્યોગિક વિકાસને વેગ મળશે.જયારે ઓલપાડ કાંઠાનાં દાંડી-મોર-ભગવા-નેશ-પારડીઝાંખરી ગામના સ્થાનિક લોકોની પરિવહન સુવિધા,રોજગારી, સામાજિક-આર્થિક વિકાસ સહિત પર્યટન સ્થળો વિકસિત થવાથી આ ગામોને ફાયદો થશે.આ કોસ્ટલ હાઈવેનાં નિર્માણ બાદ હજીરા અને દહેજ પોર્ટનું સીધું જોડાણ થવાથી આ માર્ગોને અડીને નવા ઔદ્યોગિક એકમોનો માર્ગ મોકળો થવાથી સ્થાનિક લોકો માટે રોજગારીનાં દ્વાર ખોલશે. જયારે દાંડીથી ભરૂચ જિલ્લાનાં કંટીયાજાલ વચ્ચે નાં ૫૫ કિ.મી.ની લંબાઈ ધરાવતા આ માર્ગથી પહોંચવા માટે હાલ અંદાજીત દોઢ કલાકનો સમય જાય છે.પરંતુ હવે ૧૮,૯૧૬ કિ.મી.નાં કોસ્ટલ હાઈવેથી ૩૬ કિ.મી. નું અંતર ઘટી જવાથી માત્ર ૩૦ મિનિટનો સમય લાગશે તેમજ સમયનો બચાવ અને ઈંધર ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.

**દોઢથી બે મહિના પહેલા તેના ઈન્સ્ટાગ્રામ પર રીક્વેસ્ટ આવી હતી**

# ઈન્સ્ટાગ્રામ મિત્રતા બાદ યુવકે બે સંતાનોની માતાને લગ્ન માટે દબાણ ... વીડિયો વાઈરલ કરતા પોલીસ ફરિયાદ

**ફરિયાદ** અમદાવાદમાં રહેતી 30 વર્ષીય મહિલાએ આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાવી

• અમદાવાદ

અમદાવાદમાં સોશિયલ મીડિયા પર ચેટિંગ કર્યા બાદ એક યુવકે પરિણીત મહિલાને લગ્ન કરવા દબાણ કરી હેરાન કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. યુવકે મહિલાના ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરેલા વીડિયોનો ઓડિયો બદલી પોતાના અને અલગ અલગ એકાઉન્ટમાં અપલોડ કરીને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એટલું જ નહીં, આરોપીએ મહિલાને મળવા બોલાવી તેની સાથે હોટલમાં જઈ શારીરિક સંબંધ પણ બાંધ્યો હતો અને ત્યારબાદ ફરીથી લગ્ન કરવા દબાણ કરી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત મહિલાના મોબાઈલમાંથી સગા-સંબંધીઓના નંબર લઈને તેમને પણ વોટ્સએપ પર વીડિયો કોલ કરી ગાળો દીધી અને ધમકીઓ આપી હતી. લગ્ન માટે ના પાડતા આરોપીએ મહિલાને બદનામ કરી દેશે તેવી ધમકી આપતા અંતે પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદમાં રહેતી 30 વર્ષીય મહિલાએ આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. હાલમાં તે અમદાવાદમાં માતા-પિતા સાથે રહે છે અને નોકરી કરીને પોતાના બે નાના સંતાનોનું ભરણપોષણ કરે છે. તે અગાઉ સ્પામાં નોકરી કરતી હતી અને તેના કેટલાક વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરેલા હતા. આ દરમિયાન સોશિયલ મીડિયા પર ઓળખાણ થયેલા એક યુવકે લગ્ન માટે દબાણ કરી તેણીને




હેરાન કરવાનું શરૂ કર્યું હતું.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, દોઢથી બે મહિના પહેલા તેના ઈન્સ્ટાગ્રામ પર રીક્વેસ્ટ આવી હતી. રીક્વેસ્ટ એક્સેપ્ટ કર્યા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ અને ત્યારબાદ વીડિયો કોલ દ્વારા પણ વાત થઈ હતી. યુવકે પોતાનું નામ રાકેશ ઉર્ફે રોકી મગનભાઈ વાઢેર હોવાનું અને રાજકોટનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. વાતચીતમાં મહિલાએ પોતાની પરિસ્થિતિ જણાવી હતી. ત્યારબાદ યુવકે મહિલાને પતિથી છૂટાછેડા લઈ તેની સાથે લગ્ન કરવાની વાત કરી હતી, પરંતુ મહિલાએ લગ્ન કરવાની ના પાડી હતી. જે બાદ યુવકે મહિલાના ઈન્સ્ટાગ્રામ પર મુકેલા વીડિયોના ઓડિયો બદલી પોતાના અને અન્ય એકાઉન્ટ પર અપલોડ કરી દીધા હતા અને ધમકી આપી હતી કે, જો વાત નહીં કરે તો વીડિયો વાઈરલ કરી દેશે.

આ પછી યુવક મહિલાને મળવા માટે રાજકોટથી પાલડીમાં આવ્યો હતો અને વાતચીત દરમિયાન યુવકે મહિલાનો મોબાઈલ લઈ તેમાંથી સગા-સંબંધીના નંબર પણ લઈ લીધા હતા. ત્યારબાદ યુવક મહિલાને હોટેલમાં લઈ ગયો હતો. જ્યાં એકબીજાની મરજીથી શારીરિક સંબંધ પણ બાંધ્યો હતો. ત્યારબાદ યુવકે ફરીથી મહિલાને લગ્ન કરવા દબાણ કર્યું અને ના પાડતા મહિલાનો મોબાઈલ પોતાના પાસે રાખી લીધો હતો. આ પછી બીજા દિવસે મહિલા અને તેના બનેવી યુવકને મળવા લૉ ગાર્ડન ખાતે ગયા ત્યારે યુવકે ધમકી આપી કે જો મહિલા તેની સાથે લગ્ન નહીં કરું તો તેને બદનામ કરી દેશે. ત્યારબાદ યુવકે મહિલાના સગા-સંબંધીઓને વોટ્સએપ વીડિયો કોલ કરી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત મહિલાના સ્પાના વીડિયોનો ઓડિયો બદલીને મોકલ્યા હતા અને અલગ-અલગ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર અપલોડ કરી મને બદનામ કરવાનો પ્રયત્ન કરતા પીડિ મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# સંસાર માં માઁ થી મોટો કોઈ શબ્દ નથી; એક માતાએ પોતાના પુત્ર પાસેથી દીક્ષા લઈને તેને સાર્થક બનાવ્યો : હાર્દિક હુંડિયા

## આચાર્ય પ્રણામ સાગરજી દ્વારા પોતાની માતાને દીક્ષા આપવાની અનમોલ ભાવનાત્મક ક્ષણે ભક્તો અભિભૂત થઈ ગયા

દુનિયામાં માઁ થી મોટો કોઈ શબ્દ નથી; આ શબ્દમાં આખું બ્રહ્માંડ દેખાય છે. 'માતા વિશે હું શું કહી શકું? માતાએ પોતે જ આપણને બોલતા શીખવ્યું,' આ વાત જણાવતા ઓલ ઈન્ડિયા જૈન જર્નલિસ્ટ એસોસિએશનના રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક હુંડિયાએ કહ્યું કે તેમણે જીવનમાં ભાગ્યે જ જોવા મળતી ભાવનાત્મક દીક્ષા જોઈ.ભક્તાબંર વાળા બાબા આચાર્ય પ્રણામ સાગરજી ગુરુદેવની નીશ્રા હેઠળ,પંચમેરૂ માન અને માતૃ સંયમ મહોત્સવ ભક્તામર કલશ તીર્થ ભાંડગાંવ માં નિહાળવા નો અનમોલ અવસર મળ્યો. હાર્દિક હુંડિયાએ કહ્યું કે એક માતાએ પોતાના પુત્રને જૈન ધર્મની સેવા કરવા માટે ભગવાન મહાવીરના માર્ગ પર મોકલ્યા. સર્વ જીવોના કલ્યાણની ભાવના ધરાવતા ડૉ. આચાર્ય પ્રણામ સાગરજી, ભક્તામર વાલે બાબાના નામે દરેક ઘરમાં ભક્તામર જપની જ્યોત પ્રગટાવીને અને ભક્તામરનું મહાન મહત્વ સમજાવીને જૈન સમુદાયને જાગૃત કરવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. એક માતાએ પોતાના પુત્રને જૈન શાશન ને સમર્પિત કર્યા અને પુત્ર જૈન આચાર્ય




બન્યા અને જૈન ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. માતાએ પુત્રને અમૂલ્ય માર્ગ બતાવ્યો અને હવે પુત્ર પણ માતાને ભગવાનના માર્ગ પર અને સંયમ દ્વારા આ લોક અને પરલોક બંનેમાં સુધારણાના માર્ગ પર માર્ગદર્શન આપીને બીજો જન્મ આપી રહ્યા છે.હાર્દિક હુંડિયાએ કહ્યું કે જૈન ધર્મમાં, માતા અને પુત્રની આવી અમૂલ્ય જોડીને લાખ લાખ વંદન છે, જે પોતાના આત્મા તેમજ આપણા બધાના આત્માઓનું કલ્યાણ કરી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવ ગણાચાર્ય પુષ્પદંત સાગરજી, જગદગુરુ કુંથુ સાગરજી અને 57 પિંચીધારી મહાત્માઓ નાં વિશાળ સમૂહની હાજરીમાં, ઐતિહાસિક સંન્યાસને અલૌકિક બનાવવામાં આવ્યો. આ શુભ પ્રસંગે મુંબઈથી આવેલા હાર્દિક હુંડિયા, ભરત શાહ, ડૉ. ચેટર્જી, નિશાંત જૈનનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. દીક્ષાના આ અમૂલ્ય પર્વમાં સાક્ષી બની ને હૃદયમાં જૈન ધર્મ માટે પુત્ર અને માતાનો અમૂલ્ય પ્રેમ હતો. તેનો અનુભવ કરીને આ અમૂલ્ય પર્વ જોનારાઓએ દરેક પૂણ્યશાળી આત્મા પ્રત્યે આનંદના આંસુ અનુભવ્યા અને આ અમૂલ્ય પર્વ જોવા મળ્યો તે માટે પોતાને ભાગ્યશાળી માને છે .

# ચાંદખેડામાં ચાલતું કેનેડિયન નાગરિકોને ખંખેરતું ફેક કોલ સેન્ટર ઝડપાયું

• અમદાવાદ

અમદાવાદ સાયબર ક્રાઈમે ચાંદખેડા વિસ્તારના ન્યુ સીજી રોડ પર આવેલા સોંપાન હાઈટ્સના એક મકાનમાં દરોડો પાડીને આંતરરાષ્ટ્રીય સ્તરનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. અહીંથી કુશ પટેલ, હર્ષ પટેલ, આશુ પટેલ અને સુનિલ રાવત નામના ચાર શખસોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ કેનેડાના નાગરિકોને નિશાન બનાવી લાખોની ઠગાઈ આચરતા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ છેતરપિંડીના નાણાં શિવાંગ નામના યુવકના ખાતામાં ટ્રાન્સફર થતા હતા, જે હાલ પોલીસ પકડથી દૂર છે. સાયબર ક્રાઈમે આ ચારેય આરોપીઓ સામે ગુનો નોંધીને ફરાર પાંચમા સાથીદારની શોધખોળ તેજ કરી છે અને આ નેટવર્ક અન્ય કેટલા દેશો કે શહેરોમાં ફેલાયેલું છે તે અંગે તપાસ હાથ ધરી છે.

કેનેડા રેવન્યુ એજન્સીના અધિકારી બની કરતા ફોન મળતી માહિતી અનુસાર, આ ટોળકી કેનેડા રેવન્યુ એજન્સી અથવા બેન્કના અધિકારી હોવાનો ખોટો સ્વાંગ રચીને વિદેશી નાગરિકોને ફોન કરતી હતી અને તેમના બેન્ક એકાઉન્ટ જોખમમાં હોવાનો ડર બતાવી વિશ્વાસમાં લેતી હતી. ખાસ સોફ્ટવેર અને નકલી ડિજિટલ આઈડીનો ઉપયોગ કરીને તેઓ સામેની વ્યક્તિની અંગત વિગતો મેળવી લેતા અને ત્યારબાદ એકાઉન્ટ સુરક્ષિત કરવાના બહાને જુદી જુદી કંપનીના ગિફ્ટ કાર્ડ વાઉચર દ્વારા પૈસા પડાવી લેતા હતા. તપાસ દરમિયાન પોલીસને આરોપીઓ પાસેથી ઠગાઈ કરવા માટે તૈયાર રાખેલી સ્ક્રિપ્ટ, 6 લેપટોપ, 5 મોબાઈલ ફોન અને હેડફોન સહિત કુલ 1.87 લાખ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ છેતરપિંડીના નાણાં શિવાંગ નામના યુવકના ખાતામાં ટ્રાન્સફર થતા હતા, જે હાલ પોલીસ પકડથી દૂર છે. સાયબર ક્રાઈમે આ ચારેય આરોપીઓ સામે ગુનો નોંધીને ફરાર પાંચમા સાથીદારની શોધખોળ તેજ કરી છે અને આ નેટવર્ક અન્ય કેટલા દેશો કે શહેરોમાં ફેલાયેલું છે તે અંગે તપાસ હાથ ધરી છે.

# સંતરામપુરના ASP વિકાસ યાદવને સોંપાઈ મહત્ત્વની જવાબદારી



• ગાંધીનગર

ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. ગુજરાત ગૃહ વિભાગ દ્વારા 37 IPS અધિકારીની બદલી કરી હતી. ઘણી જગ્યાઓએ પોસ્ટને ડાઉનગ્રેડ (ઉચ્ચ હોદ્દા પરથી નીચેના હોદ્દામાં ફેરવવી) અથવા અપગ્રેડ કરવામાં આવી હતી. જેથી યોગ્ય ગ્રેડના અધિકારીઓની નિમણૂક કરી શકાય. આ આદેશો જાહેર હિતમાં તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા હતા. જો કે 6 માર્ચે થયેલી આ બદલીઓને હજી 10 દિવસ થયા છે ત્યાં વધારે એક આઈપીએસ અધિકારીની બદલીના આદેશ આપવામાં આવ્યા છે. સંતરામપુરમાં ASP તરીકે ફરજ બજાવી રહેલા વિકાસ યાદવની ગાંધીનગર ખાતે બદલી કરવામાં આવી છે. વિકાસ યાદવને હવે ગવર્નર ડ્યુટી ફાળવવામાં આવી છે. વિકાસ યાદવ હવે ગુજરાતનાં ગવર્નરની સુરક્ષામાં જોવા મળશે. વિકાસ યાદવ 2023 બેચના આઈપીએસ અધિકારી છે. આ ઉપરાંત તેઓ મહિસાગર જિલ્લાનાં સંતરામપુર ડિવિઝનમાં એએસપી તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

**એક જ વર્ષના ટૂંકા ગાળામાં ન્યાય મળ્યો**

# લોક અદાલતમાં 21 હજાર કેસોનો નિકાલ : અકસ્માત વળતરમાં એક જ પરિવારને 1.20 કરોડ ચૂકવાયા

• ગાંધીનગર

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં આયોજિત 'નેશનલ લોક અદાલત' ન્યાયિક ઈતિહાસમાં એક મહત્વની સાબિત થઈ છે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ આશિષ જે.એસ. મલ્હોત્રાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ અદાલતમાં પરસ્પર સમજાવટ અને મધ્યસ્થી દ્વારા એક જ દિવસમાં વિક્રમજનક 21,801 કેસોનો સુખદ અંત લાવવામાં આવ્યો છે.આ લોક અદાલતની સૌથી મોટી સફળતા મોટર અકસ્માત વળતરના કિસ્સાઓમાં જોવા મળી હતી. ઉવારસદ પાસે આઈશર ટ્રકની અડફેટે જીવ ગુમાવનાર સેલ્સ મેનેજરના પરિવારને વર્ષ 2025માં




નોંધાયેલા કેસમાં માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં ન્યાય અપાયો છે.

1.20 કરોડનો ચેક અર્પણ કરાયો જેમાં ટાટા એઆઈજી જનરલ ઈન્શયુરન્સ કંપની દ્વારા આ કેસમાં વારસદારોને એક કરોડ વીસ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. વકીલ એમ.જે. પરીખ અને એચ.બી. શાહના સક્રિય પ્રયાસોથી આટલી મોટી રકમનું સમાધાન શક્ય બન્યું હતું, જે ઝડપી ન્યાયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સ્પેશિયલ સીટિંગ દ્વારા 3,585 ફોજદારી કેસોનો નિકાલ સમગ્ર જિલ્લામાં વિવિધ શ્રેણીના કેસોમાં સમાધાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં લોક અદાલત પૂર્વેના 17,355 કેસો અને સ્પેશિયલ સીટિંગ દ્વારા 3,585 ફોજદારી કેસોનો નિકાલ કરાયો હતો. જ્યારે અકસ્માત વળતરના કુલ 275 કેસોમાં પક્ષકારો વચ્ચે કુલ રૂ. 6,05,47,000 ના વળતરની સમજૂતી થઈ હતી.સંવેદનશીલ કેસોમાં પણ પક્ષકારોએ કડવાશ ભૂલીને સંમતિ સાધીઆ ઉપરાંત ચેક રિટર્ન, લગ્ન વિષયક વિવાદો અને જમીન સંપાદન જેવા સંવેદનશીલ કેસોમાં પણ પક્ષકારોએ કડવાશ ભૂલીને સંમતિ સાધી હતી. આમ ગાંધીનગર જિલ્લાના તમામ બાર એસોસીએશન, જ્યુડિશિયલ ઓફિસરો અને મીડિએટરોની અથાગ મહેનતને પરિણામે અદાલતી કાર્યવાહીમાં પક્ષકારોના સમય અને નાણાંની મોટી બચત થઈ છે.

# પેથાપુરની સીમમાં ધમધમતા હાઈ પ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ

### 21 લાખના મુદ્દામાલ સાથે 21ને ઝડપ્યા, જુગાર રમવા માટે ખેતરમાં જગ્યા કરી આપનાર મુખ્ય સૂત્રધાર ફરાર



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ફતેપુરા ત્રણ રસ્તા પાસેના ખુલ્લા ખેતરમાં ગઈકાલે મોડી સાંજે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે પૂર્વ બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ કર્યો હતો. LCBએ લકઝરી ગાડીઓ લઈને જુગાર રમવા આવેલા 21 જુગારીઓને 2 લાખની રોકડ સહિત 21 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સપાટો બોલાવી છે. જોકે આ દરોડામાં મુખ્ય સૂત્રધાર નાસી છૂટવામાં સફળ રહ્યો છે. ગાંધીનગર LCBને ચોક્કસ બાતમી મળી હતી કે, ફતેપુરાથી દિપેશ્વરી મંદિર તરફ જવાના માર્ગે ડાબી બાજુએ આવેલા એક ખુલ્લા ખેતરમાં ગુડ્ડુ ભદોરિયા નામનો શખ્સ બહારથી જુગારીઓને બોલાવી મોટાપાયે જુગારધામ ચલાવી રહ્યો છતાં સ્થાનિક પોલીસ ઉંઘતી રહે છે. જેના પગલે LCBની ટીમો જુગારધામ પર ત્રાટકતા જ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે અગાઉથી ચારેય દિશા કાર્ડન કરી 21 જુગારીઓને આબાદ રીતે ઝડપી લીધા હતા.

જુગારીઓની પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ મુન્નેશ બુધ્ધસિંહ પ્રજાપતિ (કુબેરનગર, અમદાવાદ), નરેન્દ્ર પહેલવાનસિંગ પ્રજાપતિ (રામોલ, અમદાવાદ), રામપ્રસાદ રામજીલાલ પ્રજાપતિ (નારોલ, અમદાવાદ), રણજીત જગતસિંહ યાદવ (પેથાપુર, ગાંધીનગર), સંદિપ મુકેશભાઈ રાઠોડ (ન્યુ રાણીપ, અમદાવાદ), પ્રમોદકુમાર રામકુમાર ગુપ્તા (નવા વાડજ, અમદાવાદ), દિનેશ અત્તરસિંગ કુશવાહ (ચાંદલોડીયા, અમદાવાદ), રાજેન્દ્ર લક્ષ્મણસિંગ યાદવ (પીંપળજ, અમદાવાદ), પ્રેમસિંગ ગંભીરસિંગ રાઠોર (ચાંદલોડીયા, અમદાવાદ), રાહુલસિંગ અનારસિંગ પરીહાર ઠાકુર (ચાણક્યપુરી, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત અન્યોના નામ સોનુંસિંગ રામબિહારી જાટવ (ચાણક્યપુરી, અમદાવાદ,), મુકેશભાઈ કનુભાઈ ભરવાડ (નારોલ, અમદાવાદ), સુનિલકુમાર પ્રેમનારાયણ કહાર (મેઘાણીનગર, અમદાવાદ), ધીરેન અમરસિંહ રાઠોડ (ચાંદલોડીયા, અમદાવાદ), જીતુ સુરેન્દ્રસિંહ રાજપુત (મેઘાણીનગર, અમદાવાદ,), બબલુ રામસેવક રાઠોડ (ન્યુ રાણીપ, અમદાવાદ), વિક્કી કલ્યાણસિંગ કુશવાહા (ન્યુ રાણીપ, અમદાવાદ), અરવિંદ જગદીશ પાંડે (ચાંદલોડીયા), જીતેન્દ્રસિંહ મંગલસિંહ જાટવ (ચાણક્યપુરી, અમદાવાદ), માનસિંઘ રામવંશ કુશવાહ (ચાણક્યપુરી, અમદાવાદ,) અને ધર્મેન્દ્ર અમરસિંહ જાટવ (ચાણક્યપુરી, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું.આ અંગે PI ડી બી વાળાએ કહ્યું કે, તપાસમાં ખુલાસો થયો છે કે વોન્ટેડ મુખ્ય સૂત્રધાર ગુડ્ડુ ભદોરીયાએ આ તમામ લોકોને જુગાર રમવા માટે ખેતરમાં વ્યવસ્થા કરી આપી હતી. તે બદલ 5,000 રૂપિયા લેવાનું નક્કી કર્યું હતું. આ જુગારીઓ મોટાભાગે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના મૂળ વતની છે. જુગારીઓ પાસેથી 2.04 લાખ રોકડા, રૂ.1.25 લાખના 21 મોબાઈલ ફોન તેમજ વાહનો મળીને કુલ રૂ.21.04 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

---

**તોફાન** | ગંગારામની ભત્રીજી તેમજ અન્ય ત્રણ મહિલા ગાળાગાળી કરવા ધસી આવી

# અમરાઈવાડીમાં છરો લઈ તલવારની જેમ ફેરવી યુવતીએ બેફામ ગાળો ભાંડી

### દેશી દારૂના અડ્ડાઓ મામલે પાડોશીઓ વચ્ચેના ઝઘડામાં તોફાન મચાવી દીધું, પોલીસે તપાસ હાથ ધરી

• અમદાવાદ

અમદાવાદમાં દિન પ્રતિદિન અસામાજિક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. શહેરના અમરાઈવાડી વિસ્તારની પૂનમ શેઠની ચાલીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં એક યુવતી દ્વારા છરા જેવું હથિયાર બતાવવામાં આવી રહ્યું છે.પાડોશીઓ વચ્ચેના ઝઘડાનીઅદાવતમાંબેથીત્રણસગીરાસહિતની યુવતી દ્વારા બોલાચાલી કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે હાલ અમરાઈવાડી પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.અમદાવાદમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે દિન પ્રતિદિન જાહેરમાં મારામારીના બનાવો વધી રહ્યા છે. લાકડીઓ, દંડા અને તલવાર જેવા ઘાતક હથિયારો પર પ્રતિબંધ હોવા છતાં પણ જાહેર રોડ ઉપર મારામારીના બનાવો ઘટી રહ્યા નથી.આ વીડિયોમાં બે યુવતીઓ દ્વારા બોલાચાલી કરવામાં આવી રહી છે. તેમજ એક યુવતી દ્વારા હાથમાં છરા જેવું હથિયાર બતાવવામાં આવી રહ્યું છે. આ મામલે અમરાઈવાડી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમરાઈવાડીના



સંજય ચોક વિસ્તાર પાસે આવેલી ચાલીનો આ વિડિયો છે. જેમાં બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હોવાથી તેની અદાવતમાં થયેલી બોલાચાલીમાં છરા જેવું હથિયાર બતાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.આ મામલે નોંધાયેલી પોલીસ ફરિયાદ મુજબ, અમરાઈવાડીના ભીલવાડા વિસ્તારમાં સંજય ચોક પાસે આવેલી પૂનમ શેઠની ચાલીમાં ઉષાબેન પટેલ રહે છે. તેમનો નાનો દીકરો દીપક ઉર્ફે લીંબુ છે, જે પત્ની દિવ્યાબેન સાથે રહે છે. બે મહિના પહેલા તેના દીકરા દીપક તથા તેના મિત્ર અનિશ સાથે ચાલીમાં રહેતા ગંગારામ ગોસ્વામીને તેના મિત્રો સાથે મારામારી થઈ હતી. 14 માર્ચના રોજ રાત્રે દિવ્યા ઉષાબેનના ઘરે આવી હતી. જે સમયે રાત્રે 9 વાગ્યાની આજુબાજુ તેમની ચાલીમાં રહેતા ગંગારામભાઈની ભત્રીજી તેમજ અન્ય ત્રણ મહિલાઓ ઘરની બહાર આવીને અગાઉના ઝઘડાની અદાવત રાખી જેમ ફાવે તેમ ગાળો બોલી મારામારી કરવા લાગ્યા હતા. જેના પગલે ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો.

ત્યાર બાદ ઘર બહાર નહીં નીકળવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે અમરાવાડી પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપીઓને પકડવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. જોકે અમરાઈવાડી પોલીસ દ્વારા ફરિયાદમાં ક્યાંય પણ દેશી દારૂ અડ્ડાઓ ચાલવા મુદ્દે ઝઘડા અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંજય ચોક વિસ્તારમાં રહેતી એક મહિલા દ્વારા ચારથી પાંચ યુવતીઓ વિરુદ્ધમાં અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવેલી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે અમે પરિવાર સાથે રહીએ છીએ અને અમારી ચાલીમાં અસામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે. એક વ્યક્તિ દ્વારા દેશી દારૂનો અડ્ડો ચલાવવામાં આવે છે. જેના વિરુદ્ધમાં અમે બોલતા તેમના પરિવારની મહિલાઓ દ્વારા બોલાચાલી કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી છે.આ સમગ્ર મામલે હાલ અમરાઈવાડી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. દેશી દારૂના અડ્ડા ચાલતા હોવા બાબતે બોલાચાલી થયો હોવાનું જાણવા મળ્યું છે જોકે આ સમગ્ર મામલે હાલ પોલીસે પણ એક વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે.

---

### કોરોનાકાળ જેવી સ્થિતિ ન થાય તે પહેલા વતનની વાટ પકડી

# સુરતના વીવિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા પરપ્રાંતીયો વતન રવાના, રેલવે સ્ટેશન પર લાંબી લાઈન

**ફરિયાદ** | સ્થિતિ વધુ બગડે તે પહેલાં જ લોકોએ વતન જવાની શરૂઆત કરી દીધી

• સુરત

મિડલ ઈસ્ટમાં વધતા યુદ્ધનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે, તેને કારણે હવે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકોની હાલત રોજબરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે. ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાંચ ધણા ભાવે વેચાઈ રહી છે, જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવું નથી. ગેસ સંકડ વચ્ચે હવે તેમની ધીરજનાં બાણ ખુટી જતાં અને કોરોનાકાળ જેવી સ્થિતિ ન સર્જાય તેવા ડરથી પરપ્રાંતિઓ વતનની વાટ પકડી રહ્યાં છે. આજે 15 માર્ચે રેલવે સ્ટેશન પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.15 દિવસોથી મિડલ ઈસ્ટમાં યુદ્ધની વધી રહેલી કટોકટીને કારણે તેની સિધી અસર રસોઈથી માંડીને રોજીદાં જીવન ઉપર પણ પડી રહી છે. સામાન્ય 1200 રૂપિયાને ભાવે મળતો ગેસ સિલિન્ડર હવે 2500થી લઈને 3000 રૂપિયા કિંમત ચુકવ્યા બાદ પણ નથી મળી રહ્યો. રાંધણ ગેસની વધતી જતી કાળા બજારી વચ્ચે શ્રમિકો એ તેમના વતન જવુ વધૂ મુનાસિબ સમજી રહ્યાં છે.

છેલ્લા બે દિવસોથી સુરત અને ઉધના રેલવે સ્ટેશન ઉપર શ્રમિકો વતન તરફ પ્રયાણ કરતા નજરે ચડી રહ્યાં છે. સવારે 8:00 કલાકની ઉધના દાનાપુર ટ્રેન અને 10:30 કલાકે તાપ્તી ગંગા ટ્રેનમાં શ્રમિકોની મહત્તમ ભીડ જોવા મળી રહી છે. ટ્રેનમાં બેસવા રીતસર લાઈનો લાગી રહી છે.કોરોના જેવી સ્થિતિ ન સર્જાય તે માટે કામદારો વતન રવાનાઃ વિજય માંગુકિયા આ મામલે અંજની ઈન્ડસ્ટ્રીયલ અને વિવર્સ એસોશિએશનના પ્રમુખ વિજય માંગુકિયાએ જણાવ્યું હતું કે, અત્યારે તકવાદીઓ ગેસની અછત વચ્ચે તકનો લાભ ઉઠાવી રહ્યા છે. જે રીતે ભૂતકાળમાં કોરોનાકાળમાં લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને કામદારોને જે તકલીફ પડી હતી એ દોહરાય નહીં એના માટે કામદારોએ વતનની વાટ પકડી છે.

હાલમાં વીવિંગમાં જે સ્થિતિ સર્જાઈ છે તે જોતા 50% કામદારો અત્યારે એમના ગામ તરફ જતાં જોવા મળ્યા છે.ત્યાર પછી જે વીવિંગ ઉદ્યોગની અંદર 30થી 40 રૂપિયાનો ભાવ વધારો યાર્નના ડીલરો દ્વારા ઝીંકી દેવામાં આવ્યો છે એ પણ સ્થિતિ બગાડી રહ્યો છે. વીવર્સ પણ વિચારી રહ્યા છે કે, કારખાના કેવી રીતે ચલાવવા?જ્યારે કામદારોને ગેસના બાટલાની અછત હોય અને અમારા દ્વારા કલેક્ટરને સોમવારે લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવશે. અમે રજૂઆત કરીશું કે, જો 50થી 60% જ ગેસથી અમારી ફેક્ટરી વીવિંગ ઉદ્યોગ ચાલવાનો હોય તો અમારા ભાગનો જે મળવાપાત્ર ગેસ છે એ કામદારોને આપવામાં આવે, એટલે તેમનું જીવન ટકી રહે અને જીવનયાત્રા ચાલુ રહે. આ સાથે કંપનીઓ પણ ચાલુ રહે એવું અમે વિચારી રહ્યા છીએ.વધુમાં જણાવ્યું હતું કે, 50% જેટલા કામદારોએ વતનની વાટ પકડી છે અને જે ગેસ નથી મળી રહ્યો, જે રીતે તકવાદીઓ કરિયાણા સ્ટોર હોય કે પછી અન્ય ખાદ્ય પદાર્થોની ચીજવસ્તુઓ હોય કે પછી રેસીડેન્સીયલ વિસ્તારોની અંદર જે કામદારો જે વસે છે એ વિસ્તારોની અંદર કઈ પણ ચીજવસ્તુ હોય એમાં ભાવ વધારો આપવો પડતો હોય ત્યારે કામદારોમાં ચોક્કસ એક એવી સ્થિતિ ઉભી થઈ શકે એ વતન તરફ જઈ રહ્યા છે.યાર્નના ભાવની અંદર 30થી 40 રૂપિયાનો અલગ-અલગ ડેનિયરોમાં ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. એટલે ક્યાંક ને ક્યાંક એવી પણ સ્થિતિ છે કે, વીવર્સોએ જે ઓર્ડરો લીધેલા છે એ ઓર્ડરો પૂરા કરવા માટે થોડું-થોડું યાર્ન ખરીદી રહ્યા છે, પરંતુ આ તકનો લાભ ઉઠાવવાના જે પ્રયાસો છે એને ડામવા જોઈએ તેવી સરકાર અને તંત્ર પાસે અમારી માગ છે.

---

# જમીન વિવાદમાં ઘાતકી હુમલો:મેદરામાં જમીન પચાવી પાડવાના ઈરાદે હથિયારો સાથે ટોળાનો આતંક

### 25થી 30 લોકોના ટોળાએ હુમલો કરી તોડફોડ કરી: , તોડફોડ કરી સિક્યુરિટી ગાર્ડ્સ પર હુમલો

• ગાંધીનગર

ગાંધીનગરના મેદરા ગામની સીમના સર્વે 172ની જમીન પચાવી પાડવાના ઈરાદે 25 થી 30 જેટલા અજાણ્યા શખ્સોના ટોળાએ ઘાતક હથિયારો વડે સિક્યુરિટી ગાર્ડ્સ પર જીવલેણ હુમલો કરવામાં આવતા ડભોડા પોલીસે ટોળાં વિરુધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના મેદરા ગામની સીમમાં આવેલ સર્વે નંબર 172 વાળી જમીન પર સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા શિવાભાઈ રબારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈકાલે તેઓ અન્ય ગાર્ડ્સ અને ઈન્ચાર્જ જીગરભાઈ ચૌધરી સાથે હાજર હતા. ત્યારે અચાનક લાકડીઓ અને ધારિયા જેવા હથિયારો સાથે 25 થી 30 શખસોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું. બાદમાં હુમલાખોરોએ જમીન પર પોતાનો હક જતાવતા બૂમો પાડવાનું શરૂ કર્યું હતું અને બિભત્સ ગાળો આપી હતી. ગાર્ડ્સે બચાવ માટે લોખંડનો




દરવાજો અંદરથી બંધ કર્યો હોવા છતાં ઉશ્કેરાયેલા ટોળાએ દરવાજો તોડી પાડી અંદર પ્રવેશ કર્યો હતો. હુમલાખોરોએ ત્યાં મારેલા બોર્ડની પણ તોડફોડ કરી અંદાજે 22 હજારનું નુકસાન પહોંચાડ્યું હતું.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, હુમલામાં દીપક કમશી રબારી,બળદેવ પુંજા ભાઈ ચૌધરી ,બકુલ ધામેલીયા,,સ તીષ દેવાજી ઠાકોર, પ્રધ્યુમન ચંદ્રવિહાર પરમાર, સત્યેન્દ્રસિહ અમરસિંહ રાજપુર, અભય સંજયસિંહ રાજપુત , ડી. કે. રબારીના ટોળાંએ લાકડીઓ ધારીયા વડે હુમલો કર્યો હતો.

આ શખ્સોએ સિક્યુરિટી ગાર્ડ્સને ગડદાપાટુનો માર માર્યો હતો અને જો જમીન ખાલી નહીં કરે તો જાનથી મારી નાખીશું તેવી ગંભીર ધમકીઓ આપી હતી. બનાવ બાદ આસપાસના લોકો એકઠા થઈ જતા હુમલાખોરો હથિયારો સાથે ફરાર થઈ ગયા હતા. આ મામલે ડભોડા પોલીસે રાયોટિંગ, મારામારી અને પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# ડભોઈ ખાતે પીએમ કિસાન ઉત્સવ અને મિલેટ્સ મેળા'ની ભવ્ય ઉજવણી ૮૦૦થી વધુ ખેડૂતોની ઉપસ્થિતિ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ખાતે પીએમ કિસાન ઉત્સવ અને મિલેટ્સ મેળા'ની ભવ્ય ઉજવણી ૮૦૦થી વધુ ખેડૂતોની ઉપસ્થિતિ ડભોઈ જય જવાન, જય કિસાન' અને 'વિના સહકાર નહીં ઉદ્ધાર ના નારા સાથે ડભોઈમાં ખેતી અને ખેડૂતોના કલ્યાણ માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ડભોઈ સ્થિત સત્તર ગામ પટેલ સમાજ વાડી ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ અને મિલેટ્સ મેળા ધાન્ય મેળો ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ

આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકાના વહીવટી અધિકારીઓ તેમજ રાજકીય અગ્રણીઓએ હાજરી આપી ખેડૂતોનો ઉત્સાહ વધાર્યો હતો. મંચ પર મુખ્યત્વે નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા:

અશ્વિનભાઈ પટેલ ઉપપ્રમુખ, જિલ્લા પંચાયત રવિરાજ પરમાર: પ્રાંત અધિકારી, ડ ભો ઈ એમ. એચ. ચૌધરી: મદદનીશ ખેતી નિયામક ડો નિરવ પટેલ પશુપાલન વિભાગ

સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને ખે તીવાડી વિભાગના કર્મચારીગણકાર્યક્રમની મુખ્ય વિશેષતા આ મહોત્સવમાં ડભોઈ તા લુકાના વિવિધ ગામોમાંથી અંદાજે ૮૦૦થી વ ધુ ખેડૂતોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો . કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક ખે તી અને સરકારની યોજનાઓથી માહિતગાર કરવાનો હતો.પીએમ કિસાન યોજનાની સમજ: ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ મળતા લાભો અને તેની પ્રક્રિયા વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. મિલેટ્સ (શ્રી અન્ન) મેળો શરૂ થયેલા મિલેટ્સ અભિયાન અંતર્ગત બાજરી, જુવાર, રાગી જેવા જાડા ધાન્યના ફાયદા અને તેના વાવેતર માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

---

# ડભોઇ થી મિયાગામ કરજણ ડેમુ ટ્રેન સેવાનો આજથી થયો પ્રારંભ પ્રારંભ




• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ કરજણ વચ્ચે ટ્રેન સેવાની લીલી ઝંડી બતાવવામાં આવી ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા, વડોદરા વિભાગ ડી આર એમ રાજુ ભડકે.drucc મેમ્બર વંદન કુમાર પંડયા સહિતના અધિકારીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિ પશ્ચિમ રેલવે વડોદરા વિભાગ દ્વારા પ્રતાપ નગર થી વાયા ડભોઈ મિયાગામ કરજણ ટ્રેન સેવાનો કરાયો પ્રારંભ નેરોગેજ માંથી બ્રોડગેજ લાઈન તૈયાર થતાં જરૂરી ટેસ્ટિંગ બાદ રેલ સેવા શરૂ કરાઈ ડભોઈ થી મીયાગામ કરજણ તરફ દોડતી ટ્રેન નડા, બારીપુરા, મંડાળા અને કાયાવરોહણ તીર્થ જેવા સ્થળોએથી થશે પસાર: ટ્રેન સેવાનો લાભ મળતો થતા વિસ્તારના લોકોમાં આનંદ લાગણી વ્યાપી એકતા નગર તરફ જતી એક્સપ્રેસ ટ્રેનો ને ડભોઈ સ્ટોપેજ મળે તે માટે પણ વિસ્તારના સાંસદ અને ધારાસભ્યએ કરી હતી.

---

### છોટાઉદેપુર જિલ્લામાં સેવાસેતુ અભિયાનને સારો પ્રતિસાદ, કલારાણી ગ્રામ પંચાયત ખાતે યોજાયો હતો

# જેતપુર પાવી તાલુકા ના કલારાણી ગામે સેવાસેતુ 2.0 કાર્યક્રમ યોજાયો, ગ્રામજનોને એક જ સ્થળે સરકારી સેવાઓ મળી રહેશે

• ફકીરા ખત્રી ડભોઈ

છોટાઉદેપુર જિલ્લાના -જેતપુર તાલુકામાં સરકારની -જનકલ્યાણકારી યોજના સેવાસેતુ ૨.૦ ગ્રામ્ય બીજા તબક્કાનો કલારાણી ગ્રામ પંચાયત ખાતે યોજવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોના -નાગરિકોને સરકારી સેવાઓ -સરળતાથી અને સમયસર મળી રહે -તે હેતુસર યોજાયેલા આ કાર્યક્રમને -ગામલોકોમાં સારો પ્રતિસાદ મળ્યો હતો. પારદર્શક અને લોકો સુધી -સીધી સેવા પહોંચાડવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્યવિસ્તારના લોકોને વિવિધ પ્રમાણપત્રો, યોજનાઓની માહિતી, આવક-જાતિ દાખલા, પેન્શન સંબંધિત સેવાઓ સહિત અનેક સરકારી સુવિધાઓ એક જ



સ્થળે ઉપલબ્ધ કરવામાં આવે છે, જેથી લોકોને તાલુકા કે મામલતદાર કચેરીના ધક્કા ન ખાવા પડે તે હેતું થી કલારાણી પંચાયત ખાતે યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન છોટાઉદેપુર જિલ્લા કલેકટર ગાર્ગી જૈન આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ હાજર રહી ગામલોકોને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું અને જરૂરી સેવાઓ પૂરી પાડી. આ પ્રસંગે કલારાણી ગામ નાઅગ્રણીઓ અને રાજકીય હોદેદારો તેમજ આસપાસના ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સેવાસેતુ કાર્યક્રમને સરકારનો લોકો સુધી પહોંચતો લોકહિતનો પ્રયાસ ગણાવી તેનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અનેક ગ્રામજનોને જરૂરી દસ્તાવેજી કામગીરી, અરજી પ્રક્રિયા અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગામલોકોએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી સમય અને ખર્ચ બંનેની બચત થાય છે અને સરકારી સેવાઓ સરળતાથી પ્રાપ્ત થાય છે.ગ્રામ્ય વિકાસ અને પારદર્શક વહીવટ તરફ રાજ્ય સરકારના પ્રયાસરૂપે શરૂ કરાયેલા સેવાસેતુ ૨.૦ કાર્યક્રમથી જેતપુર તાલુકાના ગામડાઓમાં સરકારી સેવાઓ વધુ સુલભ બનશેજેમાં જિલ્લા પંચાયત ચેરમેન શ્રીમતિ નયનાબેન રાઠવા વરિષ્ઠ આગેવાનશ્રી ગોવિંદભાઈ રાઠવા માજી.જિલ્લા પ્રમુખ શ્રી ઉપેન્દ્રભાઈ રાઠવા ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચા ના કારોબારી સભ્ય ખત્રી હાજી મુબારક અલી કલારાણી વાલા તાલુકા મહામંત્રી શ્રી ચંદ્રસિંહભાઈ જિલ્લા કલેકટર શ્રીમતી ગાર્ગી બેન જૈન જિલ્લા પ્રાંત અધિકારી શ્રીમતિ મુસ્કાન બેન મામલતદાર અધિકારી શ્રેમતી સોનાલીબેન ઓઝા તાલુકા વિકાસ અધિકારી શ્રી તપનભાઈ સાહેબ કલારાણી જુથ ગ્રામ સરપંચ શ્રીમતી રિનલબેન નિલેશભાઈ રાઠવા વગેરે હાજર રહ્યા હતા

# સિદ્ધપુર તાલુકાના લવારા ગામે ઠાકોર ક્ષત્રિય સમાજની દીકરીઓના સમૂહ લગ્નમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે શુભેચ્છાઓ પાઠવી



સિધ્ધપુર તાલુકાના લવારા ગામે ઠાકોર ક્ષત્રિય સમાજની ૨૧ દીકરીઓના સામુહિક લગ્નમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતનો અનોખો સહયોગ સિધ્ધપુર તાલુકાના લવારા ગામે આજે ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત ૨૧ દીકરીઓના સામુહિક લગ્ન સમારોહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સામુહિક લગ્ન જેવા પવિત્ર અને જનહિતકારી આયોજનમાં સમાજના અગ્રણીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્થાનિક ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વર-કન્યાઓને આશીર્વાદ આપ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં ધારાસભ્યએ સામુહિક લગ્નને એક સામાજિક ક્રાંતિ ગણાવી હતી.પ્રાસંગિક પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે, 'સામુહિક લગ્ન જેવા આયોજનોથી સમાજના આર્થિક મધ્યમ વર્ગના પરિવારોને મોટી રાહત મળે છે. આનાથી દીકરીઓના પિતા પરનો આર્થિક બોજ ઘટે છે અને સમાજમાં દીકરીઓના લગ્નનો માર્ગ સરળ બને છે.' તેમણે સમાજના આવા પ્રયાસોને બિરદાવ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે આવા કાર્યક્રમો અન્ય સમાજો માટે પ્રેરણારૂપ બનશે.આ સામુહિક લગ્ન સમારોહમાં ક્ષત્રિય અગ્રણી નંદાજી ઠાકોર, સંતો મહંતો,આયોજક સમિતિ, ઠાકોર ક્ષત્રિય સમાજના મોભી અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ધારાસભ્ય અને તમામ શુભેચ્છકોનો આભાર માન્યો હતો.

# માહી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આસ્થા વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે દિવ્યાંગ બાળકોને ભોજન પ્રસાદીનું વિતરણ

• ગોસા(ઘેડ) તા.૧૫

પોરબંદરમાં સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવાનું કાર્ય કરતી શ્રી માહી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અવારનવાર સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તે અંતર્ગત આજ રોજ માહી ગ્રુપના એક સેવાભાવી સભ્યના સહયોગથી રામ ભરોસે આસ્થા વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે નિવાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ભોજન પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે માહી ગ્રુપના સેવાભાવી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દિવ્યાંગ બાળકો સાથે સમય વિતાવી તેમની સેવા કરવાનો લાભ લીધો હતો. સેવાકીય ભાવનાથી યોજાયેલા આ કાર્યક્રમથી દિવ્યાંગ બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

**વિરોધ** ફેરિયાઓ અને પાથરણાંવાળાથી ભદ્ર ફરીથી ધમધમતું થયું

# AMCએ વેરિફિકેશન કરીને વ્યવસ્થા ના કરતાં ગમે તેમ બેસી ગયા, ફરી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે

## હાઈકોર્ટના આદેશ બાદ પણ AMCએ કમિટીની રચના કરી નહીં

• અમદાવાદ

અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિર નજીક ભદ્ર પરિસરમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને ધંધો કરવા દેવા માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ભદ્ર પરિસરમાં કાયદેસરના ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને 21 માર્ચ સુધીમાં વેરિફિકેશન અને સર્ટિફિકેટ તપાસ કરીને નીતિ નિયમ મુજબ બેસવા માટે કહેવામાં આવ્યું છે.પરંતુ AMC દ્વારા વેરિફિકેશન કરીને વ્યવસ્થા ના કરાતાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓ પોતે ગમે તેમ બેસીને જાતે ધંધો શરૂ કરી દીધો છે. ભદ્ર પરિસરમાં મંદિરે દર્શન કરવા આવનારા લોકો અને હેરિટેજ વિસ્તારને જાળવવા માટે ભાજપના એસ્ટેટ અને લીગલ વિભાગના ચેરમેન દ્વારા ચૂંટણી નજીક આવતાની સાથે જ ભદ્ર પરિસર મુદ્દે ઢીલુ મૂકી દેવાતાં છેવટે ભદ્ર પરિસર ધમધમતું થયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારે આ બાબતે નિયમ મુજબ તપાસ કરવામાં આવી નહીં અને જે પણ ફેરિયાઓ બેસી ગયા તેમને બેસવા દેવામાં આવ્યા હતાં. જગ્યા ફાળવી અને વ્યવસ્થિત રીતે બેસવા દેવા દેવાની સૂચના છતાં પણ ગમે તે જગ્યા ઉપર બેસી ગયા હતાં.



હાઈકોર્ટના આદેશ બાદ તાત્કાલિક ધોરણે કોઈપણ પ્રકારની કમિટીની રચના કરી નહીં અને ભદ્ર બજાર ફરીથી ધમધમતું થઈ ગયું હતું. જોકે હવે આ વિસ્તારમાં ભદ્રકાળી મંદિરે દર્શન કરવા આવનારા અને વાહનો લઈને પસાર થનારા લોકોને ચોક્કસથી તકલીફ પડી શકે છે.

લાલ દરવાજાના ભદ્ર પરિસરમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓનો સર્વે કર્યા વિના તેમના હટાવવા બાબતે લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરીથી 586 ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને બેસવા દેવા માટે આદેશ કર્યો છે. ત્યારે 14 માર્ચે શનિવારથી જ ભદ્ર પરિસર ફરીથી ધમધમતું થઈ ગયું હતું.હાઈકોર્ટના આદેશને અનુસરીને AMC દ્વારા ત્રણ અધિકારી અને એક સિનિયર પોલીસ અધિકારી દ્વારા ફેરિયાઓને આપેલાં સર્ટિફિકેટની ચકાસણી કરીને ભદ્ર પરિસરમાં બેસવા દેવા માટેની પ્રક્રિયા પૂરી કરવા જણાવવામાં આવ્યું છે.જોકે, આ પ્રકારે સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવે તે પહેલાં જ ફેરિયાઓએ ભદ્ર વિસ્તારમાં પાથરણાં પાથરીને ધંધો કરવાનું શરૂ કરી દેવાને કારણે ભારે ભીડ જોવા મળી હતી. એક પણ ફેરિયાઓની પાસે કયા સંસ્થાના ફેરિયાઓ છે અને વ્યવસ્થિત રીતે ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમ એક જ લાઈનમાં અને પટ્ટા દોરી અને સરખી રીતે બેસવાનું હોવા છતાં પણ ફેરિયાઓ અને પાથરણાંવાળાઓ બેસી ગયા હતાં. મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારે આ બાબતે ધ્યાન આપ્યું નથી. ગેરકાયદેસર રીતે બેસતા ફેરિયાઓ અને પાથરણાંવાળાઓનો અને કબજો જમાવનારા લોકો સામે કાર્યવાહીની સૂચના છતાં પણ કોર્પોરેશનને કોઈ કાર્યવાહી કરી નહીં.સૂત્રોના જણાવ્યાનુસાર, હાઈકોર્ટના આદેશને પગલે ઘણાં સમય પછી ભદ્ર વિસ્તારમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને બેસવા દેવામાં આવશે. પરંતુ AMC રેકર્ડ પર નોંધાયેલા ફેરિયા- પાથરણાંવાળાઓની સરખામણીએ મોટી સંખ્યામાં પાથરણાંવાળાઓનો રાફડો ફાટી નીકળે તેવી શક્યતા છે અને તેના કારણે ટ્રાફિકની સમસ્યા વકરે તેવી શક્યતા છે.વધુમાં, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો દ્વારા AMC દ્વારા ભદ્ર વિસ્તારમાં ફેરિયાઓ અને પાથરણાવાળાને દૂર કરવા માટે દબાણની ગાડીઓ અને સ્ટાફને ખડે પગે રાખવા અને મશીનરીને કામે લગાડવાની કામગીરી કરાઈ હતી. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષોથી પેન્ડિંગ રહેલા કેસોમાં સફળતા મેળવનારા લીગલ કમિટી અને એસ્ટેટ વિભાગના બંને ચેરમેનો ભદ્ર પરિસરના મુદ્દે નિષ્ફળ ગયા હોય તેમ લાગી રહ્યું છે.

## પ્રાકૃતિક ખેતી આવનારી પેઢીને શુદ્ધ હવા,પાણી અને ફળદ્રુપ જમીન વારસામાં આપવાનો સેવાયજ્ઞ છે:આચાર્ય દેવવ્રતજી

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ઓલપાડ ખાતે 'પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ શિબિર યોજાઈ

**શિબિર યોજાઈ** જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયા અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે

• ઓલપાડ,તા.૧૫

ઓલપાડ કોલેજ ખાતે ગુજરાતનાં મહામુહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ની અધ્યક્ષતામાં રવિવારે પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ શિબિર કાર્યક્રમ યોજાયો હતો. ઓલપાડ કોલેજનાં હોલમાં ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ, ઉચ્છલ અને ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘનાં અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બંન્ને સંસ્થાઓનાં સંયુક્ત ઉપક્રમેયોજાયેલ આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે,આજના આધુનિક યુગમાં કેન્સર,ડાયાબિટીસ અને કિડની ફેલ થવા જેવી ગંભીર બીમારીઓનું મૂળ આપણી આહાર પદ્ધતિ અને રાસાયણિક ખેતી છે.છેલ્લા કેટલાય વર્ષોથી રાસાયણિક ખાતરો અને



જંતુનાશકોનો આડેધડ વપરાશને કારણે ધરતી સાથે માનવજીવન પણ જોખમમાં મુકાયું છે.જે રીતે જંગલોમાં કોઈપણ ખાતર કે દવા વગર વૃક્ષો લીલાછમ રહે છે,તે જ પ્રાકૃતિક સિદ્ધાંત હવે આપણા ખેતરોમાં અમલ કરવાનો સમય આવી ગયો છે.પ્રાકૃતિક ખેતી આવનારી પેઢીને શુદ્ધ હવા,પાણી અને ફળદ્રુપ જમીન વારસામાં આપવાનો એક સેવાયજ્ઞ છે.તેમણે વધુ કહ્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી પણ વધારે સૂક્ષ્મજીવાણુઓ છે અને ગૌમૂત્ર ખનિજોનો ભંડાર છે.જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયા અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે.જે કુદરતી રીતે જમીનને ફળદ્રુપ બનાવે છે.જૈવિક ખેતીમાં ઉત્પાદન ઓછું અને મહેનત વધુ થાય છે,જ્યારે પ્રાકૃતિક ખેતીમાં ઓછી મહેનતે વધુ ઉત્પાદન મળે છે. તેમણે દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અમલી થયું છે તેમ કહી ઉમેર્યું હતું કે,રાજ્ય સરકારના સહયોગથી આ મિશન હવે જન-આંદોલન બનતા ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.જો આપણે આવનારી પેઢીને કેન્સર જેવી ઘાતક બીમારીઓ થી બચાવવી હશે અને ખેડૂતોની આવક બમણી કરવી હશે તો પ્રાકૃતિક ખેતી સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.તેમણે કહ્યું કે દેશનાં કરોડો રૂપિયા યૂરિયા- ડીએપીની સબસીડી પાછળ વેડફાય છે.જો પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવે તો આ ખર્ચ બચી શકે છે. સરકાર પણ દેશના તમામ ખેડૂતોને આ સુરક્ષિત ખેતી પદ્ધતિ અપનાવવા માટે સતત પ્રેરિત કરી રહી છે અને આદિવાસી વસ્તી નાં ડાંગ જિલ્લાને સંપૂર્ણપણે 'પ્રાકૃતિક ખેતી ધરાવતો જિલ્લો' જાહેર કરવામાં આવ્યો છે.તેમણે વધુ કહ્યું કે,પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતી ઝેરમુક્ત વસ્તુઓની માંગ એટલી વધી છે કે, ગ્રાહકોએ વસ્તુઓ ખરીદવા માટે વેઈટિંગ કરવું પડે છે.આ પ્રસંગે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પ્રદર્શિત કરાયેલા અનાજ-ફળો,પ્રાકૃતિક ખાતર(જીવામૃત, ઘનજીવામૃત) પ્રદર્શન ને નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ઓલપાડ-ચોર્યાસી સંઘના પ્રમુખ જયેશ પટેલની ટીમ,ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ યોગેશભાઈ ગામીત,ઘી પુરુષોત્તમ ફાર્મર્સના મનહરભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, સરકારી તંત્રનાં અધિકારીઓ સહિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સરસપુર શ્રી બાલાહનુમાનજી મંદિર દ્વારા વિશ્વ શાંતિ મહાયજ્ઞ યોજાયો

માનનીયશ્રી, શ્રી બાલાહનુમાનજી મંદિરના માનદ્ ચીફ ઓ-ઓર્ડિનેટર હેમેન્દ્ર બાગડી ધર્મપ્રચારક શ્રી નિત્યાનંદજી મહારાજ, શ્રી વિદ્યાનંદ ચૌધરી એક સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે વૈશ્વિક યુદ્ધની અશાંતિ અને પરમાણુ વિનાશના ભય વચ્ચે માનવ જાતના રક્ષણ માટે આજે સરસપુરના 150 વર્ષ પ્રાચીન શ્રી બાલા હનુમાનજી મંદિર ખાતે ભવ્ય વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવી હતું.

ધર્માચાર્ય તથા મહામંડલેશ્વર સ્વામીશ્રી અખિલેશ્વરદાસજી મહારાજની હાજરીમાં ૩૦ પ્રખર વેદપાઠી બ્રાહ્મણો દ્વારા કરાયેલ ગગનભેદી મંત્રોચ્ચારથી આખુ વાતાવરણ પવિત્ર અને ઉર્જાથી તરબતર બની ગયું હતું. વિજ્ઞાન અને મંત્રશક્તિનો તર્ક આપતા આ પ્રસંગે શ્રી બાલા હનુમાનજી મંદિરના માનદ ચીફ કો-ઓર્ડિનેટર શ્રી હેમેન્દ્ર બાગડીએ એક પ્રબળ તર્ક રજૂ કરતા જણાવ્યું હતું કે જો એક અણુધડાકાના વિનાશના તરંગો હજારો કિલોમીટર સુધી વિનાશ નોતરી શકતા હોય તો વેદના મંત્રોની હકારાત્મક ઉર્જા વિશ્વમાં શાંતિ કેમ ન લાવી શકે? સ્થાનિક ધારાસભ્ય શ્રી




દિનેશસિંહ કુશવાહે જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે કે, આખું વિશ્વ એક પરિવાર છે તેના કલ્યાણ માટે પ્રાર્થના કરવી જોઈએ એજ અમારો એક માત્ર લક્ષ્ય છે. સ્થાનિક મ્યુનિ. કાઉન્સીલરશ્રી ભાસ્કર ભટ્ટએ જણાવ્યું હતું કે, આ યજ્ઞ એ વિજ્ઞાન અને અધ્યાત્મિકતાનો સમન્વય છે અને બારૂદના ધુમાડા સામે ગાયના ઘી અને જડીબુટ્ટીઓના પવિત્ર ધુમાડો કરી રહ્યા છે. જે વાતાવરણને શુદ્ધ કરવાની સાથે મનુષ્યની હિંસક બુદ્ધિને પણ શાંત કરે છે. હવન કરવાથી યુદ્ધ અટકી જશે? તેવા પ્રશ્નનો જવાબ શ્રી બાલાહનુમાનજી મંદિરના માનદ્ ચીફ ઓ-ઓર્ડિનેટર હેમેન્દ્ર બાગડીએ જણાવ્યું હતું કે આસ્થા એ આખી દુનિયાનો આધાર છે. વિજ્ઞાન કહે છે કે બ્રહ્માંડના તરંગો (વાયબ્રેશન) પર ચાલે છે. અમે આ યજ્ઞ દ્વારા વાતાવરણમાં શાંતિ અને સકારાત્મકતાના તરંગો ફેલાવી રહ્યા છીએ જ્યારે લાખો લોકો એક સાથે શાંતિનો સંકલ્પ કરે ત્યારે તે શાસકોની હિંસક બુદ્ધિને પણ બદલી શકે છે. આ અમારો આધ્યાત્મિક વિરોધ છે. અમારો એક જ સંદેશ છે કે વિનાશ નહીં વિશ્વ શાંતિ જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે ભારત ફરી એકવાર વિશ્વ ગુરુ તરીકે શાંતિનો માર્ગ બતાવે.

# જૂના જમીન વિવાદના દાવાની વિગતો છુપાવી દાખલ કરાયેલો નવો દાવો રાણાવાવ કોર્ટમાં નામંજુર

• ગોસા(ઘેડ) તા.૧૫

પોરબંદર જીલ્લાના રાણાવાવ ખાતે જમીન સંબંધિત એક મહત્વપૂર્ણ કેસમાં રાણાવાવના પ્રિન્સીપાલ સીવીલ જજ શર્મા દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. અગાઉ થયેલા દાવાની વિગતો છુપાવીને નવો દાવો દાખલ કરવામાં આવે તો તે દાવો કાયદેસર માન્ય ગણાતો નથી અને તેને રદ કરી શકાય છે તે બાબતને કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કરી છે. રાણાભાઈ ઓધડભાઈ મોરી તથા લક્ષ્મીબેન ઓધડભાઈ મોરી દ્વારા રાણાવાવ તાલુકાના રાણા વડવાળા ગામની રેવન્યુ સર્વે નં. ૫૪૪ ની જમીન અંગે નવો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં જમીનના ખરીદનાર ચંદ્રિકાબેન નાથાભાઈ ઓડેદરા તથા ત્યારબાદના ખરીદનાર માલદેભાઈ ગીગાભાઈ ઓડેદરા સહિતના પ્રતિવાદીઓ સામે દસ્તાવેજો રદ કરાવવાની માંગ કરવામાં આવી હતી.પરંતુ આ દાવામાં વાદી દ્વારા અગાઉ આ જ જમીન સંબંધે થયેલા વિવાદો તથા કોર્ટ કેસોની વિગતો છુપાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ જમીન સંબંધે અગાઉ મહેસુલ સચિવ સુધી વિવાદો ચાલી ચૂક્યા હતા અને વર્ષ ૨૦૧૨ માં તે અંગે હુકમો પણ આપવામાં આવ્યા હતા. ઉપરાંત વાદી દ્વારા અગાઉ પોરબંદર કોર્ટમાં સ્પેશિયલ સિવિલ સુટ નં. ૬૫/૨૦૧૬ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં જમીનના વેચાણ પર મનાઈ હુકમ માંગવામાં આવ્યો હતો. તે અરજી તા. ૧૭/૦૧/૨૦૧૮ના રોજ કોર્ટે નામંજુર કરી હતી અને ત્યારબાદ તા. ૩૦/૧૦/૨૦૧૮ના રોજ તે દાવો વિથડ્રો પણ કરી દેવામાં આવ્યો હતો.

આ તમામ મહત્વપૂર્ણ વિગતો છુપાવીને રાણાવાવની કોર્ટમાં રેગ્યુલર સિવિલ સુટ નં. ૨/૨૦૨૬ દાખલ કરવામાં આવ્યો હતો. પ્રતિવાદીઓ વતી પોરબંદરના જાણીતા એડવોકેટ દિપકભાઈ લાખાણી અને ભરતભાઈ લાખાણી દ્વારા સી.પી.સી. ઓર્ડર-૭ રૂલ-૧૧(ડી) હેઠળ અરજી કરી દાવો રદ કરવાની માંગ કરવામાં આવી હતી.

# ડભોઈ માં મેડિકલ વેસ્ટનો આતંક: નર્મદા કેનાલ પાસે કચરાના ઢગલા



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ માં મેડિકલ વેસ્ટનો આતંક: નર્મદા કેનાલ પાસે કચરાના ઢગલા, તંત્ર ઘોર નિદ્રામાં કે મિલીભગત ડભોઈ નગરના સિનોર ચોકડી વિસ્તારમાં આવેલી હોસ્પિટલો દ્વારા માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ સાથે ગંભીર ચેડાં કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વેરાઈ માતા વસાહત પાસે પસાર થતી નર્મદા કેનાલના કિનારે મોટી માત્રામાં જોખમી બાયો-મેડિકલ વેસ્ટ ફેંકવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે શું છે સમગ્ર મામલો ડભોઈ સિનોર ચોકડી આસપાસ આવેલી ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક્સ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને દવાખાનાનો વેસ્ટ ખુલ્લામાં ફેંકવામાં આવી રહ્યો છે. કેનાલની આસપાસના દ્રશ્યો ચોંકાવનારા છે:

## ચણા વેચવા ખેડૂતોને ૮૦-૮૫ કિ.મી. દૂર પોરબંદર જવું પડે, કેન્દ્ર ન ખોલાય તો ખેડૂતોને સાથે લઈ આપની આંદોલનની ચીમકી

# પોરબંદર માં ચણાનું હબ ગણાતા ઘેડમાં ખરીદ કેન્દ્ર નહીં : ખેડૂતોમાં ભારે રોષ

• ગોસા(ઘેડ) તા.૧૫

પોરબંદર જિલ્લામાં ઘેડ પંથક ચણાના ઉત્પાદન માટે હબ તરીકે ઓળખાય છે, છતાં જિલ્લામાં ઘેડ વિસ્તારમાં ચણાનું સરકારી ખરીદ કેન્દ્ર ફાળવવામાં આવ્યું નથી. અન્ય જિલ્લાઓમાં ૨૫ કિમીની અંદર ખરીદ કેન્દ્રો ઉપલબ્ધ હોવા છતાં પોરબંદર જિલ્લામાં આવી સુવિધા ન હોવાને લઈને અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે.આ મુદ્દે પોરબંદર જિલ્લા આમ આદમી પાર્ટીના મહામંત્રી અને ખેડૂત આગેવાન હિતેષભાઈ મોઢવાડિયાએ અખબારી યાદી મારફતે સરકાર પાસે ઘેડ વિસ્તારમાં ચણાનું ખરીદ કેન્દ્ર ફાળવવાની માંગ કરી



છે. સાથે જ ચેતવણી આપી છે કે જો ઘેડ વિસ્તારમાં ચણાનું ખરીદ કેન્દ્ર ફાળવવામાં નહીં આવે તો ખેડૂતોને સાથે રાખીને આંદોલન કરવાની ફરજ પડશે.ઓણસાલ મેઘરાજાની મહેરબાનીથી ચોમાસા બાદ શિયાળાની રવિ સીઝનમાં પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારમાં ચણા અને ઘઉંનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થયું છે. ઘેડ પંથકના ગરેજ, મહિયારી, બળેજ, કડછ, મંડેર, અમીપુર સહિતના ગામોમાં મુખ્યત્વે ઘઉં અને ચણાનો પાક લેવામાં આવ્યો છે.સરકાર દ્વારા રવિ સીઝનના પાકને લઘુત્તમ ટેકાના ભાવે ખરીદવા માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જે યાર્ડ તેમજ ગ્રામ પંચાયતોના ઈ-કેન્દ્રો પરથી કરવામાં આવે છે. પરંતુ ઘેડ વિસ્તારના ખેડૂતોને પોતાની ઉપજ વેચવા માટે પોરબંદર યાર્ડ સુધી અંદાજે ૮૦ થી ૮૫ કિલોમીટરનું અંતર કાપવું પડે છે, જેના કારણે ખેડૂતોને સમય તેમજ આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઘેડ વિસ્તારના ખેડૂતોને સરળતા રહે તે માટે ઘેડમાં જ ચણાના પાક માટે રજીસ્ટ્રેશન તથા સરકારી ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવે તેવી માંગ હિતેષભાઈ મોઢવાડિયાએ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે સરકાર ખેડૂતલક્ષી યોજનાઓ અને સંવેદનશીલ નિર્ણયોની વાત કરે છે, ત્યારે ઘેડ વિસ્તારના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે અને ઘેડમાં ચણાનું અલગથી સરકારી ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવે.

રિપોર્ટર : વિરમભાઈ કે. આગઠ

# રાજ્યની પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓને એક જ દિવસમાં રૂ. 1100 કરોડના વિવિધ વિકાસ કામો મળ્યા

## આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

પંચમહાલના ચાર આદિજાતિ તાલુકાના 79 ગામોના 130 તળાવો પાનમ આધારિત ઉદવહન સિંચાઈ યોજના પાઈપલાઈનથી ભરાશે. 206 કિલોમીટર લાંબી સિંચાઈ પાઈપલાઈન થી 86 હજાર એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ દાહોદને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતમાં લીડ લેનારો ઈન્સપિરેશનલ જિલ્લો બનાવવો છે. આ વર્ષના ચાર લાખ કરોડના ઐતિહાસિક બજેટમાં રૂ. 485 કરોડ આદિજાતિ વિસ્તારોમાં લિફ્ટ ઈરિગેશન માટે ફાળવાયા ત્રણ આદિજાતિ જિલ્લાઓમાં નર્મદા આધારિત લિફ્ટ ઈરિગેશનથી 18 તાલુકાના 51480 હેક્ટર વિસ્તારને સિંચાઈ લાભનું પ્રાવધાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓ પંચમહાલ અને દાહોદ માં એક જ દિવસમાં 1100 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિતોને વરિયતાના કાર્યમંત્ર સાથે આદિવાસીઓના સર્વગ્રાહી વિકાસના આપેલો વિચાર ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સાકાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં પંચમહાલ જિલ્લામાં 732 કરોડ રૂપિયાના 112 કામો તથા દાહોદ જિલ્લામાં 367 કરોડ રૂપિયાના 1200થી વધુ કામોની ભેટ આદિજાતિ પરિવારોને આપી હતી. શ્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબાના 79 ગામોના 130 તળાવમાં પાનમ જળાશયનું પાણી પહોંચાડવાની અંદાજે રૂપિયા 406 કરોડની ઉદવવહન સિંચાઈ પાઈપલાઈન યોજનાનું લોકાર્પણ કર્યું હતું. આ યોજનાના પરિણામે અંદાજે 86 હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધા મળતી થશે. પાનમ જળાશયમાંથી આ હેતુસર 236 ફૂટ ઊંચાઈથી પાણી લિફ્ટ કરીને 205 કિલોમીટર લાંબી વિતરણ પાઈપલાઈન મારફતે વહેવડાવવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાણીને જ વિકાસનો મુખ્ય આધાર ગણવાતા આ અવસરે કહ્યું કે, રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં અત્યાર સુધીમાં રૂ. 3160 કરોડના ખર્ચે 11 ઉદવાહન સિંચાઈ યોજનાથી 2 લાખ 23 હજાર એકર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારના આ વર્ષના ૪ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક બજેટમાં પણ આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની સગવડ આપવા 485 કરોડ રૂપિયાની જોગવાઈ લિફ્ટ ઈરિગેશન માટે સુનિશ્ચિત કરી છે. તેમણે પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, રોડ નેટવર્ક, પાણીની સુવિધાના વિકાસ કામોની ભેટ આપી હતી.વડાપ્રધાનશ્રીએ જાહેર કરેલા આકાંક્ષી જિલ્લાઓ-એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટમાં સમાવેશ થયેલા દાહોદ જિલ્લાને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં લીડ લેનારો ઈન્સ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ બનવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આહવાન કર્યું હતું.

આ લોકાર્પણ અને ખાત મુહુર્ત અવસરે મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય મંત્રીશ્રી રમેશભાઈ કટારા અને પી.સી.બરંડા, સાંસદશ્રી રાજપાલસિંહ જાદવ, શ્રી જશવંતસિંહ ભાભોર, રાજ્યસભા સાંસદશ્રી ડૉ. જસવંતસિંહ પરમાર, બંને જિલ્લાના ધારાસભ્યોશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, બંને જિલ્લાના કલેક્ટરશ્રીઓ સહિતના વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા.

**રજૂઆત** ભરતી સમયે જે ખાતરી અપાઈ તે સુવિધા મળતી ન હોવાની રજૂઆત

# ગુજરાત મેટ્રો રેલના 100 સિક્યુરિટી ગાર્ડ હડતાળ પર:પગાર, હક્ક રજા સહિતના પ્રશ્ને ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પર વિરોધ પ્રદર્શન

## સિક્યુરિટી ગાર્ડ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભરતી સમયે તેમને જે પગાર અને સુવિધાઓ અંગે ખાતરી આપવામાં આવી હતી

• અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (મેટ્રો રેલવે)માં રેલવે સ્ટેશન પર સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવનારા કર્મચારીઓ આજે 15 માર્ચના રોજ બપોરે હડતાલ પર ઉતરી ગયા હતા. ઈન્કમટેક્સ નજીક ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન ખાતે 100 જેટલા સિક્યુરિટી ગાર્ડ દ્વારા ભેગા મળી વિરોધ નોંધાવ્યો હતો. સિક્યુરિટી ગાર્ડના આક્ષેપ છે કે, તેમને નક્કી કરેલા પગાર કરતા ઓછો પગાર આપવામાં આવે છે. હકની રજા આપવામાં આવતી નથી અને ઓવરટાઈમનો પણ ચૂકવતો પગાર આપવામાં આવતો નથી. જે સુપરવાઈઝરને તેમણે ફરિયાદ કરી હતી અને તેમણે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા તેમને પણ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે જેથી તેમને નોકરીમાં પરત લેવામાં આવે અને માંગણીઓ પૂરી કરવામાં આવે તેવી માંગ સાથે વિરોધ કર્યો હતો.



અમદાવાદની લાઈફ લાઈન ગણાતી એવી મેટ્રો ટ્રેનમાં રેલવે સ્ટેશન અને અન્ય જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સિક્યુરિટી ગાર્ડોએ ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન નીચે ભેગા થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. અંદાજે 100 જેટલા ગાર્ડોએ ગૌરવ સિક્યુરિટી એજન્સી સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. પુષ્પાબેન રાજપૂત નામના મહિલા સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું કે, ગૌરવ સિક્યુરિટીમાં અમે નોકરી કરીએ છીએ અગાઉ અમને 496 રૂપિયા પ્રતિ દિવસના ચૂકવવામાં આવતા હતા હવે 476 રૂપિયા આપવામાં આવે છે આ બાબતે અમે અમારા સુપરવાઈઝર નીનામા સાહેબને વાત કરી હતી તેમણે ઉપરી અધિકારીને રજૂઆત કરી હતી. ઉપરી અધિકારીના રજૂઆત કરતા સિક્યુરિટી ગાર્ડનો પક્ષ કેમ લો છો એમ કહી અને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા જેથી તેમને નોકરીમાં પરત લાવવાની પણ માંગ કરી છે.

સિક્યુરિટી ગાર્ડ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભરતી સમયે તેમને જે પગાર અને સુવિધાઓ અંગે ખાતરી આપવામાં આવી હતી, તે મુજબ સુવિધાઓ આપવામાં આવતી નથી. તેમને નક્કી કરેલા પગાર કરતાં ઓછો પગાર આપવામાં આવે છે અને ઘણી વખત પગારમાં કાપ પણ કરવામાં આવે છે. ગાર્ડોએ આક્ષેપ કર્યો કે પૂરતી રજા આપવામાં આવતી નથી અને જો કોઈ ગાર્ડ રજા માંગે તો તેને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવે છે.

આ ઉપરાંત ગાર્ડોએ કહ્યું કે તેમની પાસેથી લાંબા સમય સુધી ડ્યૂટી કરાવવામાં આવે છે અને ઘણી વખત જબરદસ્તી ઓવરટાઈમ પણ કરાવવામાં આવે છે. પરંતુ તે ઓવરટાઈમનો કોઈ વધારાનો પગાર ચૂકવવામાં આવતો નથી. સાથે જ જે સુપર વાઈઝર સિક્યુરિટી ગાર્ડના હક માટે લડતા હતા તેમને પણ નોકરી પરથી કાઢી મુકવામાં આવ્યા છે. આ સમગ્ર માંગ અને તેમના સુપરવાઈઝરને નોકરીમાં પરત લેવા મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

અકસ્માતની ગણતરીની મિનિટો પહેલાં જ 'મોં માં હોય હોંકારો...' ગીત સાથે યુવકોએ સ્પીડનો વીડિયો પોસ્ટ કર્યો હતો

# જેતપુર નજીક ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવાની ઘેલછામાં સર્જાયો ગોઝારો અકસ્માત: બે યુવાનોનાં કમકમાટીભર્યા મોત

**કારના ફુરચા ઊડી ગયા** ૧૧૮ની સ્પીડે દોડતી નવીનક્કોર વર્ના કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ

• જેતપુર, તા. ૧૫

રાજકોટ-પોરબંદર હાઈવે પર જેતપુર નજીક પેઢલા ચોકડી પાસે સોશિયલ મીડિયા પર રફતારનો શોખ પ્રદર્શિત કરવાની લ્હાયમાં ગત રાત્રિના એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડતી એક કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતાં બે યુવાનોનાં ઘટનાસ્થળે અને સારવાર દરમિયાન કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરથી ધોરાજી તરફ 'એપ્લાય ફોર રજીસ્ટ્રેશન' વાળી કાળા રંગની નવીનક્કોર વર્ના કાર પૂરપાટ ઝડપે જઈ રહી હતી. બાલકૃષ્ણ ફાર્મ પાસે ચાલકે સ્ટિયરિંગ પરનો



કાબૂ ગુમાવતાં કાર સીધી ડિવાઈડર અને ફાર્મની દીવાલ સાથે ટકરાઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે કારનું બોનેટ અને પાછળનું ટાયર ઉખડીને દૂર ફંગોળાઈ ગયા હતા અને કારના ફુરચા ઊડી ગયા હતા.આશ્ચર્યજનક બાબત એ છે કે, આ દુર્ઘટનાની ગણતરીની મિનિટો પહેલાં જ કારમાં સવાર યુવકોએ ૧૧૮ કિ.મી. પ્રતિ કલાકની સ્પીડ દર્શાવતો અને 'મોં માં હોય હોંકારો, ભેળો હોય ભાઈ મારો, જીવવું છે વટમાં...' ગીત સાથેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર અપલોડ કર્યો હતો. સોશિયલ મીડિયા પર સ્પીડનો રોફ જમાવવાનો આ શોખ અંતે જીવલેણ સાબિત થયો હતો.આ કાળમુખા અકસ્માતમાં કારમાં સવાર ૩ મિત્રો પૈકી ૨૦ વર્ષીય અવધ અરવિંદ તિવારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા દિશાંતપરી ઉર્ફે દેવરાજ જનેશપરી ગોસાઈ (ઉ.વ.૨૦)નું જૂનાગઢ ખાતે વધુ સારવાર દરમિયાન મોત થયું હતું. અન્ય એક મિત્ર અક્ષય પ્રવિણ વાઘેલા (ઉ.વ.૨૦)ની જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર ચાલી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક અવધ તિવારી ગુનાહિત ભૂતકાળ ધરાવે છે અને તેની સામે અગાઉ પાસા, મારામારી અને અપહરણ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અકસ્માતની જાણ થતાં જ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ એમ. એમ. ઠાકોર સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ક્ષતિગ્રસ્ત વાહનને હટાવી હાઈવે પરનો ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો અને અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવાનોના મોતના પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.આજકાલ યુવાનોમાં સોશિયલ મીડિયા પર ફેમસ થવાની અને વધુ 'લાઈક્સ' કે 'વ્યૂઝ' મેળવવાની આંધળી દોટ લાગી છે. ઈન્સ્ટાગ્રામ પર રોફ જમાવવા માટે જીવના જોખમે સ્ટંટ કરવા કે પૂરપાટ ઝડપે વાહન ચલાવવાના વીડિયો મૂકવાનો ક્રેઝ હવે કાળમુખો સાબિત થઈ રહ્યો છે.

# ગેસની બોટલની અછત અને ગેસના ભાવ વધારા ને લઈને રાણપુર શહેરમાં કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યુ

## વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી



ગેસની બોટલની અછત અને ગેસના ભાવ વધારા ને લઈ બોટાદ જીલ્લાના રાણપુર માં કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો.રાણપુર શહેરમાં કોંગ્રેસ દ્વારા ગેસની બોટલ ની અછત અને ભાવ વધારા ને લઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. રાણપુર શહેરમાં ચાર રસ્તા પાસે કોંગ્રેસના કાર્યકરો દ્વારા ગેસના ચૂલા સાથે ગટરમાંથી ગેસ બને તેનો લાઈવ ડેમો કરી વિરોધ કરવામાં આવ્યો.પોલીસે કોંગ્રેસ ના કાર્યકરોની અટકાયત કરી પોલીસ મથક ખાતે લઈ જવામાં આવ્યા. બોટાદ જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ભરવાડ, રાણપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ડોડીયા ,રાણપુર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ પરવેજભાઈ કોઠારીયા,રાણપુર શહેર કોંગ્રેસ પ્રમુખ બશીરભાઈ કટુંબરા,કોંગ્રેસ ના પીઢ આગેવાન મેરૂભા પરમાર,રાણપુર તાલુકા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ મનહરભાઈ પંચાળા,રાણપુર શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ સોહીલખાન પરમાર સહિતના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી..

# જેતપુરમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ: અલ્ટો કારમાંથી ૪૮૦ ચપટાં ઝડપાયા, બે બુટલેગરોની ધરપકડ

• જેતપુર

જેતપુર ઉદ્યોગનગર પોલીસે બાતમીના આધારે ભાદરના સામાકાંઠે જુના દેરડી રોડ પરથી એક સફેદ કલરની અલ્ટો કારમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની ૪૮૦ બોટલો (ચપલા) સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે દારૂ, કાર અને બે મોબાઈલ મળી કુલ રૂ. ૧,૧૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, દારૂ પૂરો પાડનાર અને મંગાવનાર અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના કોન્સ્ટેબલ ચેતનભાઈ દીલીપભાઈ ઠાકોર અને તેમનો સ્ટાફ રવિવારે બપોરના સમયે પેટ્રોલીંગમાં હતો. આ દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક સફેદ કલરની અલ્ટો કાર (GJ 11 AB 2498) સારણના પુલ બાજુથી ભાદરના સામાકાંઠા તરફ આવી રહી છે અને તેમાં વિદેશી દારૂનો જથ્થો છે. બાતમીના આધારે પોલીસે જુના દેરડી રોડ પર આવેલ ગ્રીન લાઈન એગ્રી માર્કેટીંગ કારખાનાની બહાર રોડ પર વોચ ગોઠવી હતી.થોડીવારમાં હકીકત મુજબની શંકાસ્પદ અલ્ટો કાર આવતા પોલીસે તેને ઈશારો કરી અટકાવી હતી અને કારની તલાશી લીધી હતી. કારની ડીકી અને વચ્ચેની સીટમાં રાખેલા ખાખી પૂંઠાના બોક્સમાંથી 'બ્લુ સ્ટ્રોક' (૩૮૪ નંગ) અને 'ડિસ્કાઉન્ટ પ્રીમિયમ' (૯૬ નંગ) બ્રાન્ડની વિદેશી દારૂની ૧૮૦ મી.લી.ની કુલ ૪૮૦ બોટલો (ચપલા) મળી આવી હતી. જેની કિંમત રૂ. ૪૮,૦૦૦ થાય છે. આથી પોલીસે કારમાં સવાર શાહરૂખ સિતારભાઈ તરખેશા (ઉ.વ. ૨૭, રહે. વિમલ ડાઈંગ સામે, જેતપુર) અને વિક્રમસિંહ બહાદુરસિંહ પરમાર (ઉ.વ. ૪૦, રહે. ફુલવાડી વિસ્તાર, જેતપુર)ની ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓની પૂછપરછ કરતા કબૂલાત આપી હતી.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે




• ગોસા(ઘેડ)તા.૧૫

પોરબંદરના લોકપ્રિય સાંસદ તથા કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા પોરબંદર લોકસભા વિસ્તારના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા લોકસભા વિસ્તારના પ્રવાસે આવતા પોરબંદર એરપોર્ટ ખાતે તેમના આગમન સમયે વિવિધ આગેવાનો અને અધિકારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.પોરબંદર એરપોર્ટ ખાતે તેમના સ્વાગત માટે પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખરીયા, જિલ્લા કલેક્ટર એસ. ડી. ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, પોરબંદર મ્યુનિસિપલ કમિશનર હસમુખ પ્રજાપતિ, નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ ચેતનાબેન તિવારી,પોરબંદર શહેર ભાજપ પ્રમુખ સાગર મોદી, સુદામા ડેરીના ચેરમેન ડૉ. આકાશ રાજશાખા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ પાસેના ૧૧ કરોડના પ્લોટનો સોદો રદ થતા ડખ્ખો

# જેતપુરમાં જમીનના સોદામાં કડાકો:૯૬ લાખની ઉઘરાણી મામલે દલાલને જાનથી મારી નાખવાની ધમકી

• જેતપુર

રાજકોટ એમ્સ હોસ્પિટલ પાસેના કરોડો રૂપિયાના પ્લોટનો સોદો કેન્સલ થતાં રાજકોટના બે શખ્સોએ જેતપુર આવીને જમીન-મકાનની દલાલી કરતા યુવાન પાસે રૂ. ૯૬ લાખની પઠાણી ઉઘરાણી કરી હતી. આ શખ્સોએ મધરાતે જેતપુરમાં ગાળો ભાંડી, જો પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની અને ઉપાડી જવાની ધમકી આપતા જેતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, જેતપુરમાં કેનાલ કાંઠે સુદામાનગરમાં રહેતા અને જમીન-મકાનની દલાલી કરતા સાગરભાઈ કિશોરભાઈ કણજારીયા (ઉ.વ. ૩૫) દ્વારા રાજકોટના મહેશભાઈ ડાંગર અને કિશનભાઈ જળુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પાંચેક મહિના પહેલા રાજકોટ એમ્સ હોસ્પિટલ પાસે આવેલો ૩૧૪૫ વારનો પ્લોટ સાગરભાઈ અને અન્યોએ રાજકોટના રામભાઈ અઘેરા પાસેથી રૂ.૧૧ કરોડમાં ખરીદ્યો હતો. જેમાં રૂ. આઠ કરોડ રોકડા અને ત્રણ કરોડની પ્રોપર્ટી આપવાની હતીખરીદનાર પક્ષ તરફથી વહીવટ કરતા સાગરભાઈએ આ પ્લોટ બારોબાર મહેશભાઈ ડાંગર અને કિશનભાઈ જળુને સાડા આઠ કરોડમાં વેચી દીધો હતો. આ પેટે મહેશભાઈ અને કિશનભાઈએ કટકે-કટકે કુલ રૂ.૯૬ લાખ આપ્યા હતા. જેમાંથી ૫૬ લાખ રામભાઈ અઘેરાને અપાયા હતા અને ૪૦ લાખનો ભાગ પાડવામાં આવ્યો હતો, જેમાં સાગરભાઈને સાડા દસ લાખ મળ્યા હતા. પરંતુ ત્યારબાદ રામભાઈ અઘેરાને ભાગીદારીમાં પ્રશ્ન થતાં આ સોદો કેન્સલ થયો હતો. સોદો રદ થવા છતાં રામભાઈ અને અન્ય ભાગીદારોએ રૂપિયા પરત ન કરતા, મહેશભાઈ અને કિશનભાઈ અવારનવાર સાગરભાઈ પાસે ઉઘરાણી કરતા હતા. ગત તા. ૧૪ માર્ચના રોજ રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ મહેશભાઈ અને કિશનભાઈ જેતપુરના સરદાર ચોક ખાતે આવેલી ખેતલાઆપા ચાની હોટલે આવ્યા હતા અને સાગરભાઈને ત્યાં બોલાવ્યા હતા. સાગરભાઈ તેમના પિતા સાથે ત્યાં પહોંચતા બંને શખ્સોએ ૯૬ લાખની માંગણી કરી હતી. સાગરભાઈએ અત્યારે રૂપિયા ન હોવાનું કહેતા બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. ત્યારબાદ શાંતિથી વાત કરવા માટે બધા રાજકોટ-જૂનાગઢ રોડ પર આવેલી માલધારી હોટલે ગયા હતા, પરંતુ ત્યાં પણ આ બંને શખ્સોએ સાગરભાઈને બિભત્સ ગાળો આપી હતી. ત્યારબાદ પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની અને ઉપાડી રાજકોટ લઈ જવાની ધમકી આપી રાત્રે સાડા ત્રણેક વાગ્યે તેઓ જતા રહ્યા હતા. આ બનાવ અંગે સાગરભાઈ કણજારીયાની ફરિયાદ પરથી જેતપુર સિટી પોલીસે મહેશભાઈ ડાંગર અને કિશનભાઈ જળુ (રહે. બંને રાજકોટ) વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૯૬(ખ), ૩૫૧(૩), અને ૫૪ મુજબ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણાએ વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં સ્ટેટ IBનો સિનિયર ઓફિસર 80 હજારની લાંચ લેતા ઝડપાયો

## રાજકારણીના પોલીસ પ્રોટેક્શનની અરજીમાં પોઝિટિવ અભિપ્રાય આપવા લાંચ માગી હતી



• ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આજે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગોઠવવામાં આવેલા એક છટકામાં સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરોમાં ફરજ બજાવતો એક અધિકારી લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો છે. સાણંદ સેન્ટરના સિનિયર ઈન્ટેલીજન્સ ઓફીસર કેતન ગીરીશભાઇ દવેએ એક જાગૃત નાગરિકના પોલીસ પ્રોટેક્શનને રીન્યુ કરવા માટે પોઝિટિવ અભિપ્રાય આપવાના બદલામાં 80 હજાર રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે તેમને દબોચી લીધો છે. ગુજરાતમાં આ કદાચ IBનો પ્રથમ PI હશે જે લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો હોય.

કેતન દવે અમદાવાદ રિજિયનના સાણંદ સેન્ટર ખાતે IBના સિનિયર ઓફિસર તરીકે કાર્યરત. પોલીસ પ્રોટેકશનની અરજી બાબતે સકારાત્મક અભિપ્રાય આપવા બદલ લાંચ માગી

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીને અગાઉથી જ પોલીસ પ્રોટેક્શન મળેલું હતું. આ પ્રોટેક્શનની મુદ્દત વધારવા એટલે કે રીન્યુ કરાવવા માટે ફરિયાદીએ વિધિવત અરજી કરી હતી. આ સરકારી પ્રક્રિયાના ભાગરૂપે આરોપી કેતન દવેએ આ અરજી પર સકારાત્મક અભિપ્રાય મોકલી આપવા માટે ફરિયાદી પાસે નાણાંની માંગ કરાઈ હતી. તેણે પોઝીટીવ અભિપ્રાય આપવા ફરિયાદી પાસે 80,000 રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જોકે જાગૃત નાગરિકે આ લાંચ આપવાને બદલે ગાંધીનગર એસીબી એકમનો સંપર્ક સાધી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જેના પગલે ગાંધીનગર એસીબી દ્વારા છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે આવેલા સૌરાષ્ટ્ર ગાંઠીયા રથની સામે રોડ પર જ્યારે ફરિયાદી પોતાની ગાડીમાં હાજર હતા. ત્યારે આરોપી કેતન ત્યાં પહોંચ્યો હતો. બાદમાં ગાડીની અંદર જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હતી. જેવી આરોપીએ 80 હજારની રકમ હાથમાં લીધી તેવી જ વોચમાં રહેલી એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો. આ સમગ્ર ટ્રેપની કામગીરી ગાંધીનગર એસીબી એકમના ફિલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ચાવડા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં મદદનીશ નિયામક એ.કે. પરમારના સુપરવિઝન હેઠળ અને અમદાવાદના નાયબ નિયામક હરેશ મેવાડાના માર્ગદર્શનમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એસીબીએ હવે આ મામલે આરોપીની વધુ પૂછપરછ અને અન્ય મિલકતોની તપાસ માટેની તજવીજ તેજ કરી છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું કે , ફરિયાદી એક રાજકીય વ્યક્તિ છે. જેમના પોલીસ પ્રોટેક્શન માટેની મુદત વધારવા માટે અરજી કરવામાં આવી હતી. જે અરજીના પોઝિટિવ અભિપ્રાય માટે દવે કેતને લાંચ માંગી હતી. વર્ષ 2010માં કેતન પોલીસ ખાતામાં પીએસઆઇ તરીકે જોડાયો હતો. બાદમાં પ્રમોશન મેળવીને પોલીસ ઈન્સ્પેક્ટર બન્યો હતો. જે હાલમાં અમદાવાદ રિજિયન સાણંદ સેન્ટર ખાતે એક ઈન્ટેલિજન્સ બ્યુરોમાં સિનિયર ઈન્ટેલિજન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આ અંગે સૂત્રોએ કહ્યું કે, ઈન્ટેલિજન્ટ બ્યુરોનો લાંચિયો પીઆઇ કેતન દવે સરગાસણ ટીપી ૯ ખાતે શાંતિવિલા બંગલોની સામે આવેલી સેન્ટ્રોઈડ વિન્ટેજ નામની સોસાયટીમાં રહે છે. હાલમાં ગાંધીનગરની ટીમ દ્વારા તેના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

**સમસ્યા** રોડ ઉપર વાહનો પાર્ક કરવામાં ન આવે નહિતર પોલીસ કડક કાર્યવાહી કરશે અને વાહનો જપ્ત કરશે

# રાણપુર શહેરમાં જાહેર માર્ગ અને મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યાને લઈને પોલીસે કરી લાલ આંખ

## રોડ ઉપરના અડચણરૂપ દબાણો હટાવી ફરીવાર રોડ ઉપર દબાણ નહી કરવાની કડક સુચના આપવામાં આવી



• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો સમાન બની છે ત્યારે રાણપુર પોલીસે ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા કડક પગલા સાથે લાલ આંખ કરી છે. રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ પટેલ એ પોલીસ કાફલા સાથે રાણપુર શહેરના જાહેર માર્ગ તેમજ મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે ફૂડ પેટ્રોલિંગ સાથે ટ્રાફિક ડ્રાઈવ યોજી અડચણરૂપ દબાણો હટાવવાની કડક સુચના આપવામાં આવી છે રાણપુર પોલીસ સ્ટેશનથી લઈને તાલુકા પંચાયત સુધી અને મુખ્ય બજારમાં વારંવાર ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થાય છે તેને લઈ રાણપુર પોલીસે ટ્રાફિકની સમસ્યા નો ઉકેલ લાવવા માટે રોડ ઉપર લારી-ગલ્લા તેમજ આડેધડ વાહન પાર્ક કરેલા હોય તેઓને કડક સૂચના આપવામાં આવી છે કે રોડ ઉપર અડચણરૂપ દબાણ કરવામાં નો આવે રોડ ઉપર લારી-ગલ્લા રાખવામાં ન આવે અને વાહન ચાલકોને પણ કડક સૂચના આપવામાં આવી છે કે રોડ ઉપર વાહનો પાર્ક કરવામાં ન આવે નહિતર પોલીસ કડક કાર્યવાહી કરશે અને વાહનો જપ્ત કરશે સાથે જ રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ એ જણાવ્યું છે કે આગામી દિવસમાં પણ રાણપુર શહેરમાં જે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા છે તે દૂર કરવાના આવશે દબાણ કરનારા અને રોડ ઉપર આડેધડ વાહન પાર્ક કરનારા તત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કોઈપણ ની શેહશરમ રાખ્યા વગર પોલીસ કડક કાર્યવાહી કરશે હાલ તો રાણપુર પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા લાલ આંખ કરી છે ત્યારે દબાણ કરતાં ઓમાં અને આડેધડ વાહનો પાર્ક કરનારા વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે....

### દબાણ હટાવીન પોલીસ જાય એટલે તરત પાછા રોડ ઉપર દબાણ થઈ જાય છે

રાણપુરમાં પોલીસ સ્ટેશન થી લઈને તાલુકા પંચાયત સુધી પોલીસ પ્રશાસન જ્યારે આવે છે ત્યારે દબાણ હટાવવામાં આવે છે અને ત્યારબાદ પોલીસ પાછા જાય એટલે પાછા દબાણકારો રોડ પર દબાણો કરીને બેસી જાય છે. પોલીસ દ્વારા રોડ ઉપર દબાણકર્તાઓને વારંવાર કહેવામાં આવ્યું છે કે રોડ ઉપર દબાણ કરવુ નહી. રોડની એકદમ સાઈડમાં લારી-ગલ્લા રાખવામાં આવે તેમ છતાં રોડ ઉપર આડેધડ લારી-ગલ્લા અને વાહનો ખડકી દેવામાં આવે છે.જેના કારણે ટ્રાફિકની સમસ્યા વારંવાર ઉભી રહે છે રોડ ઉપર આડેધડ વાહનો પાર્કિંગ કરી દેવામાં આવે છે આ સમસ્યાનો ઉકેલ માટે પોલીસ સ્ટેશનથી તાલુકા પંચાયત સુધી પોલીસ નું પેટ્રોલિંગ વધારવું જરૂરી છે...

### રોડ ઉપર લારી-ગલ્લા રાખવા નહી અને આડેધડ વાહન પાર્ક કરવા નહીં:એસ. એ. પટેલ PI

આ બાબતે રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ એ જણાવ્યું છે કે રાણપુરમાં પોલીસ સ્ટેશનથી લઈને તાલુકા પંચાયત સુધી રોડ ઉપર અડચણરૂપ લારી-ગલ્લા ના દબાણ કરવામાં આવે છે તેમ જ આ રોડ ઉપર આડેધડ વાહન પાર્કિંગ કરી દેવામાં આવે છે જેના કારણે ટ્રાફિકમા અવરોધ ઊભો થાય છે ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે એટલે રોડ પર લારી-ગલ્લા રાખનારા લોકોને અમે કડક સુચના આપી છે કે રોડની એકદમ સાઈડમાં દીવાલને અડાડીને અથવા ખુલ્લી જગ્યામાં પોતાના લારી-ગલ્લા રાખી ધંધો કરવો સાથે રોડ ઉપર જે આડેધડ વાહન પાર્ક કરવામાં આવે છે તે વાહનચાલકો પણ યોગ્ય જગ્યાએ એકદમ સાઈડમાં પોતાના વાહન પાર્ક કરે નહિતર પોલીસ વાહનો ડીટેન કરશે સાથે રાણપુરની મુખ્ય બજારમાં પણ જે લારી ધારકો રોડ ઉપર વચ્ચે લારીઓ રાખે છે તેઓને પણ કહેવામાં આવ્યું છે કે તમામ લારીઓ દિવાલને અડાડીને સાઈડમાં રાખવામાં આવે નહિતર તેઓના વિરુદ્ધ પણ કડક પગલાં ભરવામાં આવશે.

# ‘ડાંગ દરબાર’ માં રજૂ થયા રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો

## સતત પાંચ દિવસો સુધી ડાંગના દરબારીઓને માણવા મળશે સાંસ્કુતિક કાર્યક્રમો

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના ‘પોતિકા’ ઉત્સવ એવા ‘ડાંગ દરબાર ’ના પ્રારંભ સાથે ડાંગના દરબારીઓને રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ માણવા મળશે. ‘ડાંગ દરબાર’ ના ઉદઘાટન સમારોહ અગાઉ આહવાના જિલ્લા સેવા સદન ખાતેથી નીકળેલી રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા દરમિયાન ડાંગ જિલ્લાના વિખ્યાત નૃત્યો જેવા કે પાવરી નૃત્ય, ડાંગી નૃત્ય, ભવાળા નૃત્ય, તમાશા અને રામાયણ નૃત્ય નાટિકા, ભજન પાર્ટીની ધૂન, ડાંગી કોમેડીના તડકા સાથે ડાંગ બહારના વેસ્ટ ઝોનના વિખ્યાત રાઠવા નૃત્ય અને સિદ્દી ધમાલ નૃત્યોની રમઝટ પ્રજાજનોએ માણી હતી.



આ સાથે ‘ડાંગ દરબાર’ ના ઉદઘાટન કાર્યક્રમ વેળા ‘રંગ ઉપવન’ ના રંગમંચ ઉપર ભાવસભર પ્રાર્થના સાથે ડાંગી નૃત્ય અને રાસ ગરબાએ પણ પ્રેક્ષકોની દાદ મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, ‘ડાંગ દરબાર’ ના વખતે સતત પાંચ દિવસો સુધી સાંજના સાત વાગ્યાથી ‘ડાંગના દરબારીઓ’ ને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા મળશે. જેમાં તારીખ ૨૭ ફેબ્રુઆરીના રોજ ગુજરાતના પ્રખ્યાત ગાયક ભાવેશ આહીરનું સંગીત કાર્યક્રમ થશે. આ સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પાવરી નૃત્ય, ડાંગી નૃત્ય, તારપા નૃત્ય, ઘેર નૃત્ય, ઘુમ્મર નૃત્ય, ઠાકરે નૃત્ય, દેરા વાદન, તુર નૃત્ય જેવાં આદિવાસી નૃત્યોનો કાર્યક્રમો પણ યોજાનાર છે.

# વૃદ્ધા સાથે રેપ વિથ લૂંટના ગુનામાં આરોપીને 10 વર્ષની કેદ

## બાઈક ચાલકે અવાવરુ જગ્યાએ બાઈક ઊભું રાખી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું

• ગાંધીનગર

અમદાવાદ સુધી લિફ્ટ આપવાના બહાને 72 વર્ષીય વૃદ્ધાની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી બાઈક પર બેસાડી ગાંધીનગરના દહેગામ તાલુકાના કડજોદરા ગામની સીમમાં રાતના અંધકારમાં રેપ વિથ લૂંટનાં ગુનાને અંજામ આપનાર 50 વર્ષીય સેક્સ મેનીયાકને ગાંધીનગર બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એસ.વી. શર્માએ 10 વર્ષની સખત કેદ અને ભોગ બનનારને 2 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતી પાંચ સંતાનોની 72 વર્ષીય વિધવા માતા તા. 14મી સપ્ટેમ્બર, 2023ના રોજ ખેડા ખાતે મોટા દીકરાના ઘરે રહેવા માટે ગયા હતા અને 21મીએ એકલા પરત અમદાવાદ જવા માટે નીકળ્યા હતા. જેઓ ઈકો ગાડીમાં બેસી કઠલાલ ચોકડી બપોરના સમયે ઉતર્યા હતા. એ વખતે આશરે 50 વર્ષની ઉંમરનો અજાણ્યો શખસ બાઈક લઈને તેમની પાસે ગયો હતો અને વૃદ્ધાને નામથી બોલાવી કયા જવાનું પુછ્યું હતું. પોતાને બાઈક ચાલક ઓળખતો હોવાનું માનીને વૃદ્ધા બાઈક પર બેસી ગયાઆથી વૃદ્ધાએ અમદાવાદ નાના દીકરાને ઘરે જવાનું કહેતા શખસે અમદાવાદ ઉતારી દેવાનું કહ્યું હતું. આમ પોતાને બાઈક ચાલક ઓળખતો હોવાનું માનીને વૃદ્ધા બાઈક પર બેસી ગયા હતા. પરંતુ બાઈક ચાલક વૃદ્ધાને અજાણ્યા ગામમાં લઈ ગયો હતો. જેથી વૃદ્ધાએ બૂમાબૂમ કરી હતી. આ સાંભળીને ગામનો એક વ્યક્તિ દોડી આવતાં વૃદ્ધાએ તેમને પોતાના દીકરાનો મોબાઈલ નંબર જણાવ્યો હતો. જેથી બાઈક ચાલકે વૃદ્ધાના દીકરા સાથે વાત કરીને પોતે આ વૃદ્ધાને સારી રીતે ઓળખતો હોવાનું જણાવીને ઘરે મૂકી જવાની ખાતરી આપી હતી.બાદમાં રાતના આઠ વાગ્યાના અરસામાં બાઈક ચાલકે અવાવરુ જગ્યાએ બાઈક ઊભું રાખી વૃદ્ધાને ખેંચીને ઝાડીમાં લઈ જઈ ધમકીઓ આપી બળાત્કાર ગુજાર્યો હતો. રાત્રિ દરમ્યાન અવાર-નવાર બળાત્કાર ગુજારીને સવારે સોના-ચાંદીના દાગીના લૂંટી બાઈક લઈને ભાગી ગયો હતો. બાદમાં વૃદ્ધા જેમ-તેમ કરીને મુખ્ય રોડ સુધી આવીને દીકરાનો સંપર્ક કર્યો હતો અને કઠલાલ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધવા પહોંચ્યા હતા. પરંતુ કઠલાલ પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધવાનું ટાળી ગાંધીનગર મોકલી આપતાં રખીયાલ પોલીસ મથકમાં રેપ વિથ લૂંટનો ગુનો નોંધાયો હતો.

## રાશીફળ (તા.14-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે. આજે તમારી કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત થવાની શક્યતા છે.

**વૃષભ (બ.વ.ઉ)** આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો.

**મિથુન (ક.છ.ઘ)** આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે.

**કર્ક (ડ.હ)** આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** આજે કલાત્મક કાર્યોમાં તમારી રસ વધશે. ધીરજથી નિર્ણય લેશો તો સફળતાના નવા માર્ગો ખુલશે. જીવનસાથીની મદદથી તમને કોઈ કામમાં ફાયદો થશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે.

**તુલા (ર.ત)** આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે.

**વૃશ્ચિક (ન.ય.)** આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

**મકર (ખ.જ)** આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો, જે સંબંધોને મીઠા બનાવશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે.

# સેન્ચુરિયન બ્લડ ડોનર ક્લબ દ્વારા સમાજ પ્રત્યે સમર્પિત અને ઉમદા સેવા બદલ અમદાવાદ રેડ ક્રોસ સ્ટાફનું સન્માન

## સામાન્ય રીતે અમદાવાદીઓ ખર્ચ કરવાની બાબતમાં કંજુસ ગણાય છે

સામાન્ય રીતે અમદાવાદીઓ ખર્ચ કરવાની બાબતમાં કંજુસ ગણાય છે. પરંતુ બીજી બાજુ જોઈએ તો અમદાવાદ રક્તદાનમાં ખૂબ જ ઉદાર છે. આ ઉમદા કાર્યને કારણે જ અમદાવાદને રક્તદાનની રાજધાની કહેવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લા શાખાએ ભૂતકાળમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. અમદાવાદ સમગ્ર વિશ્વમાં એકજ એવું શહેર છે જેમાં અત્યારે ૧૪૩ શતકવીર રક્તદાતાઓ છે. ગત વર્ષે 2025 માં અમદાવાદ જિલ્લા શાખાએ અત્યાર સુધીનું સૌથી વધુ 72000 બોટલ રક્તદાન એકત્રિત કરેલ. આ સિધ્ધિ એક કે બે વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી, પરંતુ આખી ટીમના પ્રયત્નને કારણેજ મળે છે. અમદાવાદ રેડ ક્રોસના તમામ સભ્યોએ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રશંસાનો વિચાર કર્યા વિના અથાક મહેનત કરી હતી. આ દિવસે અમદાવાદ રેડ ક્રોસ સેન્ચ્યુરિયન બ્લડ ડોનર્સ ક્લબ ના સભ્યો દ્વારા અમદાવાદ રેડ ક્રોસ દરેક સ્ટાફને સમાજ પ્રત્યે સમર્પિત સેવા બદલ સન્માનિત કરવા માટે સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, અમદાવાદ રેડ ક્રોસના ચેરમેન અમિત દોશી , મુકેશભાઈ પટેલ અને સેક્રેટરી ડો. વિશ્વાસ અમીને સર્વે શતકવીર રક્તદાતાઓનો આભાર માન્યો અને તેમનું આ અભિવાદન સ્ટાફના સભ્યો




માટે અત્યંત પ્રેરણાદાયક થશે તેવી ભાવના વ્યક્ત કરી. શતકવીર રક્તદાતાઓ દ્વારા રેડ ક્રોસના દરેક કમિટી મેમ્બરને પણ સ્મૃતી ચિન્હ આપી સન્માનિત કરાયા અને રેડ ક્રોસને યાદગીરીના ભાગ રૂપે એક સુંદર ટ્રોફી આપવામાં આવી. રેડ ક્રોસના તમામ સભ્યોના આ અથાગ પ્રયત્નને બિરદાવવા માટે સેન્ચ્યુરિયન બ્લડ ડોનર્સ ક્લબ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી. તેમના દ્વારા પડદા પાછળ કામ કરી રહેલા આ નાયકોનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. 26 ફેબ્રુઆરી ને અમદાવાદના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે અમદાવાદ રેડ ક્રોસ સેન્ચ્યુરિયન બ્લડ ડોનર્સ ક્લબ ના સભ્યો દ્વારા અમદાવાદ રેડ ક્રોસ દરેક સ્ટાફને સમાજ પ્રત્યે સમર્પિત સેવા બદલ સન્માનિત કરવા માટે સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, અમદાવાદ રેડ ક્રોસના ચેરમેન અમિત દોશી , મુકેશભાઈ પટેલ અને સેક્રેટરી ડો. વિશ્વાસ અમીને સર્વે શતકવીર રક્તદાતાઓનો આભાર માન્યો અને તેમનું આ અભિવાદન સ્ટાફના સભ્યો માટે અત્યંત પ્રેરણાદાયક થશે તેવી ભાવના વ્યક્ત કરી. શતકવીર રક્તદાતાઓ દ્વારા રેડ ક્રોસના દરેક કમિટી મેમ્બરને પણ સ્મૃતી ચિન્હ આપી સન્માનિત કરાયા અને રેડ ક્રોસને યાદગીરીના ભાગ રૂપે એક સુંદર ટ્રોફી આપવામાં આવી.

# વધતું દેવું, મોંઘવારી અને બેરોજગારી - દેશની અર્થવ્યવસ્થા સામે સળગતા સવાલો

દેશની વર્તમાન આર્થિક સ્થિતિને લઈને સામાન્ય જનતા અને અર્થશાસ્ત્રીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં દેવું, મોંઘવારી અને બેરોજગારીના આંકડાઓમાં થયેલો વધારો એક ગંભીર ચર્ચાનો વિષય બન્યો છે.

૧. દેવાનો બોજ: ભવિષ્ય સામે ખતરો?

સરકારી આંકડાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના રિપોર્ટ મુજબ, દેશ પરના કુલ દેવામાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

* સ્થિતિ: માથાદીઠ દેવું વધતા તેની સીધી અસર દેશના જીડીપી (GDP) રેશિયો પર પડી રહી છે.

* ચિંતા: વિકાસ કાર્યો માટે લેવામાં આવતી લોન સામે વ્યાજની ચુકવણીનો આંકડો મોટો થતો જાય છે, જે લાંબે ગાળે અર્થતંત્ર માટે પડકારજનક સાબિત થઈ શકે છે.

૨. મોંઘવારીનો માર: સામાન્ય માણસનું બજેટ ખોરવાયું

ખાધ્ય તેલ, ઈંધણ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં થયેલો અસહ્ય વધારો મધ્યમ અને ગરીબ વર્ગની કમર તોડી રહ્યો છે.

* રસોડાનું બજેટ: શાકભાજી અને અનાજના ભાવમાં સતત વધઘટને કારણે ગૃહિણીઓનું બજેટ વેરવિખેર થઈ ગયું છે.

* ઈંધણની અસર: પેટ્રોલ-ડીઝલના વધતા ભાવને કારણે પરિવહન ખર્ચ વધ્યો છે, જેની સીધી અસર દરેક વસ્તુની કિંમત પર જોવા મળી રહી છે.

૩. બેરોજગારી: યુવાધન હતાશામાં

દેશમાં સૌથી મોટો પ્રશ્ન શિક્ષિત બેરોજગારીનો છે. ડિગ્રી હોવા છતાં યોગ્ય રોજગારી ન મળતા લાખો યુવાનો મુંઝવણમાં છે.

* સરકારી ભરતી: વિવિધ વિભાગોમાં લાંબા સમયથી અટકેલી ભરતી પ્રક્રિયા અને પેપર લીક જેવી ઘટનાઓએ યુવાનોના આત્મવિશ્વાસને ઠેસ પહોંચાડી છે.

* ખાનગી ક્ષેત્ર: આર્થિક મંદી અને છટણીને કારણે ખાનગી ક્ષેત્રમાં પણ નોકરીઓની તકો મર્યાદિત બની રહી છે.

* નિષ્ણાંતોનો મત: અર્થશાસ્ત્રીઓ માને છે કે જો સરકાર સમયસર નીતિગત ફેરફારો નહીં કરે અને પાયાના સ્તરે રોજગાર નિર્માણ પર ધ્યાન નહીં આપે, તો આ આર્થિક અસમાનતા દેશના સામાજિક માળખાને પણ નુકસાન પહોંચાડી શકે છે.

નિષ્કર્ષ:

એક તરફ દેશ 'વિકસિત ભારત' તરફ આગળ વધવાનો દાવો કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ મોંઘવારી અને બેરોજગારી જેવા પાયાના પ્રશ્નો સામાન્ય નાગરિકોની કસોટી કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આગામી બજેટ અને નીતિઓમાં આ સમસ્યાઓનો શું ઉકેલ લાવે છે.

# ડિગ્રી વિના તબીબી પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

## બેડલામાં 6 માસથી મેડિકલની ડિગ્રી વિના દવાખાનું ચલાવતો હતો

• રાજકોટ



રાજકોટ SOGએ કોઈપણ જાતની મેડિકલની ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. બેડલા ગામમાં 45 વર્ષીય ભાવેશ જોશી નામનો યુવાન ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે ગ્રાહક બની રેડ પડી હતી અને તેને ઝડપી પાડ્યો હતો. જેની પાસેથી પોલીસે એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન કબજે કર્યા છે. બોગસ ડોક્ટર છેલ્લા 6 મહિનાથી તબીબી પ્રેક્ટિસ કરી લોકોને આરોગ્ય સાથે ચેડા કરતો હતો. જેને પોતે કોલેજ સુધીનો જ અભ્યાસ કર્યો હોવા છતાં દવાખાનું ખોલી નાખ્યું હતું.SOG પોલીસને 14 માર્ચના બેડલા ગામે બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસ ત્યાં પહોંચી તો બેડલા ગામના રામજી મંદિર પાસે દવાખાનું હતું. જે તબીબ ભાવેશ જોશીનું હોવાનું જણાયું હતું. જેથી તેની પાસેથી મેડિકલ ડિગ્રી માંગવામાં આવી હતી. જો કે, મેડિકલની કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસની વધુ પૂછપરછમાં તે રાજકોટના મવડી મેઈન રોડ ઉપર રહેતો હોવાનું અને અહીં મેડિકલ ડિગ્રી વિના તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું તેણે સ્વીકાર્યું હતું. પોલીસે તેની પાસેથી હોસ્પિટલના સાધનો, એલોપેથિક દવાઓ, ઈન્જેકશન વગેરે તથા રોકડા રૂ.4500 મળી કુલ કિંમત રૂ.50,199નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને તેની વિરુદ્ધ ગૂનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# સોના - ચાંદીના દાગીના ગાળવાની ભઠ્ઠીમાં આગ:રાજકોટના પેલેસ રોડ પરના કોમ્પલેક્ષના ત્રીજા માળે આગથી ભય, યુવાન દાઝી જતા હોસ્પિટલમાં દાખલ

• રાજકોટ

રાજકોટ શહેરના પેલેસ રોડ પર આવેલા સિટી સેન્ટર કોમ્પ્લેક્સના ત્રીજા માળે સોના-ચાંદીના દાગીના બનાવનારા વેપારીને ત્યાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. આગના કારણે એક વ્યક્તિના હાથ દાઝી ગયા હતા. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. અહીં સોનુ ગાળવા માટેની ભઠ્ઠી હતી અને તેના માટે ગેસના સિલિન્ડરનો ઉપયોગ થતો હતો. જેમાં લીકેજના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. જોકે પોલીસે FSL ની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી. વી. બોરીસાગરે જણાવ્યું હતું કે, તા.14 માર્ચના સાંજના 7.30 વાગ્યાના અરસામાં સિટી સેન્ટર કોમ્પ્લેક્સના ત્રીજા માળે રવજીભાઈ ધાણક નામના વેપારીની પેઢીમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. સમગ્ર ઘટનામાં વત્સલ ધાણક નામના વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર અર્થે 108 મારફતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

**સ્પીડની થ્રીલ** બુલેટ ટ્રેનની 400 કિ.મી.ની સ્પીડ સાથે ભોજનનો જલસો

# સ્પીડની થ્રીલ ને મુંબઈ સુધીની સફરનો અહેસાસ, વડોદરામાં એક્ટ્રેસ શ્રદ્ધા ડાંગરે કહ્યું-ધ બુલેટ રેસ્ટોરાંનો પૈસા વસૂલ કોન્સેપ્ટ

## 45 દિવસ મુંબઈથી અમદાવાદના રૂટ પર શૂટ કર્યું હતું અને તે શૂટિંગને LED સ્કિન ઉપર મૂકવામાં આવ્યું છે

• વડોદરા

વડોદરામાં 'ધ બુલેટ રેસ્ટોરાં' એ શોખીનો માટે એક અનોખો અને રોમાંચક સેટઅપ લોન્ચ કર્યો છે, જ્યાં ગ્રાહકો 400 કિમીની વર્ચ્યુઅલ સ્પીડ સાથે બુલેટ ટ્રેનમાં બેસીને મુંબઈ સુધીની સફરનો અહેસાસ કરી શકે છે. આ રેસ્ટોરાંના લોન્ચિંગ સમયે ગુજરાતી એક્ટ્રેસ શ્રદ્ધા ડાંગરે મુલાકાત લીધી હતી અને આ કોન્સેપ્ટને 'પૈસા વસૂલ' ગણાવ્યો હતો. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન શરૂ થાય તે પહેલાં જ, આ રેસ્ટોરાંમાં ટ્રેનની થ્રીલ, આધુનિક ઈન્ટિરિયર અને સ્વાદિષ્ટ ભોજનનો સંગમ એકસાથે જોવા મળશે.

PM નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવા બુલેટ ટ્રેનથી પ્રેરણા લઈને વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા સેવન સીઝ મોલમાં બુલેટ ટ્રેન રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવી છે, ગુજરાતી ફિલ્મ જગતના અભિનેત્રી શ્રદ્ધા ડાંગરના હસ્તે આજે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ટ્રેનમાં બેસતા જ 400 કિમી સ્પીડ બુલેટ ટ્રેન જતી હોય એવો અનુભવ તમને થશે. જેના માટે બારીમાં LED સ્ક્રીન લગાવવામાં આવી છે અને તેમાં અમદાવાદથી મુંબઈના રિયલ દૃશ્યો દર્શાવવામાં આવ્યા છે. જેને શૂટ કરતા 45 દિવસનો સમય લાગ્યો હતો. આ ઉપરાંત રેસ્ટોરન્ટનું ઈન્ટિરિયર પર લક્ઝુરિયસ છે.ધ બુલેટ રેસ્ટોરન્ટના માલિક વિજય અગ્રવાલે જણાવ્યું હતું કે, વર્ષ 2016માં કામ અર્થે ચાઈના જવાનો અવસર મળ્યો હતો. તે સમયે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી હતી અને ત્યાર બાદ ભારત દેશના PM નરેન્દ્ર મોદીએ મુંબઈથી અમદાવાદ વચ્ચે વર્ષ 2030માં બુલેટ ટ્રેનનો પ્રારંભ થશે તેવી જાહેરાત કરી છે. જેથી મને વિચાર આવ્યો કે બુલેટ ટ્રેનમાં લોકો વર્ષ 2030માં મુસાફરી કરશે પણ તે પહેલા તેઓને બુલેટ ટ્રેનમાં બેસવા જેવો અનુભવ મળે એના માટે કંઈક કરીએ.

તેઓએ વધુમાં કહ્યું કે, અમે 45 દિવસ મુંબઈથી અમદાવાદના રૂટ પર શૂટ કર્યું હતું અને તે શૂટિંગને LED સ્કિન ઉપર મૂકવામાં આવ્યું છે. જેનાથી રેસ્ટોરન્ટમાં આવનાર દરેકને ટ્રેનમાં બેઠા હોય તેવું ફિલ થશે. જે માટે 3 મહિના સુધી 100 લોકોની ટીમ કામે લાગી હતી અને આ પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો. ભારતમાં વર્ષ 2030 સુધીમાં જે બુલેટ ટ્રેન આવવાની છે, અમે તે અંગેની જરૂરી માહિતી એકત્રિત કરી હતી. એ જ માહિતીના આધારે અમે આ



'ડમી ટ્રેન' બનાવી છે, જે બહારથી જોતા તમને બિલકુલ અસલી ટ્રેન જેવો જ અનુભવ કરાવશે.

ગુજરાતી ફિલ્મની અભિનેત્રી શ્રદ્ધા ડાંગરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે રીતે અલગ-અલગ કન્સેપ્ટ પર કામ થઈ રહ્યું છે તે જોઈને ખૂબ જ આનંદ થાય છે. પછી ભલે તે રેસ્ટોરન્ટ હોય, કાફે હોય કે એવી કોઈ પણ જગ્યા જ્યાં આપણે આપણા પરિવાર સાથે જઈ શકીએ. અગ્રવાલ ફેમિલીએ આ 'ધ બુલેટ' મલ્ટિક્યુઝિન રેસ્ટોરન્ટમાં ખૂબ જ સુંદર કન્સેપ્ટ રજૂ કર્યો છે.

શ્રદ્ધાએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે જાણીએ છીએ કે, ગુજરાતીઓને ખાવાનો ખૂબ શોખ હોય છે. ભલે ઘરે મહેમાન આવે કે ન આવે, બહાર જમવાના પ્લાન હંમેશા તૈયાર જ હોય છે! ગુજરાતીઓ માટે સૌથી પહેલી પ્રયોરીટી એ હોય છે કે પરિવારને શુદ્ધ અને સરસ જમવાનું મળે. આ રેસ્ટોરન્ટમાં મેનેજમેન્ટનો મુખ્ય હેતુ પણ એ જ છે કે તેઓ જેવું શુદ્ધ ભોજન ઘરે જમે છે, એવું જ લોકોને પીરસે.ગ્રાહક મોનલબેને જણાવ્યું હતું કે, આ એકદમ નવો કન્સેપ્ટ છે. મેં આવું પહેલાં ક્યારેય ક્યાંય સાંભળ્યું પણ નહોતું. મને આ કન્સેપ્ટ ખૂબ જ સરસ લાગ્યો. જ્યારે તમે અંદર બેસીને આનો અનુભવ કરો ત્યારે જ ખબર પડે. બિલકુલ બુલેટ ટ્રેનમાં બેઠા હોઈએ તેવી જ ફીલિંગ આ રેસ્ટોરન્ટમાં બેસીને આવે છે. અહીંની બધી જ સુવિધાઓ ખૂબ જ સરસ છે.વિજય અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, અમારો પૂરો પ્રયાસ છે કે લોકોને અહીં અદ્ભુત અનુભવ મળે. ગ્રાહકોને વ્યાજબી ભાવે શુદ્ધ અને ઘર જેવું જ ભોજન મળી રહે તે અમારી પ્રાથમિકતા છે. તેના માટે અમે 'ઓપન કિચન' રાખ્યું છે, જે કાચમાંથી તમે સીધું જોઈ શકો છો અને રસોઈમાં વપરાતી સ્વચ્છતાની ખાતરી કરી શકો છો. આ એક મલ્ટી-ક્યુઝિન રેસ્ટોરન્ટ છે, એટલે કે અહીં ખાસ્સું લાંબુ મેનુ છે.

વડોદરામાં શાકભાજીના ભાવ મુદ્દે હિંસક બબાલ

# સસ્તા ભાવે વેચાણની અદાવતમાં યુવકને ગળા અને આંખ પાસે ચાકુના ઘા ઝીંક્યા; સામસામે ફરિયાદ

**કમર, ગળા અને ડાબી આંખ પાસે ચાકુના ઘા માર્યા** મહેન્દ્રનગરમાં રહેતા મુકીમ અનિશભાઈ પઠાણ (ઉંમર 32) શાકભાજીની ફેરી માટે ટેમ્પો લઈને નીકળ્યા હતા

• વડોદરા

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં શાકભાજીના ઓછા ભાવે વેચાણના મુદ્દે થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઝપાઝપી દરમિયાન એક યુવકને ચાકુથી ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. ઈજાગ્રસ્તને લોહીલુહાણ હાલતમાં એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવતા માંજલપુર પોલીસે ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.શાકભાજી ઓછા ભાવે વેચાણ કરવા બાબતે બોલાચાલી શરૂ થઈ હતીગત સાંજે શહેરના મકરપુરા GIDC પાસે ભૂમિ ચોકડી ખાતે એક ઘટના બની હતી. મહેન્દ્રનગરમાં રહેતા



મુકીમ અનિશભાઈ પઠાણ (ઉંમર 32) શાકભાજીની ફેરી માટે ટેમ્પો લઈને નીકળ્યા હતા. ટેમ્પો બંધ પડતા તેમણે રોડની બાજુમાં શાકભાજી વેચવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન નજીક જ પથારો લગાવીને શાકભાજી વેચતા ઈમરાન તસીરખાન પઠાણ (ઉંમર 26) ત્યાં આવ્યા અને ઓછા ભાવે વેચાણ કરવા બાબતે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી.ત્યારબાદ ઈમરાનના ભાઈ મોહમ્મદ સાબાન ખાન પણ સામેલ થયો હતો. બાદમાં સામાન્ય બોલાચાલી બાદ વાત ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ હતી. ઝપાઝપી દરમિયાન ઈમરાનના ભાણેજ શાહિદે ચાકુ કાઢીને મુકીમને કમર, ગળા અને ડાબી આંખ પાસે ઘા કર્યા હતા. જેથી તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત મુકીમે પોતાના ભાઈ સુફિયાનને ફોન કરતા તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને 108 એમ્બ્યુલન્સ દ્વારા મુકીમને એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરાવ્યો હતો. મુકીમે ઈમરાન તસીરખાન, મોહમ્મદ સાબાન ખાન તેમજ શાહિદ સામે મારામારી અને હુમલાની ફરિયાદ નોંધાવી છે.બીજી તરફ ઈમરાન તસીરખાને પણ સામે ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા અનુસાર મુકીમ તેમની બાજુમાં ટેમ્પો રાખીને ઓછા ભાવે શાકભાજી વેચવા લાગ્યા હતા. તેમને ટેમ્પો સાઈડમાં રાખવા જણાવ્યું હતું, પરંતુ મુકીમે તેમ ન કર્યું કરતા બબાલ થઈ હતી. ત્યારબાદ મુકીમે કોલર પકડીને ગાળાગાળી કરી અને મારામારી શરૂ કરી દીધી હતી. ઝપાઝપીમાં ઈમરાન, મોહમ્મદ સાબાન અને સાહિબે આલમને સામાન્ય ઈજાઓ થઈ હતી. તેઓ પણ 108 એમ્બ્યુલન્સ દ્વારા એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા હતા. આ ઘટના અંગે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધાતા માંજલપુર પોલીસે ચારેય વ્યક્તિઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શહેરમાં હત્યાના બે બનાવો સામે આવ્યા છે. ત્યારે ગત સાંજે સર્જાયેલ આ મારામારીમાં પણ ઘાતક હથિયાર ચાકુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# ઉનાળામાં જ પીવાના પાણીની બોટલ મોંઘી:યુદ્ધના લીધે રાજકોટના પેકેજ ડ્રિંકિંગ વોટર બિઝનેસને માઠી અસર

## એક કેરેટમાં 1 લિટરના રૂ.75, 500 MLના રૂ.95 થયા

• રાજકોટ



અમેરિકા અને ઈઝરાઈલ દ્વારા ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે ગલ્ફ દેશોમાંથી આયાત થતા પ્લાસ્ટિકના દાણાના રોમટીરીયલની અછત સર્જાઈ છે અને તેને કારણે ઉનાળા વખતે જ પીવાના પાણીની બોટલના કેરેટના ભાવમાં રૂ.15નો વધારો થયો છે. 500 MLની 24 બોટલના એક કેરેટના રૂ.75થી વધારી રૂ.90 તો 1 લિટરની 12 બોટલના એક કેરેટના રૂ.60થી વધારી રૂ.75 થયો છે. જેને લીધે પીવાના પાણીની સિંગલ બોટલના ભાવમાં વધારાની શક્યતા સેવાઈ રહી છે.રાજકોટના બિસ્વિન બેવરેજિસના સંચાલક શૈલેષભાઈ ભુતે જણાવ્યુ હતું કે, અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે પેકેજ ડ્રીન્કિંગના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેને કારણે હાલમાં પાણીની બોટલના કેરેટ પર રૂપિયા 15નો ભાવ વધારો કરવામાં આવ્યો છે. હાલ ઉનાળાના કારણે 500 ML અને 1 લિટર પાણીની બોટલના કેરેટની ડિમાન્ડ વધુ રહે છે. પહેલા 1 લિટર કેરેટનો ભાવ રૂ.60 હતો જેના રૂ.85 કરવા પડે તેવી પરિસ્થિતિ છે. જોકે તેમાં રૂ.75 કર્યા છે. એક કેરેટમાં 12 બોટલ આવે છે. જ્યારે 500 ML પાણીની બોટલના એક કેરેટના પહેલા રૂ.75 હતા જે રૂ.100 કરવો પડે તેવી પરિસ્થિતિ છે. જોકે તેના રૂ.90 કરવા પડ્યા છે.તેમણે જણાવ્યું કે, હાલ પેકેજ ડ્રિંકિંગ વોટરની સપ્લાય ખૂબ જ ઓછી આવે છે. પૈસા આપતા પણ માલ મળતો નથી અને સામે ગ્રાહકોને પૂરો માલ આપી શકતા નથી. રાજકોટ શહેરમાં આ પ્રકારના 20 જેટલા યુનિટ છે. જ્યારે જિલ્લામાં યુનિટની સંખ્યા વધારે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્લાસ્ટિકનું રો મટીરીયલ બધું ગલ્ફ કન્ટ્રીમાંથી આવે છે. પેટ્રોકેમિકલની શોર્ટ સપ્લાયને લીધે વોટર પેકેજીંગ બિઝનેસને ગંભીર અસર પહોંચે છે. રો મટીરીયલ નો ભાવ બમણો થઈ ગયો છે.

# ગિફ્ટ સિટીમાં હાઈબ્રિડ ગાંજાનું દુબઈ થાઈલેન્ડ કનેક્શન ખૂલ્યું

## MBA થયેલા અંકિતની ઇન્ટરનેશનલ સિન્ડિકેટ

• ગાંધીનગર

પાટનગર ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીના પોશ ગણાતા શોભા ડ્રીમ હાઈટ્સ ટાવરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે દરોડો પાડીને 26 લાખની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરી અંકિત કક્કડની ધરપકડ કરી રિમાન્ડ મેળવામાં આવ્યા હતાં.

ત્યારે રિમાન્ડ દરમ્યાન અંકિત MBA ડિગ્રી ધારક ઉપરાંત સમગ્ર નશાના કારોબારના તાર દુબઈ અને થાઈલેન્ડ જેવા દેશો સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. આ એક ચોક્કસ ઈન્ટરનેશનલ સિન્ડિકેટ દ્વારા સોશિયલ મીડિયાથી નેટવર્ક ચાલતું હોવાનો એસઓજી પોલીસની તપાસમાં ઘટસ્ફોટ થયો છે.સમગ્ર નેટવર્ક સોશિયલ મીડિયાના માધ્યમથી દુબઈ અને થાઈલેન્ડથી ઓપરેટ કરાતું.સમગ્ર નેટવર્ક સોશિયલ મીડિયાના માધ્યમથી દુબઈ અને થાઈલેન્ડથી ઓપરેટ કરાતું. ગિફ્ટ સિટીના લકઝુરિયસ ફ્લેટમાંથી કાળો કારોબાર ચલાવતો તાજેતરમાં ગાંધીનગર SOGના પી.આઈ. એચ.આઈ. ભાટી અને તેમની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે ગિફ્ટ સિટીના શોભા ડ્રીમ હાઈટ્સ ટાવરના 23મા માળે આવેલા ફ્લેટ નંબર 1235માં દરોડો પાડવામાં આવ્યો હતો. આ હાઈપ્રોફાઈલ ફ્લેટમાં પોલીસ ત્રાટકતા ચકચાર મચી ગઈ હતી. તપાસ દરમિયાન બેડરૂમમાં રાખેલી બ્રાન્ડેડ બેગમાંથી 0.746 કિલોગ્રામ લીલાશ પડતો વનસ્પતિજન્ય પદાર્થ મળી આવ્યો હતો. સોશિયલ મીડિયાનું માધ્યમ, દુબઈ અને થાઈલેન્ડથી નેટવર્ક ઓપરેટ ત્યારે FSLના સાયન્ટિફિક ઓફિસર દ્વારા સ્થળ પર કરવામાં આવેલા પરીક્ષણમાં આ પદાર્થ હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું સાબિત થયું હતું, જેની બજાર કિંમત અંદાજે 26.11 લાખથી વધુ છે.પોલીસ તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે આ રેકેટ માત્ર સ્થાનિક સ્તરે નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલું છે. ઝડપાયેલા આરોપી અંકિત રાજેશભાઈ કક્કડ (રહે. રાજકોટ/મોરબી) ની તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર નેટવર્ક સોશિયલ મીડિયાના માધ્યમથી દુબઈ અને થાઈલેન્ડથી ઓપરેટ કરવામાં આવતું હતું.

# 'તોડકાંડ'ના આરોપ પછી રાજકોટમાં રાજકીય ગરમાવો:ભાજપના પૂર્વ કોર્પોરેટર શહેર પ્રમુખ પાસે ખુલાસો આપવા પહોંચ્યા

• રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે જ ભાજપના પૂર્વ કોર્પોરેટરનો કથિત લાંચની માગણી કરતા વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે. શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ ખુલાસો પૂછવા અનિલ મકવાણાને આજે 14 માર્ચે કાર્યાલય પર બોલાવતા તેઓ કાર્યાલય પર પહોંચ્યા હતા. પ્રમુખ દ્વારા ત્રણ દિવસમાં ખુલાસો કરવા સૂચના આપી છે. તો બીજી તરફ અનિલ મકવાણા સર્કિટ હાઉસમાં બેસી પૈસાની લેતીદેતી કરતા હોવાનો કથિત વીડિયો સર્કિટ હાઉસનો હોવાથી કોંગ્રેસે આજે સર્કિટ હાઉસમાં ગંગાજળનો છંટકાવ કરી શુદ્ધીકરણ કર્યું હતું. સાથે જ રામધૂન બોલાવી ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતાં. આ સમયે પોલીસે તમામ કાર્યકર્તાની ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી.NSUIનાં પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસના નેતા આદિત્યસિંહ ગોહિલે જણાવ્યું કે, છેલ્લા 2-3 દિવસથી રાજકોટની જનતામાં અને મીડિયા દ્વારા ભાજપના પૂર્વ નગરસેવક અનિલ મકવાણા જે રીતે સામાન્ય નાગરિકો પાસેથી પ્લાન કમ્પ્લીશન અને ખોટા બાંધકામના નામે 3 લાખ, 4 લાખ અને તેમાંથી 1.50 લાખ રૂપિયા લેવાની વાતો કરી રહ્યા છે તે ગંભીર બાબત છે. સર્કિટ હાઉસના ટેબલ ઉપરથી એવું કહેવામાં આવે છે કે, કોન્ફરન્સ રૂમ ખોલી આપો, આ અમારું સર્કિટ હાઉસ છે .

પ્રિ-મોન્સુન એક્ટિવિટીથી ગરમીમાં રાહત થશે; તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો

# અસહ્ય ગરમી વચ્ચે મેઘરાજાની એન્ટ્રી, 18થી 20મી સુધી કમોસમી માવઠું:ખેડૂતોના જીવ તાળવે ચોંટયા

• અમદાવાદ



રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ આકરી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો હતો. ઘણા શહેરોમાં તાપમાન 40થી 42 ડિગ્રી સુધી પહોંચી જતા લોકો આકરા તાપમાં શેકાઈ ગયા હતાં. જોકે હવે નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં પલટો આવશે તેમજ 18થી 20મી માર્ચ સુધી કમોસમી વરસાદની પણ આગાહી કરવામાં આવતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

રાજ્યમાં છેલ્લા બે દિવસમાં તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા મોટા શહેરોમાં તાપમાન 36થી 38 ડિગ્રી વચ્ચે નોંધાયું છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં તાપમાન ધીમે ધીમે વધતું જાય છે, પરંતુ આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે બપોરના સમયે ગરમીનો અહેસાસ યથાવત રહી શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યના વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે અને પવનની દિશામાં ફેરફાર થશે. જેના પરિણામે દિવસના તાપમાનમાં થોડો ઘટાડો જોવા મળશે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગરમીમાંથી નાગરિકોને રાહત મળશે.તેમજ માર્ચ મહિનામાં જ પ્રિ મોન્સુન એક્ટિવિટીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 18 માર્ચથી 20 માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી શકે છે. વાતાવરણમાં પલટો આવતા નાગરિકો માટે ગરમીમાંથી થોડી રાહત મળશે. ત્યાં ખેડૂતો માટે ચિંતા વધારી શકે છે. અનેક વિસ્તારોમાં ઘઉં, જીરૂં, ચણા સહિતના પાકને કમોસમી વરસાદ થાય તો નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

**એસિડ એટેક**

### સુરત કોર્ટમાં પત્ની પર એસિડ ફેંકનાર વૃદ્ધે લખ્યું- 'પત્ની માનસિક રોગી, દીકરીઓ મને દુશ્મન ગણે છે'

# 2% કેસમાં એસિડ એટેક જરૂરી, ડોક્ટર પાસેથી મળી સનસનીખેજ ચિઠ્ઠીઓ

## પોલીસને ઘટનાસ્થળેથી કપડાની એક થેલી મળી આવી હતી, જેમાં 31 હજાર રૂપિયા રોકડા અને પાંચ અલગ અલગ કાગળના ટુકડાઓ (ચિઠ્ઠીઓ) મળી આવ્યા હતા

• સુરત

સુરત શહેરની કોર્ટમાં પત્ની પર એસિડ ફેંકી પોતે ઝેરી દવા ગટગટાવનાર 70 વર્ષીય આયુર્વેદિક ડોક્ટર પાસેથી મળેલી ચિઠ્ઠીઓએ અનેક રહસ્યો ખોલ્યા છે. જેમાં ડોક્ટર દ્વારા પોતાની વર્ષોની પીડા, કૌટિંબિક વિખવાદ અને પત્ની-પુત્રીઓ પ્રત્યેનો રોષ ઠાલવ્યો હતો. ચિઠ્ઠીમાં તેમણે ચોંકાવનારું લખાણ લખ્યું છે કે, 'પત્ની માનસિક રોગી, દીકરીઓ મને દુશ્મન ગણે છે' અને સમાજમાં થતા 98% એસિડ એટેક બિનજરૂરી, પરંતુ 2% કિસ્સોમાં જરૂરી હોઈ શકે.

ઉલ્લેખનીય છે કે, પોલીસને ઘટનાસ્થળેથી કપડાની એક થેલી મળી આવી હતી, જેમાં 31 હજાર રૂપિયા રોકડા અને પાંચ અલગ અલગ કાગળના ટુકડાઓ (ચિઠ્ઠીઓ) મળી આવ્યા હતા.

ઘટનાના પગેલ બન્ને ઈજાગ્રસ્ત પતિ-પત્નીને સારવારમાં ખસેડાયાં હતા.ડોક્ટરે પત્ની માનસિક રોગી હોવાનો દાવો કર્યો ડોક્ટરે લખેલી ચિઠ્ઠઓમાં સૌથી વધુ આક્રોશ તેમની પત્ની વિરૂદ્ધ જોવા મળ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે, મારી પત્ની માનસિક રોગી છે (ડિસ્લેક્સીયા હાયપરએક્ટિવ + એડલ્ટ AHDH). વધુમાં લખ્યું હતું કે, જેટલા એસિડ એટેક થયા છે તેમાં 98% (લગભગ) બિનજરૂરી હોય છે, પરંતુ 2% જરૂરી હોઈ શકે. એક સજ્જન વ્યક્તિ જેના ખુબ જ ઉપકાર છે તેને બરબાદ કરીને પણ નહીં છોડે તેના માટે બીજું શું હોય.

ચિઠ્ઠીઓમાં ડોક્ટરે લખ્યું હતું કે, સમાધાનની પ્રમાણિક ફોર્મ્યુલા... મારા તરફથી કોઈપણ શરત નથી. મારી 75 વર્ષની વૃદ્ધ અવસ્થામાં મારા ઉપર ભરણપોષણનો ખોટો કેસ કરી મને આર્થિક, શારીરિક, માનસિક, સામાજીક અને કૌટુંબિક નુકસાન થયું છે અને ભરણપોષણના નામે લગભગ રૂપિયા 1.50 લાખ પડાવી લીધા છે. જે હું પાછા માંગવાનો નથી. ચિઠ્ઠીમાં વધુમાં લખ્યું હતું કે, તમારા તરફથી કોઈ શરત મુકવાની નથી. પૈસાની કોઈ ડિમાન્ડ કરવાની નથી. સામસામે કેસ પાછા ખેંચી લેવાના છે.

પોલીસકર્મીના હાથમાં રહેલી થેલીમાં વૃદ્ધ એસિડ અને દવા લાવ્યો હતો.'મારી દીકરીઓ મારી સાથે એક દુશ્મનની જેમ વર્તે છે' ડોક્ટરે ચિઠ્ઠીઓમાં પોતાની પુત્રીઓ પર પણ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. તેમણે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, મને કંગાળ કરવામાં મારી પત્ની અને પુત્રીઓએ કંઈ બાકી રાખ્યું નથી. કોર્ટમાં પણ મારી દીકરીઓ મારી સાથે એક દુશ્મનની જેમ વર્તે છે અને મને નફરત કરે છે.

અન્ય એક ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, આ રકમ રૂપિયા 31,700



મારી અંતિમવિધી લાકડા માટે છે, તે રકમ એડવોકેટ જયદેવસિંહ (વિજયભાઈ) ચૌહાણને આપશો. મારા મૃત્યુ પછી મારો કોઈપણ નિર્ણય તેઓ લઈ શકશે. થેલીમાં પૈસા છે લગભગ 25,000 રૂપિયા તે ચૌહાણ સાહેબને આપવાના છે. મારી અંતિમવિધીના લાકડા માટે. મારા વતી ઘણા બધા પૈસા ચૌહાણ સાહેબે ચૂકવ્યા છે, તેઓ મારા સર્વસવ છે.

વધુમાં લખ્યું હતું કે, મારા કોર્ટ કેસની સચ્ચાઈ એડવોકેટ ચૌહાણ સાહેબ જાણે છે. તેઓએ હંમેશા કાયદામાં રહીને જ મને સલાહ આપી છે.

કોર્ટમાં બનેલી ઘટનાને પગલે વકીલો સહિતના પક્ષકારો સ્તબ્ધ થઈ ગયા હતા.13 માર્ચ 2026ના રોજ 70 વર્ષીય આયુર્વેદિક ડોક્ટર થેલીમાં બધો જ સામાન લઈ કોર્ટમાં પહોંચ્યા હતા. ભરણપોષણના કેસમાં શરતો મંજૂર ન થતા ઉશ્કેરાયેલા ડોક્ટરે પત્નીનો ચોંટલો પકડી તેને પાછળ ખેંચી હતી અને બાદમાં ડાયરેક્ટ ચહેરા ઉપર એસિડ ફેંક્યો હતો. આ હુમલામાં પત્નીની ડાબી આંખમાં ગંભીર ઈજા થઈ છે. જ્યારે હુમલો કર્યા બાદ ડોક્ટરે તરત જ પોતાની પાસે રહેલી ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

ઉમરા પોલીસના જણાવ્યા અનુસાર, હાલમાં વૃદ્ધ ડોક્ટર વિનોદભાઈ અને તેમની પત્ની બંનેની તબિયત સ્થિર છે. ડોક્ટરને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. પોલીસે તેમની થેલીમાંથી મળેલી તમામ ચિઠ્ઠીઓ અને પુરાવાઓ કબજે કર્યા છે. વર્ષો જૂના પારિવારિક વિવાદનો આવો કરુણ અંજામ આવશે તેવી કલ્પના કોર્ટ પરિસરમાં હાજર કોઈએ કરી નહોતી. જ્યારે આરોપી ડોકટરની તબિયત ઠીક થશે ત્યારે તેની કાયદેસર ધરપકડ થશે.

સુરત જિલ્લા સેવા સદનના એ-બ્લોકમાં આવેલા પાંચમા માળે આજે કાળજું કંપાવનારી ઘટના બની હતી. ફેમિલી કોર્ટમાં જ્યારે ભરણપોષણના કેસની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે 75 વર્ષીય આયુર્વેદિક ડોક્ટરે પોતાની 61 વર્ષીય પત્ની પર અચાનક એસિડ ફેંકી દીધું હતું. જજની હાજરીમાં જ બનેલી ઘટનાને પગલે કોર્ટ રૂમમાં નાસભાગ મચી ગઈ હતી અને વકીલો સહિતના પક્ષકારો સ્તબ્ધ થઈ ગયા હતા. (વાંચો સંપૂર્ણ સમાચાર)

અમદાવાદમાં પત્નીએ જ પોતાના પતિ પર એસિડ ફેંક્યું હતું. 5 મહિના પહેલાં અમદાવાદમાં પત્નીએ પતિ પર એસિડ-એટેક કર્યો હતોઆજથી પાંચ મહિના પહેલાં અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં એસિડ-એટેકની ઘટના સામે આવી હતી. સામાન્ય રીતે પુરુષ દ્વારા મહિલા પર એસિડ-એટેકની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ આ કિસ્સામાં તો પત્નીએ જ પોતાના પતિ પર એસિડ ફેંક્યું હતું. આરોપી મહિલાએ પતિના અન્ય સ્ત્રીઓ સાથે સંબંધની શંકા રાખી એસિડ-એટેક કર્યો હતો. આ એસિડ-એટેકમાં ભોગ બનનાર પતિ શરીરથી નીચેના ભાગે ગંભીર રીતે દાઝ્યો હતો. સેટેલાઈટ પોલીસે આરોપી પત્નીની ધરપકડ કરી હતી.

### ગાંધીના ગુજરાતમાં ગોડસેના વંશજનો કાર્યક્રમ! , પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

# સુરતમાં કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ બાદ પહેલા બેનરો હટાવાયા હવે 'સુરક્ષિત ભારત' કાર્યક્રમ રદ કરાયો

**કોંગ્રેસની ચીમકી, આયોજક દ્વારા કાર્યક્રમ રદ કરાયો**

## ' હોર્ડિંગ્સ લગાવીને નથુરામ ગોડસેને 'દેશભકત ' તરીકે દર્શાવવાનો પ્રયાસ '

• સુરત

સુરત શહેરના સિટીલાઈટ વિસ્તારમાં આજરોજ સુરક્ષિત ભારત કાર્યક્રમ યોજાનાર હતો. જોકે આ કાર્યક્રમમાં નથુરામ ગોડસેના વંશજને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સાથે નથુરામની તસવીર સાથેના બેનરો પણ લગાવવામાં આવ્યા હતાં. જેને લઈને કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. જેથી પહેલા બેનરો હટાવવામાં આવ્યા હતાં. જોકે કાર્યક્રમ થશે તો કઈ પણ થશે તો જવાબદારી આયોજકોની રહેશે તેવી કોંગ્રેસ દ્વારા ચીમકી આપવામાં આવી હતી. જેથી આખરે કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી હતી. આજે પણ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ સ્થળ પર પહોંચતા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



સુરત શહેરના સિટી લાઈટ વિસ્તારમાં સ્થિત મહેશ્વરી ભવન ખાતે 'શ્રીરામ કૃષ્ણ સમિતિ' દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "સુરક્ષિત ભારત સનાતન અતીત, વર્તમાન અને ભવિષ્યના પડકાર અને સમાધાન' વિષયક આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અજિંક્ય ગોડસેને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓ નથુરામ ગોડસેના વંશજ તરીકે ઓળખાય છે. આ આમંત્રણ સાથે લગાવવામાં આવેલા પોસ્ટરોમાં ગોડસેની તસ્વીર હોવાને કારણે શહેરમાં ચર્ચાનો માહોલ ઉભો થયો હતો.કાર્યક્રમના પ્રચાર માટે સુરતના અનેક મુખ્ય માર્ગો પર મોટા હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા હતા. આ બેનરોમાં નથુરામ ગોડસેને 'દેશભકત' તરીકે દર્શાવવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.પોસ્ટરો સામે આવતા જ ગાંધીવાદી વિચારધારા ધરાવતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને આ મુદ્દો રાજકીય ચર્ચાનો કેન્દ્ર બની ગયો હતો.વિરોધના પગલે પહેલા બેનરો હટાવવામાં આવ્યા હતા. જોકે કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ થાય અને કઈ ઘટના બને તો તેની જવાબદારી આયોજકોની રહેશે તેવી ચીમકી આપવામાં આવી હતી. જેથી આખરે આયોજક નરેન્દ્ર શાહુ દ્વારા કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યો હતો. વિવાદ વધી જતા ઉમરા પોલીસ મથક દ્વારા રવિવારના કાર્યક્રમને હજુ સુધી સત્તાવાર પરવાનગી આપવામાં આવી નથી.કાર્યક્રમને લઈને આજે પણ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ સ્થળ પર મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. વિરોધને લઈને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે જ આ કાર્યક્રમમાં હાજર રહેનાર પૂર્વ સૈનિકો સહિતના લોકો પણ કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા ત્યારે તેમને કાર્યક્રમ રદ થયો હોવાની જાણ થઈ હતી જેથી તેમનામાં પણ રોષ જોવા મળ્યો હતો.કોંગ્રેસ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ કહ્યું હતું કે, કારણ કે તેઓ જો રાષ્ટ્રપિતા, જેમને વિશ્વની અંદર એમની કેટલીય દેશોમાં એમની મૂર્તિ છે, એમનો ઈતિહાસ છે, એમના ઉપર કેટલીય બુકો લખવામાં આવી છે. એવા મહાન આપણા રાષ્ટ્રપિતાની વિરુદ્ધમાં જો તેઓ એમના હત્યારાને, એમના આતંકવાદી જેવા હત્યારાને જો તેઓ ગુણગાન કરવા માંગતા હોય, તો એ પ્રવૃત્તિ કોંગ્રેસ પાર્ટી નહીં ચાલવા દે, ભારતના લોકો નહીં ચાલવા દે. એ સાથે અમે અહીં આવ્યા હતા અને આજે આ કાર્યક્રમ રદ થયો છે.

# સુરત એરપોર્ટ પર 'ફ્લાઈટ' લેન્ડ થતા 1500 કરોડનો કૌભાંડી દબોચાયો

## આંતરરાષ્ટ્રીય સ્તરની ટ્રેડિંગ ગેંગના મુખ્ય સૂત્રધારને દુબઈથી સીધી ફ્લાઈટ ન મળી તો બેંગકોકનો રૂટ પકડ્યો

• સુરત

સુરત સાયબર ક્રાઈમ સેલે એક મોટી સફળતા હાંસલ કરતા આંતરરાષ્ટ્રીય સ્તરની ટ્રેડિંગ ગેંગના મુખ્ય સૂત્રધાર અલ્પેશ વઘાસીયાને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દબોચી લીધો છે. શેર ટ્રેડિંગ અને કરન્સી ટ્રેડિંગના નામે કરોડો રૂપિયાનું ફૂલેકુ ફેરવનાર આ આરોપી દુબઈમાં બેસીને નેટવર્ક ચલાવતો હતો. ચોંકાવનારી વિગત એ છે કે આરોપી માત્ર ધોરણ 9 સુધી જ ભણેલો છે, છતાં તેણે 1500 કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન ધરાવતું આખું સાયબર સામ્રાજ્ય ઊભું કરી દીધું હતું.આરોપી અલ્પેશ વઘાસીયા છેલ્લા ઘણા સમયથી દુબઈમાં રહીને પોતાની છેતરપિંડીની ફેક્ટરી ચલાવતો હતો. જોકે, ત્યાંની વર્તમાન કફોડી પરિસ્થિતિ અને ખાસ કરીને યુદ્ધ જેવી સ્થિતિને કારણે તે દુબઈ છોડવા માંગતો હતો. માત્ર 9 ધોરણ ભણેલા અલ્પેશને અંગ્રેજી આવડતું નહોતું, જેના કારણે તેને વિદેશમાં રહેવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. આખરે તેણે ભારત પરત ફરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ તેને પકડવા માટે પોલીસે પહેલેથી જ લૂક આઉટ સર્ક્યુલર (LOC) જારી કરી દીધો હતો.હમેશા પોલીસને ચકમો આપનાર માટે અલ્પેશ વઘાસીયાએ ત્રણ વખત સુરત આવવા માટે ફ્લાઈટ બુક કરાવી હતી, પરંતુ સંજોગોવશાત તે ફ્લાઈટ રદ થઈ ગઈ હતી. છેવટે, તે સીધો સુરત આવવાને બદલે પહેલા બેંગકોક ગયો હતો. બેંગકોકથી વાયા વાયા થઈને તે સુરત એરપોર્ટ પર ઉતર્યો ત્યારે સાયબર ક્રાઈમની ટીમે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. આ આરોપી મૂળ રાજકોટના ગોંડલનો વતની છે અને સુરતના વેલંજા વિસ્તારમાં આલીશાન બંગલામાં રહેતો હતો.આ સાયબર કૌભાંડ કેટલું વિશાળ છે તેનો અંદાજ તપાસ દરમિયાન મળેલા આંકડાઓ પરથી લગાવી શકાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગના અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. 15,36,30,08,975ના ટ્રાન્ઝેક્શન થયા છે. આ રકમનો આંકડો જોઈને તપાસકર્તા અધિકારીઓ પણ ચોંકી ગયા છે. આ નાણાં ક્યાંથી આવ્યા અને કોના ખિસ્સામાં ગયા તે દિશામાં હવે ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.આરોપીઓએ ઉત્રાણ અને રાજકોટમાં લકઝુરિયસ ઓફિસો ખોલી હતી. સુરતમાં 'IV Trade' અને રાજકોટમાં 'Sky Growth Wealth Management' ના નામે લોકોને મલ્ટી લેવલ માર્કેટિંગ (MLM) ની સ્કીમોમાં ફસાવવામાં આવતા હતા. કોઈ પણ વેલિડ લાયસન્સ વગર તેઓ કરન્સી ટ્રેડિંગ અને શેર ટ્રેડિંગમાં ઉંચા વળતરની લાલચ આપતા હતા. રોકાણકારોના નાણાં આંગડિયા અને શેલ કંપનીઓના બેંક એકાઉન્ટ મારફતે સીધા દુબઈ મોકલી આપવામાં આવતા હતા.અત્યાર સુધીની તપાસમાં 35 જેટલા સાક્ષીઓ અને રોકાણકારો સામે આવ્યા છે, જેઓ આ ટોળકીના શિકાર બન્યા છે. આરોપીઓએ આ રોકાણકારો પાસેથી કુલ રૂ. 4,26,86,550/- પડાવી લીધા હોવાનું સ્પષ્ટ થયું છે. હજુ પણ અનેક ભોગ બનનારા લોકો સામે આવે તેવી શક્યતા છે. 'Hantec Markets' જેવી ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરીને લોકોને એવું લાગતું કે તેમનું ટ્રેડિંગ થઈ રહ્યું છે, પણ હકીકતમાં તે માત્ર એક આંકડાકીય માયાજાળ હતી.સમગ્ર મામલે ડીસીપી બિશાખા જૈનએ જણાવ્યું હતું કે, આ કેસમાં સુરત સાયબર ક્રાઈમ દ્વારા અગાઉ ડેનીશ ઉર્ફે હેમલ ધાનક, જયસુખ પટોળીયા, યશ પટોળીયા અને અજય ઉર્ફે ગોપાલ ભિંડીની ધરપકડ કરવામાં આવી હતી.

# બેંગકોકથી આવેલી ફ્લાઈટમાંથી દોઢ કરોડનો ગાંજો ઝડપાયો

## સીટની નીચે સેફ્ટી જેકેટના પાઉચમાં 4 પેકેટ છુપાવેલા હતા

• સુરત

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) એ મોટી કાર્યવાહી કરતા વિદેશથી આવતી ફ્લાઈટમાંથી દોઢ કરોડની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. બેંગકોક-સુરત ફ્લાઈટમાં સીટની નીચે ડ્રગ્સ છુપાવ્યું હોવાની બાતમીના આધારે હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં આ સફળતા મળી છે. નવાઈની વાત એ છે કે, આ નશીલો પદાર્થ સીટ નંબર 12E અને 12F ની નીચે સેફ્ટી જેકેટ રાખવાના ખાનામાં બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો.એર ઈન્ડિયા એક્સપ્રેસ (IX-263) ફ્લાઈટ બેંગકોકથી સુરત ગત રોજ રાત્રે 7.40 કલાકે સુરત એરપોર્ટ પર લેન્ડિંગ કર્યું હતું. જેમાંથી 1656.07 ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. સીટ નં. 12E અને 12F નીચેના પાઉચમાં ગાંજો છુપાવ્યો હતો. ગાંજો પકડાઈ જવાથી બચાવવા માટે ખાસ વેક્યૂમ પેકડ પોલિથિનનો ઉપયોગ કર્યો હતો. તપાસ દરમિયાન કુલ 4 પેકેટ મળી આવ્યા હતા, જેમાં 3 પેકેટ ગ્રે કલરની સેલો ટેપથી વિંટાળેલા હતા. 1 પેકેટ બ્રાઉન કલરની સેલો ટેપથી વિંટાળેલું હતું.કસ્ટમ્સ વિભાગે સઘન તપાસ દરમિયાન આ જથ્થો કબજે કર્યો હતો. શંકાસ્પદ પદાર્થની તપાસ 'ફીલ્ડ ટેસ્ટ કીટ' દ્વારા કરવામાં આવતા તે હાઈ-ક્વોલિટી ગાંજો હોવાનું કન્ફર્મ થયું હતું. જે બાદ NDPS એક્ટ-1985 હેઠળ ગુનો નોંધી સમગ્ર જથ્થો જપ્ત કરી લેવાયો છે. આ જથ્થાની કિંમત અંદાજે દોઢ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે.કસ્ટમ્સ વિભાગ હવે એ તપાસ કરી રહ્યું છે કે આ સીટ પર બેંગકોકથી કોણે મુસાફરી કરી હતી. એરલાઈન્સ પાસેથી પેસેન્જર લિસ્ટ મંગાવવામાં આવ્યું છે. આ ડ્રગ્સ સુરતમાં કોને ડિલિવરી કરવાનું હતું અને આ નેટવર્ક પાછળ કોણ છે.

# સુરત મેટ્રોના અંડરગ્રાઉન્ડ રૂટમાં મુંબઈથી અદ્યતન મોબાઇલ નેટવર્ક હશે

• સુરત

સુરત મેટ્રોના ભૂગર્ભ રૂટમાં મુંબઈ મેટ્રો કરતાં વધુ અદ્યતન મોબાઈલ નેટવર્કિંગ હશે. ચોક બજાર, મસ્કતી અને લાભેશ્વર મેટ્રો સ્ટેશનો પર બિલ્ટ-ઈન 5G કવરેજ સોલ્યુશન્સ ઈન્સ્ટોલ કરવામાં આવશે, જેથી મુસાફરોનું મોબાઈલ નેટવર્ક વિક્ષેપિત ન થાય. GMRC એ ભૂગર્ભ સ્ટેશનો અને ટનલમાં સીમલેસ મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. આ મેટ્રો મુસાફરી દરમિયાન 2G થી 5G સુધી સુસંગત અને સુધારેલ સિગ્નલ કામગીરી સુનિશ્ચિત કરશે.મેટ્રોની મુસાફરીમાં ઘણીવાર કોલ ડ્રોપ, ઈન્ટરનેટ આઉટેજ અથવા મેસેજ જવામાં વાર લાગવી જેવી સમસ્યાઓનો સામનો થાય છે. નેટવર્ક ખાસ કરીને ભૂગર્ભમાં ઘણીવાર વર્ચ્યુઅલ રીતે અસ્તિત્વમાં નથી. બિલ્ટ-ઈન સોલ્યુશન્સ મુસાફરો માટે સીમલેસ વીડિયો કોલ, ઓનલાઈન પેમેન્ટ, સોશિયલ મીડિયા કે ઓફિસને લગતા કામો વિક્ષેપ વિના કરી શકાશે. GMRC ની યોજના અનુસાર, લાઈસન્સધારક સમગ્ર નેટવર્ક સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે. લાઈસન્સનો સમયગાળો અંદાજે 9 વર્ષનો રહેશે.સુરત મેટ્રો રેલના ભૂગર્ભ વિભાગ માટે ટનલ બની ગઈ છે. હવે ટ્રેક-ભૂગર્ભ સ્ટેશનનું કામ ચાલી રહ્યું છે. મેટ્રોના ભૂગર્ભમાં મોબાઈલ નેટવર્ક માટે ટેન્ડર પ્રક્રિયા બે પેકેજમાં કરાશે. પ્રથમ ટેકનિકલ દરખાસ્ત અને બીજામાં નાણાકીય દરખાસ્ત. બીડ સબમિટ કરવાની અંતિમ તારીખ 13 માર્ચ છે. સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન પોર્ટલ પર કરાશે.મુંબઈમાં મેટ્રોની ટનલમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા.

### સુરતના વીવિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારો ટ્રેન મારફતે વતન રવાના

# ગેસ સંકટથી પરપ્રાંતીયોએ વતનની વાટ પકડી

• સુરત

મિડલ ઈસ્ટમાં વધતા યુધ્ધનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે,તેને કારણે હવે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકોની હાલત રોજબરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે. ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાચ ધણા ભાવે વેચાઈ રહી છે જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવું ન હોવાથી હવે તેમની ધીરજનાં બાણ ખુટી જતાં વતનની વાટ પકડી રહ્યાં છે.15 દિવસોથી મિડલ ઈસ્ટમાં યુધ્ધની વધી રહેલી તણાવ ભરી સ્થિતિને કારણે જો કોઈ વસ્તુની સર્વાધિક અસર વર્તાઈ હોય તો તે રાંધણ ગેસની છે. હાલ વધી રહેલી કટોકટીને કારણે તેની સિધી અસર રસોઈથી માંડીને રોજીદાં જીવન ઉપર પણ પડી રહી છે. સામાન્ય 1200 રૂપિયાને ભાવે મળતો ગેસ સિલિન્ડર હવે 2500થી લઈને 3000 રૂપિયા કિંમત ચુકવ્યા બાદ પણ નથી મળી રહ્યો. રાંધણ ગેસની વધતી જતી કાળા બજારી વચ્ચે શ્રમિકો એ તેમના વતન જવુ વધૂ મુનાસિબ સમજી રહ્યાં છે.છેલ્લા બે દિવસોથી સુરત અને ઉધના રેલ્વે સ્ટેશન ઉપર શ્રમિકો વતન તરફ પ્રયાણ કરતા નજરે ચડી રહ્યાં છે. સવારે 8:00 કલાકની ઉધના દાનાપુર ટ્રેન અને 10:30 કલાકે તાપ્તી ગંગા ટ્રેનમાં શ્રમિકોની મહત્તમ ભીડ જોવા મળી રહી છે. ટ્રેનમાં બેસવા રીતસર લાઈનો લાગી રહી છે.વિજય માંગુકિયા (અંજની ઈન્ડસ્ટ્રીયલ અને વિવર્સ એસોશિએશનના પ્રમુખ) એ જણાવ્યું હતું કે, અત્યારે તકવાદીઓ જે તકનો લાભ ઉઠાવી રહ્યા છે અને જે રીતે કામદારોમાં એક જ્યારે ભૂતકાળની અંદર કોરોના કાળ આવ્યો હતો અને લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ હતી ત્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને કામદારોને જે તકલીફ પડી હતી એ દોહરાય નહીં એના માટે કામદારોએ વતનની વાટ પકડી છે અને વીવિંગમાં 50% જેટલા કામદારો અત્યારે હાલમાં જે સ્થિતિ સર્જાય ત્યાર પછી એમના ગામ તરફ જતાં જોવા મળ્યા છે અને ત્યાર પછી જે વીવિંગ ઉદ્યોગની અંદર 30 થી 40 રૂપિયા જે ભાવ વધારો યાર્નના ડીલરો દ્વારા ઝીંકી દેવામાં આવ્યો છે એ પણ સ્થિતિ બગાડી રહ્યો છે અને વીવર્સ પણ વિચારી રહ્યા છે કે કારખાના કેવી રીતે ચલાવવા. જ્યારે કામદારોને ગેસના બાટલાની અછત હોય અને અમારા દ્વારા કલેક્ટરને સોમવારે રજૂઆત કરવામાં આવશે, રૂબરૂ રજૂઆત કરવામાં આવશે, લેખિતમાં રજૂઆત કરવામાં આવશે કે જો 50 થી 60% જ અમારી ફેક્ટરી વીવિંગ ઉદ્યોગ ચાલવાનો હોય તો અમારા ભાગનો જે ગેસ છે જે મળવાપાત્ર ગેસ છે એ કામદારોને આપવામાં આવે અને કામદારોનું પણ જીવન ટકી રહે, જીવનયાત્રા ચાલુ રહે અને કંપનીઓ પણ ચાલુ રહે એવું અમે વિચારી રહ્યા છીએ. વધુમાં જણાવ્યું હતું કે, 50% જેટલા કામદારોએ વતનની વાટ પકડી છે અને જે ગેસ નથી મળી રહ્યો, જે રીતે તકવાદીઓ કરિયાણા સ્ટોર હોય કે પછી અન્ય ખાદ્ય પદાર્થોની ચીજવસ્તુઓ હોય કે પછી રેસીડેન્સીયલ વિસ્તારોની અંદર જે કામદારો જે વસે છે એ વિસ્તારોની અંદર કઈ પણ ચીજવસ્તુ હોય એમાં ભાવ વધારો આપવો પડતો હોય ત્યારે કામદારોમાં ચોક્કસ એક એવી સ્થિતિ ઉભી થઈ શકે એ વતન તરફ જઈ રહ્યા છે.યાર્નના ભાવની અંદર 30 થી 40 રૂપિયાનો અલગ-અલગ ડેનિયરોમાં ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે એટલે ક્યાંક ને ક્યાંક એવી પણ સ્થિતિ છે કે જે ઓર્ડરો લીધેલા છે, વીવર્સોએ જે ઓર્ડરો લીધેલા છે એ ઓર્ડરો પૂરા કરવા માટે થોડું થોડું યાર્ન ખરીદી રહ્યા છે પરંતુ આ તકનો લાભ ઉઠાવવાના જે પ્રયાસો છે એને ડામવા જોઈએ સરકાર દ્વારા અને તંત્ર દ્વારા એવી અમારી માંગ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# શું ગિલ-સેમસન વચ્ચે ઝઘડો થયો? ગિલની T20 વર્લ્ડ કપ પોસ્ટ પર વિવાદ

## ફોટોમાંથી સંજુ ગાયબ, ફેન્સએ ઉઘડો લેતા લખ્યું- એડિટર ઑફ ધ ટુર્નામેન્ટ







ટીમ ઈન્ડિયાના T20 વર્લ્ડ કપના જશ્નની એક ફોટોને લઈને સોશિયલ મીડિયા પર વિવાદ છેડાયો છે. શુભમન ગિલે શેર કરેલી ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સંજુ સેમસન જોવા મળ્યો નથી, જેના પછી ફેન્સે દાવો કર્યો છે કે ફોટો એડિટ કરવામાં આવ્યો છે. જાણો શું છે આખો મામલોઅમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 8 માર્ચ, 2026ના રોજ રમાયેલા ICC મેન્સ T20 વર્લ્ડ કપ ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને 96 રને હરાવ્યું હતું. આ જીત બાદ ટીમ ઈન્ડિયાના સેલિબ્રેશનની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.

આ દરમિયાન એક ફોટોને લઈને નવો વિવાદ ઊભો થયો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટર અને ટેસ્ટ-ODI ટીમના કેપ્ટન શુભમન ગિલની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર ફેન્સે દાવો કર્યો છે કે તસવીરને એડિટ કરવામાં આવી છે અને તેમાંથી વિકેટકીપર બેટર સંજુ સેમસનને હટાવી દેવામાં આવ્યો છે.

ગિલે વર્લ્ડ કપ જીત બાદ સેલિબ્રેશનનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં કેટલાક ખેલાડીઓ ટ્રોફી સાથે જોવા મળી રહ્યા છે. પરંતુ સોશિયલ મીડિયા યુઝર્સે તરત જ નોંધ્યું કે તે ફ્રેમમાં સંજુ સેમસન દેખાઈ રહ્યો નથી. આ પછી ઘણા લોકોએ કોમેન્ટ સેક્શનમાં સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું.એક યુઝરે લખ્યું, 'Which app did you use to remove Sanju Samson? Very neatly done.' એટલે કે સંજુ સેમસનને હટાવવા માટે કઈ એપનો ઉપયોગ કર્યો?બીજા એક યુઝરે કટાક્ષ કરતા લખ્યું કે, 'ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર, ફર્સ્ટ ક્લાસ એડિટર.'કેટલાક ફેન્સે સીધી રીતે ગિલની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે સંજુ સેમસન પણ આ ટીમનો હિસ્સો હતો અને ટુર્નામેન્ટ દરમિયાન તેનું યોગદાન રહ્યું છે, તેથી તેને તસવીરમાંથી હટાવવો યોગ્ય નથી. જોકે, આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી કે તસવીર ખરેખર એડિટ કરવામાં આવી છે કે નહીં. પરંતુ સોશિયલ મીડિયા પર આ મામલો ઝડપથી ચર્ચામાં આવી ગયો છે.

સંજુને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ મળ્યો સંજુ સેમસને T20 વર્લ્ડ કપમાં 5 ઈનિંગ્સમાં 321 રન બનાવીને ભારતને ટાઈટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને તે પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ બન્યો હતો. જ્યારે વન-ડે અને ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલને T20 વર્લ્ડ કપની ટીમમાં જગ્યા મળી નહોતી.

બુમરાહ

ચાહકોનો જવાબ- આકિબ જાવેદ ક્રિકેટના જોની લીવર

# પાકિસ્તાની સિલેક્ટરે કહ્યું- બુમરાહ ઝડપી બોલિંગનો ઉસ્માન તારિક:બેટર્સને લયમાં આવવા દેતા નથી

## ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાયેલા T20 વર્લ્ડ કપમાં ભારતે ખિતાબ જીત્યો હતો

• લાહોર

પાકિસ્તાનના ચીફ સિલેક્ટર આકિબ જાવેદે ભારતીય પેસર જસપ્રીત બુમરાહની સરખામણી પોતાના દેશના સ્પિનર ઉસ્માન તારિક સાથે કરી છે.આકિબે શનિવારે લાહોરમાં કહ્યું- 'બુમરાહની બોલિંગ એક્શન અલગ છે, જેના કારણે બેટર્સને તેની સામે લયમાં આવી શકતા નથી.' જાવેદના આ નિવેદન પર ભારતીય ચાહકો ભડકી ઉઠ્યા છે અને આકિબ જાવેદને ક્રિકેટનો જોની લીવર ગણાવ્યો. યુઝર્સે કહ્યું કે બંનેના અનુભવ અને સિદ્ધિમાં મોટો તફાવત છે. આ પ્રેસ કોન્ફરન્સ એટલા માટે પણ ખાસ રહી, કારણ કે તેમાં સંપૂર્ણ પસંદગી સમિતિ હાજર હતી. જ્યારે કોઈ નવી ટીમની જાહેરાત થવાની ન હતી.

આ બેઠકનો હેતુ ટીમ અને પસંદગી સમિતિ પર થઈ રહેલી ટીકાનો જવાબ આપવાનો હતો. બાદમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન મોહસિન નકવીએ પસંદગી સમિતિના સભ્યો સાથે મુલાકાત કરીને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો.

ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાયેલા T20 વર્લ્ડ કપમાં ભારતે ખિતાબ જીત્યો હતો. ટીમની જીતમાં બુમરાહની બોલિંગે મહત્વની ભૂમિકા ભજવી હતી, ખાસ કરીને સેમિફાઈનલ અને ફાઈનલમાં તેમનું પ્રદર્શન નિર્ણાયક રહ્યું હતું. બીજી તરફ પાકિસ્તાનના સ્પિનર ઉસ્માન તારિકનું પ્રદર્શન ટુર્નામેન્ટમાં ખાસ પ્રભાવશાળી રહ્યું ન હતું. પાકિસ્તાનની ટીમ સુપર-8 રાઉન્ડમાં જ બહાર થઈ ગઈ હતી અને સેમિફાઈનલ સુધી પહોંચી શકી ન હતી. તેનું નામ ટૉપ-5 વિકેટ લેનારાઓમાં પણ ન હતું.




T20 વર્લ્ડ કપમાંથી પાકિસ્તાનના બહાર થવા પર આકિબ જાવેદે કહ્યું- ચાહકો અને મીડિયાએ બલિનો બકરો શોધવાનું બંધ કરી દેવું જોઈએ. જાવેદે ટીમ અને સિલેક્શન કમિટીનો બચાવ કરતા કહ્યું- ટીમ ટુર્નામેન્ટમાં માત્ર એક મેચ હારી અને નેટ રન રેટના કારણે બહાર થઈ ગઈ. તેથી એમ કહેવું કે પાકિસ્તાન ક્રિકેટ સંપૂર્ણપણે બરબાદ થઈ ગયું છે, તે યોગ્ય નથી. આકિબે કહ્યું કે પાકિસ્તાનમાં દરેક હાર પછી કોઈને સજા આપવાની માગ શરૂ થઈ જાય છે. તેમના મતે, દુનિયાના કોઈપણ અન્ય ક્રિકેટ દેશમાં કોચ અને પસંદગીકારોને આટલી જલદી બદલવામાં આવતા નથી. તેમણે કહ્યું કે ચાહકો અને મીડિયાએ 'બલિનો બકરો' બનાવવાની વૃત્તિથી આગળ વધવું પડશે.

પાકિસ્તાન શ્રીલંકા સામેની તેની છેલ્લી સુપર-8 મેચ જીતીને પણ T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયું હતું. તસવીરમાં કેપ્ટન સલમાન અલી આગા.પાકિસ્તાન શ્રીલંકા સામેની તેની છેલ્લી સુપર-8 મેચ જીતીને પણ T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયું હતું. તસવીરમાં કેપ્ટન સલમાન અલી આગા. ભારત સામેની હારના સવાલ પર આકિબ જાવેદે કહ્યું કે મોટી ટુર્નામેન્ટમાં ભારત સામે પાકિસ્તાનનો રેકોર્ડ પહેલેથી જ નબળો રહ્યો છે અને ઘણી પેઢીઓના ખેલાડીઓ અને કેપ્ટન આ હોવા છતાં ભારતને હરાવી શક્યા નથી. T20 વર્લ્ડ કપ પછી પસંદગી સમિતિમાં પણ ફેરફારો થયા છે. અલીમ દારે પેનલમાંથી રાજીનામું આપ્યું, જ્યારે અઝહર અલી પહેલાથી જ અલગ થઈ ગયા હતા. મિસ્બાહ-ઉલ-હક અને સરફરાઝ અહેમદને પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે પસંદગી સમિતિનો આગામી પડકાર પાકિસ્તાન સુપર લીગ 2026 પછી બાંગ્લાદેશ સામે રમાનારી બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ પસંદ કરવાનો રહેશે. હાલમાં પાકિસ્તાનની યુવા ટીમ બાંગ્લાદેશ પ્રવાસે વન-ડે સિરીઝ રમી રહી છે, જે હાલ 1-1થી બરાબરી પર છે.

મસૂરીમાં શાહી અંદાજમાં થયા કુલદીપ-વંશિકાના લગ્ન

# ગોલ્ડન શેરવાનીમાં નીકળ્યા 'ચાઈનામેન', જાનમાં નાચ્યા કૈફ-ચહલ-તિલક, મહેમાનો પાછા ફરવા લાગ્યા

## હોટલમાં મંડપ કોલકાતાથી મંગાવવામાં આવેલા ખાસ ફૂલોથી સજાવવામાં આવ્યો હતો, જ્યાં મુખ્ય લગ્ન સમારોહ થયો

• મસૂરી

કુલદીપ યાદવે 14 માર્ચે પોતાની બાળપણની મિત્ર વંશિકા સિંહ સાથે લગ્નના બંધનમાં બંધાઈને નવા જીવનની શરૂઆત કરી. મસૂરી સ્થિત આઈટીસી સેવોય હોટલમાં આયોજિત શાહી સમારોહમાં બંનેએ પરંપરાગત રીતિ-રિવાજો સાથે લગ્નની વિધિઓ પૂર્ણ કરી.

સાંજે સૌથી પહેલા જયમાળાની વિધિ થઈ. મંચ પર પહોંચીને કુલદીપ યાદવ અને વંશિકા સિંહે એકબીજાને વરમાળા પહેરાવી. જયમાળા પછી રાત્રે મંડપમાં સાત ફેરાની વિધિ પૂર્ણ કરવામાં આવી, જેની સાથે જ બંને વૈવાહિક બંધનમાં બંધાઈ ગયા.



આ પહેલા કુલદીપ યાદવ ગોલ્ડન શેરવાની પહેરીને ઘોડા પર સવાર થઈને જાન સાથે દુલ્હન લેવા નીકળ્યા. જાનમાં હાજર ક્રિકેટરોએ પિંક અને સફેદ રંગના સાફા બાંધ્યા. ઢોલ-નગારાની ધૂન પર મહેમાનો અને ખેલાડીઓએ જોરદાર ડાન્સ કર્યો. બેન્ડ-બાજા માટે દિલ્હીથી છ સભ્યોની ઢોલ વગાડતી ટીમ પહેલાથી જ મસૂરી પહોંચી ચૂકી હતી.

હોટલમાં મંડપ કોલકાતાથી મંગાવવામાં આવેલા ખાસ ફૂલોથી સજાવવામાં આવ્યો હતો, જ્યાં મુખ્ય લગ્ન સમારોહ થયો. લગ્ન પહેલા કુલદીપ યાદવે વીડિયો કોલ દ્વારા જગદ્ગુરુ રામભદ્રાચાર્યના આશીર્વાદ પણ લીધા.

સમારોહમાં હાજરી આપવા માટે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી પણ લગભગ 1.50 કરોડની કારમાં હોટેલ પહોંચ્યા. આ પહેલા શુક્રવારે રાત્રે આયોજિત સંગીત અને કોકટેલ સમારોહમાં ક્રિકેટર સુરેશ રૈના, રિંકુ સિંહ અને યુઝવેન્દ્ર ચહલે વરરાજા સાથે જોરદાર ડાન્સ કર્યો.

સમારોહમાં દિલ્હીથી આવેલા સૂફી સિંગર અને લાઈવ પર્ફોર્મર બિસ્મિલએ પણ પ્રસ્તુતિ આપી. શનિવારે સવારે મોહમ્મદ કૈફ પણ મસૂરી પહોંચ્યા હતા. મહેમાનોને નાસ્તામાં કાનપુરની સ્પેશિયલ ખસ્તા કચોરી અને દાળના વડા પીરસવામાં આવ્યા.

હવે લગ્નની તમામ વિધિઓ પૂર્ણ થઈ ગઈ છે અને મોડી રાત સુધી ઉત્સવનો માહોલ રહ્યો. સવાર સુધીમાં મોટાભાગના મહેમાનો મસૂરીથી પાછા ફરશે.

# કેવિન પીટરસને દિલ્હી કેપિટલ્સની મેન્ટરશિપ છોડી, IPL 2026માં કોમેન્ટ્રી કરશે પૂર્વ કેપ્ટન

IPL 2026 પહેલા કેવિન પીટરસને દિલ્હી કેપિટલ્સ (DC) ની મેન્ટરશિપ છોડી દીધી છે. પૂર્વ ઈંગ્લિશ કેપ્ટન પીટરસને શનિવારે સોશિયલ પ્લેટફોર્મ X પર લખ્યું- 'આ જવાબદારી માટે જેટલો સમય જોઈએ, તે આપી શકશે નહીં.' જોકે, 45 વર્ષના આ પૂર્વ બેટરે દિલ્હીની ટીમ અને ખેલાડીઓને નવી સીઝન માટે શુભેચ્છાઓ આપી. તેમણે એ પણ કહ્યું કે તેઓ IPL દરમિયાન કોમેન્ટ્રી બોક્સમાં જરૂર જોવા મળશે અને ભારતીય લીગનો હિસ્સો બની રહેશે.




પીટરસનને IPL 2025 પહેલા દિલ્હી કેપિટલ્સના મેન્ટર બનાવવામાં આવ્યા હતા. ગત સીઝનમાં દિલ્હીની ટીમ લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. ટીમે 14માંથી 7 મેચ જીતીને પાંચમું સ્થાન મેળવ્યું હતું. પરંતુ, પ્લેઓફમાં જગ્યા બનાવી શકી ન હતી. પીટરસન એક ખેલાડી તરીકે પણ દિલ્હીની ફ્રેન્ચાઈઝીનો ભાગ રહ્યા છે. ત્યારે ટીમનું નામ દિલ્હી ડેરડેવિલ્સ હતું. તેમણે દિલ્હી તરફથી 19 મેચમાં 599 રન બનાવ્યા છે. તેમની ટીમ 2012ના પ્લેઓફમાં પહોંચી હતી, પરંતુ ટાઈટલ જીતી શકી નહોતી. 2014માં દિલ્હી લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ.

પીટરસન IPLમાં પાંચ સીઝન રમી ચૂક્યા છે અને ત્રણ અલગ-અલગ ટીમનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તેઓ કુલ 17 મેચમાં કેપ્ટનશીપ પણ કરી ચૂક્યા છે. 2009માં તેમણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની કેપ્ટનશીપ કરી હતી, જ્યારે 2014માં દિલ્હી ડેરડેવિલ્સની કમાન સંભાળી હતી.

IPL 2026ની શરૂઆત 28 માર્ચથી થશે. પ્રથમ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ આમને-સામને હશે. દિલ્હી કેપિટલ્સ પોતાની પ્રથમ મેચ 1 એપ્રિલે લખનઉ સુપર જાયન્ટ્સ સામે લખનઉના એકાના સ્ટેડિયમમાં રમશે, જ્યારે ટીમની પ્રથમ હોમ મેચ 4 એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ સામે હશે.

# વર્લ્ડકપ ટ્રોફી લઈને સૂર્યા-ગંભીર સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યા

ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ કોચ ગૌતમ ગંભીર શનિવારે T20 વર્લ્ડકપની ટ્રોફી સાથે મુંબઈના શ્રી સિદ્ધિવિનાયક મંદિરે પહોંચ્યા. અહીં બંનેએ ભગવાન ગણેશના દર્શન કરીને ટીમની સફળતા માટે આશીર્વાદ લીધા.આ પહેલા 8 માર્ચે ચેમ્પિયન બન્યા બાદ તેમણે ટ્રોફી સાથે અમદાવાદના હનુમાન મંદિરમાં પણ દર્શન કર્યા હતા. ખેલાડીઓના મંદિર જવા પર પૂર્વ ક્રિકેટર અને TMC સાંસદ કીર્તિ આઝાદે સવાલ પણ ઉઠાવ્યા હતા.ક્રિકેટ ટીમના ઓપનર અભિષેક શર્મા પણ 13 માર્ચે જમ્મુ-કાશ્મીરના કટરા સ્થિત પ્રસિદ્ધ વૈષ્ણોદેવી મંદિરે પહોંચ્યા અને માતા રાણીના દર્શન કરીને આશીર્વાદ લીધા.T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન અભિષેકે પોતાની યાત્રાની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી અને કેપ્શન લખ્યું- જય માતા દી. તસવીરોમાં તે સફેદ કુર્તા-પાયજામા પહેરીને, કપાળ પર તિલક લગાવીને અને હાથ જોડીને દર્શન કરતા જોવા મળ્યા.

અભિષેકે T20 વર્લ્ડકપ ફાઈનલમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફાઈનલ પહેલાની મેચોમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું અને તે સતત 3 વખત શૂન્ય રન પર આઉટ થયો હતો. જોકે, ખિતાબી મુકાબલામાં તેણે શાનદાર વાપસી કરી. અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં તેણે માત્ર 21 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી.8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં T20 વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાઈ હતી. તેમાં ભારતે ન્યુઝીલેન્ડને 96 રનના અંતરથી હરાવીને પોતાનો ખિતાબ બચાવ્યો હતો. ટીમ ઈન્ડિયાએ ત્રીજી વખત આ ટુર્નામેન્ટ જીતી હતી.વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ 8 માર્ચની મોડી રાત્રે ટ્રોફી સાથે અમદાવાદના હનુમાન મંદિરે પહોંચ્યા. અહીં તેમણે ભગવાન હનુમાનના દર્શન કરી પૂજા-અર્ચના કરી. આ દરમિયાન તેમની સાથે ICC ચેરમેન જય શાહ અને ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર પણ હાજર રહ્યા.પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદે ટ્રોફીને મંદિરમાં લઈ જવા બદલ ટીકા કરી હતી. 1983માં વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમના સભ્ય રહેલા કીર્તિ આઝાદે કહ્યું હતું કે જીતનારી ટીમમાં હિંદુ, મુસ્લિમ, શીખ અને ઈસાઈ બધા હતા પરંતુ ટ્રોફી મંદિર લઈ જવામાં આવી. ભારતીય ટીમને તેના પર શરમ આવવી જોઈએ.

# IPL પહેલા જ કોલકાતા નાઈટ રાઈડર્સનું ટેન્શન વધ્યું! સ્ટાર બોલર ઈજાના કારણે થયો બહાર

IPL 2026ની શરૂઆત થવામાં હવે થોડો જ સમય રહ્યો છે, પરંતુ ટૂર્નામેન્ટ પહેલા જ કોલકાતા નાઈટ રાઈડર્સને મોટો ઝટકો લાગ્યો છે. મીડિયા અહેવાલ પ્રમાણે ટીમના સ્ટાર બોલર હર્ષિત રાણા ઈજાના કારણે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. હર્ષિત રાણાને દક્ષિણ આફ્રિકા સામે T20 વર્લ્ડ કપની વૉર્મઅપ મેચ દરમિયાન ઈજા થઈ હતી. તે પોતાનો રન-અપ પૂર્ણ કરી શકતો નહોતો અને એક જ ઓવરમાં બે વાર આવું જોવા મળ્યું. ત્યારબાદ તેને ઘૂંટણમાં દુ:ખાવો થયો અને તે લડખડાતા મેદાનની બહાર નીકળી ગયો હતો. તેણે તે મેચમાં ફક્ત એક જ ઓવર ફેંકી હતી, જેમાં 16 રન આપ્યા હતા. આ ઈજા બાદ સતત મેદાનથી બહાર રહ્યો છે અને હાલમાં તેની રિકવરીમાં સમય લાગી રહ્યો છે. આ જ કારણે તે આ વખતે IPLમાં KKR માટે રમતો નજર નહીં આવશે. એક અહેવાલ પ્રમાણે ત્રણ વખતની ચેમ્પિયન KKRએ હર્ષિત રાણાના રિપ્લેસમેન્ટને લઈને કોઈ નિર્ણય નથી કર્યો.હર્ષિત રાણાની ઈજા કોલકાતા નાઈટ રાઈડર્સ માટે મોટો ઝટકો માનવામાં આવી રહી છે. તે ટીમના મુખ્ય ફાસ્ટ બોલરોમાં સામેલ રહ્યો છે અને છેલ્લી કેટલીક સીઝનમાં તેનું પ્રદર્શન ખૂબ જ પ્રભાવશાળી રહ્યું છે. રાણાએ IPL 2024માં KKRને ટાઈટલ જીતાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે સિઝનમાં તેણે 19 વિકેટ ઝડપી હતી અને ટીમની બોલિંગમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેના આ જ પ્રદર્શન બાદ ટીમ ઈન્ડિયામાં તેના ડેબ્યૂનો રસ્તો પણ ખુલ્યો હતો અને તેણે ધીમે-ધીમે નેશનલ ટીમમાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું.

આર્યના સબાલેન્કા ઈન્ડિયન વેલ્સની ફાઈનલમાં

# સેમિફાઈનલમાં લિન્ડા નોસ્કોવાને 6-3, 6-4 થી હરાવી; ટાઈટલ માટે રાયબકીના સામે થશે ટક્કર

આર્યના સબાલેન્કા ઈન્ડિયન વેલ્સમાં છેલ્લા ચાર વર્ષમાં બે વાર રનર-અપ રહી છે, જ્યારે એક વાર વિજેતા બની છે. ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટમાં વર્લ્ડ નંબર-1 આર્યના સબાલેન્કા ફાઈનલમાં પહોંચી ગઈ છે. તેણે સેમિફાઈનલમાં લિન્ડા નોસ્કોવાને 6-3, 6-4 થી હરાવી. આ મેચ 1 કલાક 28 મિનિટ સુધી ચાલી.

સબાલેન્કા છેલ્લા ચાર વર્ષમાં ત્રીજી વખત ઈન્ડિયન વેલ્સની ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા તે અહીં બે વખત રનરઅપ રહી ચૂકી છે.હવે ફાઈનલમાં તેનો સામનો કઝાકિસ્તાનની એલેના રાયબકીના સાથે થશે. બીજી સેમિફાઈનલમાં રાયબકીનાએ યુક્રેનની એલિના સ્વિટોલિનાને 7-5, 6-4 થી હરાવી.



સબાલેન્કા માટે આ ફાઈનલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. વર્ષ 2026માં સબાલેન્કાએ અત્યાર સુધી 13 મેચ રમી છે, જેમાંથી 12માં તેને જીત મળી છે. તેની એકમાત્ર હાર આ જ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં એલેના રાયબકીના સામે આવી હતી. આવી સ્થિતિમાં રવિવારે સબાલેન્કા પાસે માત્ર તે હારનો બદલો લેવાની તક જ નહીં હોય, પરંતુ ઈન્ડિયન વેલ્સમાં તેના 0-2ના ફાઈનલ રેકોર્ડ (બે વખત રનર-અપ રહેવું)ને સુધારવાનો પણ પડકાર હશે.એલિના રાયબકિનાએ આર્યના સબાલેન્કાને ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં હરાવીને પ્રથમ વખત ખિતાબ જીત્યો હતો.એલિના રાયબકિનાએ આર્યના સબાલેન્કાને ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં હરાવીને પ્રથમ વખત ખિતાબ જીત્યો હતો.

આર્યના સબાલેન્કા અને એલિના રાયબકિના વચ્ચે અત્યાર સુધીમાં કુલ 15 મેચ રમાઈ છે. જેમાં સબાલેન્કાનું પલડું ભારે છે અને તેણે 8 મેચમાં જીત નોંધાવી છે. જોકે, છેલ્લી બે મેચમાં રાયબકિનાએ બાજી મારી છે. સબાલેન્કાએ કહ્યું- રવિવાર માટે સંપૂર્ણપણે તૈયાર છુંફાઈનલ અંગે સબાલેન્કાએ કહ્યું, 'હું સુનિશ્ચિત કરીશ કે રવિવારની મેચ માટે હું સંપૂર્ણપણે તૈયાર રહું. હું મારું શ્રેષ્ઠ ટેનિસ રમીશ અને પૂરો પ્રયાસ કરીશ કે આ વર્ષ મારું હોય.'

### હરિયાણા બાળ સંરક્ષણ આયોગે રેપરને નોટિસ ફટકારી

# ‘હવે સીધી તારા કપાળમાં ગોળી મારીશું’:’ટટીરી’ ગીતને લઈ લોરેન્સ ગેંગની બાદશાહને ધમકી

## આયોગે આદિત્ય પ્રતીક સિંહ સિસોદિયા (બાદશાહ), વીડિયો ડિરેક્ટર- માહી સંધુ અને જોબન સંધુ, પ્રોડક્શન હાઉસ- બટુગેધરપ્રોસ અને સીઈઓ આલાપ ગોશરને નોટિસ મોકલી છે

બોલિવૂડ રેપર બાદશાહ હાલમાં ’ટટીરી’ ગીતને લઈને વિવાદમાં ફસાયો છે. અગાઉ ગીત પર FIR નોંધાઈ ચૂકી છે. મહિલા આયોગે પણ બાદશાહને સમન પાઠવ્યું છે. તેવામાં લોરેન્સ ગેંગે બાદશાહને ગોળી મારવાની ધમકી આપી છે. ઉપરાંત હરિયાણા બાળ સંરક્ષણ આયોગે પણ રેપરને નોટિસ ફટકારી છે.

વાસ્તવમાં હરિયાણાના પાણીપતમાં શનિવારે એક મની એક્સચેન્જ સેન્ટર પર કેટલાક લોકોએ ફાયરિંગ કર્યું. ઘટના બાદ રણદીપ મલિકના નામથી એક સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવી, જેમાં ફાયરિંગની જવાબદારી લેવામાં આવી હતી. પોસ્ટના અંતમાં બોલિવૂડ સિંગર અને રેપર બાદશાહને ’ટટીરી’ સોંગને લઈને ધમકી આપવામાં આવી.પોસ્ટમાં લખ્યું હતું- ’બાદશાહ, તે હરિયાણાની સંસ્કૃતિ ખરાબ કરવાનો પ્રયાસ કર્યો છે. પહેલા 2024માં તારા ક્લબ પર તને ટ્રેલર બતાવ્યું હતું, હવે સીધી તારા કપાળમાં ગોળી મારીશું.’ જોકે આ પોસ્ટની પુષ્ટિ કરતું નથી.

લોરેન્સ ગેંગના સભ્યની ધમકી આપતી કથિત પોસ્ટ. 7 દિવસમાં પક્ષ રજૂ કરવા બાદશાહ અને ગીતના મેકર્સને નોટિસ

’ટટીરી’ ગીતને લઈને બાદશાહની મુશ્કેલીઓ પૂરી થવાનું નામ લઈ રહી નથી. હરિયાણા રાજ્ય મહિલા આયોગ બાદ હવે હરિયાણા બાળ અધિકાર સંરક્ષણ આયોગે બાદશાહને નોટિસ મોકલી છે. સિંગરની સાથે જ મેકર્સને પણ નોટિસ મોકલવામાં આવી છે. આ માટે આયોગે 7 દિવસની અંદર પોતાનો પક્ષ રજૂ કરવાના નિર્દેશ આપ્યા છે.

બાળ અધિકાર સંરક્ષણ આયોગનું કહેવું છે કે, ’ગીતના વીડિયોમાં શાળાના બાળકોને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા છે.’’ટટીરી’ ગીતમાં વિદ્યાર્થિનીઓને ખોટી રીતે રજૂ કરવામાં આવી હોવાના આક્ષેપ લગાવવામાં આવ્યા છે.’ટટીરી’ ગીતમાં વિદ્યાર્થિનીઓને ખોટી રીતે રજૂ કરવામાં આવી હોવાના આક્ષેપ લગાવવામાં આવ્યા છે.

’ટટીરી’ ગીતને લઈને બાળ અધિકાર આયોગને ઘણી ફરિયાદો મળી હતી. ત્યારબાદ શનિવારે આયોગે ઈમેઈલ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા બાદશાહને 7 દિવસની અંદર પોતાનો પક્ષ રજૂ કરવા માટે નોટિસ જારી કરી છે. આયોગ અનુસાર, વીડિયોમાં કેટલાક એવા દ્રશ્યો ફિલ્માવવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓ વચ્ચે અનુશાસનહીનતાને પ્રોત્સાહન આપે છે.



યોગે આદિત્ય પ્રતીક સિંહ સિસોદિયા (બાદશાહ), વીડિયો ડિરેક્ટર- માહી સંધુ અને જોબન સંધુ, પ્રોડક્શન હાઉસ- બટુગેધરપ્રોસ અને સીઈઓ આલાપ ગોશરને નોટિસ મોકલી છે.

સ્કૂલ યુનિફોર્મનો દુરુપયોગ: વીડિયોમાં કલાકારોને સ્કૂલ યુનિફોર્મ પહેરેલા બતાવવામાં આવ્યા છે, જે એક શૈક્ષણિક સંસ્થાની ગરિમા સાથે જોડાયેલો વિષય છે.અનડિસિપ્લિન પ્રસ્તુતિ: વીડિયોના કેટલાક દ્રશ્યોમાં વિદ્યાર્થીનીઓને સ્કૂલ બેગ ફેંકતી અને ભણતર પ્રત્યે સંપૂર્ણપણે ઉદાસીન બતાવવામાં આવી છે.

આયોગની નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, ’મનોરંજનના નામે બાળકોના ભવિષ્ય અને તેમના આચરણ સાથે ચેડાં કરી શકાય નહીં.’ આયોગનું માનવું છે કે, ’બાદશાહ જેવા મોટા કલાકારના કરોડો ફોલોઅર્સ છે, જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકોનો સમાવેશ થાય છે. આવા કિસ્સામાં, આ પ્રકારનું પ્રેઝેન્ટેશન વિદ્યાર્થીઓને અભ્યાસ છોડવા અથવા શાળામાં ખોટું વર્તન કરવા માટે પ્રેરિત કરી શકે છે.’

પાણીપતની ’નારી તું નારાયણી’ સંસ્થાના અધ્યક્ષ સવિતા આર્યા અને ’શિવ આરતી ફાઉન્ડેશન’ના પ્રમુખ શિવ કુમારની ફરિયાદ પર હરિયાણા રાજ્ય મહિલા આયોગે બાદશાહને સમન્સ જારી કર્યું હતું. જેમાં બાદશાહને પોતાનો પક્ષ રજૂ કરવા માટે 13 માર્ચે આયોગ સમક્ષ હાજર થવા જણાવ્યું હતું. જોકે, બાદશાહ શુક્રવારે પાણીપતમાં હાજર રહ્યો નહોતો. તેના વકીલોએ દલીલ કરી કે, કોઈ પ્રોફેશનલ કમિટમેન્ટમાં વ્યસ્ત હોવાને કારણે બાદશાહ આવી શક્યો નહોતો. આયોગ પાસેથી આગળનો સમય માંગવામાં આવ્યો. હરિયાણા મહિલા આયોગે સિંગર બાદશાહને સમન જારી કર્યું હતું. હરિયાણા મહિલા આયોગે સિંગર બાદશાહને સમન જારી કર્યું હતું.

આના પર મહિલા આયોગના અધ્યક્ષ રેણુ ભાટિયા ગુસ્સે થયા. તેમણે ચેતવણી આપી કે, ’જો બાદશાહ 3 વાગ્યા સુધીમાં હાજર નહીં થાય, તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.’ 3 વાગ્યા સુધીમાં બાદશાહના વકીલ ફરી પહોંચ્યા અને સમય માંગ્યો.

આના પર આયોગના અધ્યક્ષે પંચકુલા અને પાણીપત SPને બાદશાહની ધરપકડ અને પાસપોર્ટ જપ્ત કરવાના નિર્દેશ આપ્યા. તેમણે કહ્યું કે બાદશાહ દેશ છોડીને ન જાય. મહિલાઓ અને દીકરીઓને બચાવવા માટે હવે આયોગ કડક પગલાં લેવા આગળ આવ્યું છે.’ટટીરી’ સોંગના વાંધાજનક ગીતો અને છોકરીઓના શોટ્સને લઈને મહિલા આયોગે તેમને 6 માર્ચે નોટિસ મોકલીને પાણીપત SP ઓફિસમાં હાજર થવા જણાવ્યું હતું. જોકે બાદશાહના વકીલે સુરક્ષા કારણોનો હવાલો આપતા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પક્ષ રજૂ કરવાની પરવાનગી માંગી હતી. પંચકુલામાં રહેતા અભય ચૌધરીએ ’ટટીરી’ ગીત વિરુદ્ધ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.હરિયાણવી ફોક સોંગ ‘ટટીરી’નું રેપ વર્ઝન રિલીઝ કરવામાં આવ્યું. તેમાં બાદશાહનો રેપ છે. જ્યારે ફીમેલ વોકલ સિમરન જાગલાનનું છે.બાદશાહ પોતાની ટીમ સાથે સોંગના પ્રમોશન માટે સોનીપત અને કૈથલમાં પહોંચ્યો. આ દરમિયાન તેનું જોરદાર સ્વાગત થયું.રેપમાં વિવાદાસ્પદ બોલ, વિદ્યાર્થીનીઓને સ્કૂલ બેગ ફેંકતા બતાવવા અને રોડવેઝ બસોના ઉપયોગને લઈને વિવાદ શરૂ થયો.

### એક્તા કપૂર ’હુનર’ લોન્ચ કરશે

# બાલાજી ટેલિફિલ્મ્સની નવી કંપની એક્ટર્સ અને ક્રિએટર્સને નવું મંચ પૂરું પાડશે



ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઘણા મોટા સ્ટાર્સ આપનાર પ્રોડ્યુસર એકતા કપૂર હવે ટેલેન્ટ મેનેજમેન્ટની દુનિયામાં પણ પગ મૂકી રહી છે. તેના નેતૃત્વ હેઠળની કંપની બાલાજી ટેલિફિલ્મ્સે નવા ટેલેન્ટ મેનેજમેન્ટ વેન્ચર ‘હુનર’ લોન્ચ કરવાની જાહેરાત કરી છે.ક્રિએટર્સ અને એક્ટર્સને તક અને દિશા આપતું પ્લેટફોર્મઆ નવી કંપની ખાસ કરીને કલાકારોને નિખારવા અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં વાર્તા કહેવા અને પર્ફોર્મન્સના કલ્ચરને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવી છે. ‘હુનર’નો હેતુ બોલિવૂડ અને ભારતીય ટેલિવિઝનના સ્થાપિત કલાકારોની સાથે-સાથે નવા ક્રિએટર્સ અને એક્ટર્સને પણ એક એવું પ્લેટફોર્મ આપવાનો છે, જ્યાં તેમને યોગ્ય દિશા અને તકો મળી શકે. એક્તા કપૂરને ’ટેલિવિઝન ક્વીન’ કહેવામાં આવે છે. કલાકારો પોતાની કળાને નિખારી શકશે કંપનીના જણાવ્યા અનુસાર, આ પ્લેટફોર્મ ટેલેન્ટને માત્ર રજૂ કરવા પૂરતું સીમિત નહીં રહે, પરંતુ કલાકારોની આર્ટિસ્ટિક ગ્રોથ પર પણ કામ કરશે. અહીં કલાકારોને યોગ્ય માર્ગદર્શન, બહેતર તકો અને એક ક્રિએટિવ માહોલ આપવામાં આવશે, જેથી તેઓ પોતાની કળાને નિખારી શકે અને યાદગાર વાર્તાઓનો ભાગ બની શકે. એક્તા કપૂર પીઢ એક્ટર જિતેન્દ્ર અને પ્રોડ્યુસર શોભા કપૂરની દીકરી છે. એકતા કપૂર લાંબા સમયથી નવી પ્રતિભાઓને તક આપવા માટે જાણીતી છે. તેના પ્રોડક્શન હાઉસે ઈન્ડસ્ટ્રીને ઘણા મોટા કલાકારો આપ્યા છે. આવી સ્થિતિમાં, ‘હુનર’ દ્વારા તે તેના આ જ વિઝનને વધુ આગળ વધારી રહી છે.આ પહેલ સાથે બાલાજી ટેલિફિલ્મ્સ માત્ર વાર્તા કહેવાની પોતાની વિરાસતને આગળ વધારી રહ્યું નથી, પરંતુ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કલાકારો માટે એક એવું પ્લેટફોર્મ પણ તૈયાર કરી રહ્યું છે, જ્યાં તેઓ શીખી શકે, આગળ વધી શકે અને પોતાની ઓળખ બનાવી શકે.નવા વેન્ચર વિશે વાત કરતા એકતા કપૂરે જણાવ્યું કે, ’બાલાજી ટેલિફિલ્મ્સમાં હંમેશાથી આ વિશ્વાસ રહ્યો છે કે ટેલેન્ટ ત્યારે જ ચમકે છે, જ્યારે તેને યોગ્ય માહોલ અને પ્રોત્સાહન મળે.’ તેના મતે, ‘હુનર’ દ્વારા એક એવું પ્લેટફોર્મ બનાવવાનો પ્રયાસ છે, જ્યાં કલાકારોને માત્ર મેનેજ નહીં કરવામાં આવે, પરંતુ તેમને સમજવામાં પણ આવશે.એક્તા કપૂરે સિરિયલો ઉપરાંત OTT પ્લેટફોર્મ પર પણ પોતાની પકડ મજબૂત બનાવી છે. તેણે કહ્યું કે, કંપનીનો ઉદ્દેશ્ય કલાકારોને વિચારપૂર્વક માર્ગદર્શન આપવાનો, તેમની વિશેષતાઓ અનુસાર તકો શોધવામાં મદદ કરવાનો અને તેમના લાંબા ગાળાના વિકાસમાં સાથ આપવાનો છે. એકતા અનુસાર, આ પહેલ કલાકારોને પ્રયોગ કરવા અને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવાની તક આપશે. આ નવા સાહસના લોન્ચને ઉજવવા માટે મુંબઈના પ્રતિષ્ઠિત ફેરમોન્ટ મુંબઈમાં એક એક્સક્લુઝિવ ‘હુનર લોન્ચ પાર્ટી’નું આયોજન કરવામાં આવશે. આ ખાસ સાંજમાં બોલિવૂડ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના ઘણા દિગ્ગજ સિતારાઓ, ક્રિએટર્સ, ઈન્ડસ્ટ્રી લીડર્સ અને મીડિયા સાથે સંકળાયેલા લોકો સામેલ થશે.એક્તા કપૂર પીઢ એક્ટર જિતેન્દ્ર અને પ્રોડ્યુસર શોભા કપૂરની દીકરી છે. એકતા કપૂર લાંબા સમયથી નવી પ્રતિભાઓને તક આપવા માટે જાણીતી છે. તેના પ્રોડક્શન હાઉસે ઈન્ડસ્ટ્રીને ઘણા મોટા કલાકારો આપ્યા છે. આવી સ્થિતિમાં, ‘હુનર’ દ્વારા તે તેના આ જ વિઝનને વધુ આગળ વધારી રહી છે.આ પહેલ સાથે બાલાજી ટેલિફિલ્મ્સ માત્ર વાર્તા કહેવાની પોતાની વિરાસતને આગળ વધારી રહ્યું નથી, પરંતુ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કલાકારો માટે એક એવું પ્લેટફોર્મ પણ તૈયાર કરી રહ્યું છે, જ્યાં તેઓ શીખી શકે, આગળ વધી શકે અને પોતાની ઓળખ બનાવી શકે.

### ‘બાહુબલી 2’ અને ’સ્ત્રી 2’ના રેકોર્ડ તોડ્યા

# ‘ધુરંધર 2’એ રિલીઝ પહેલાં જ 27.13 કરોડ કમાયા:પેઈડ પ્રીવ્યુ શોની 5.38 લાખ ટિકિટ વેચાઈ

ડિરેક્ટર આદિત્ય ધર અને એક્ટર રણવીર સિંહની ફિલ્મ ‘ધુરંધર: ધ રિવેન્જ’ એટલે કે ‘ધુરંધર 2’ એ રિલીઝ પહેલા જ પેઈડ પ્રિવ્યૂમાં રેકોર્ડ બનાવ્યો છે. ‘ધુરંધર 2’ એ રિલીઝ પહેલા પેઈડ પ્રિવ્યૂ દ્વારા લગભગ 27.13 કરોડની કમાણી કરી છે.ફિલ્મે ‘ધેય કોલ હિમ ઓજી’ (23 કરોડ) અને ‘બાહુબલી 2’ (22 કરોડ) ને પાછળ છોડી દીધી. આ કલેક્શન ‘સ્ત્રી 2’ ના 8.5 કરોડની સરખામણીમાં લગભગ ત્રણ ગણું છે.સામાન્ય રીતે નિર્માતાઓ થિયેટ્રિકલ રિલીઝ પહેલા દર્શકોની પ્રતિક્રિયા જાણવા માટે કેટલાક પસંદગીના પેઈડ પ્રિવ્યૂ શો રાખે છે. 19 માર્ચે ’ધુરંધર 2’ રિલીઝ થશે. તે પહેલા 18 માર્ચે દેશભરમાં 9550 પેઈડ પ્રિવ્યૂ શો રાખવામાં આવ્યા છે. તેની 5.38 લાખ ટિકિટો વેચાઈ ચૂકી છે.



મુંબઈમાં એક ટિકિટની કિંમત 3100 રૂપિયા સુધી રહી, જ્યારે દિલ્હીમાં 2400 રૂપિયા રહી. આ રીતે ફિલ્મ રિલીઝ પહેલા જ ભારતમાં 27.13 કરોડ કમાઈ ચૂકી છે. જો પહેલાથી બ્લોક કરાયેલી ટિકિટોને ઉમેરી દેવામાં આવે તો કમાણી 31.9 કરોડ સુધી પહોંચી જશે. ’ધુરંધર 2’ 200 કરોડની વૈશ્વિક કમાણી કરે તેવી શક્યતા

વિશ્વભરમાં બુક થયેલા પેઈડ પ્રિવ્યૂ શોની કમાણી જોઈએ તો તે 60 કરોડ સુધી પહોંચે છે. અમેરિકામાં 690 સ્થળોએ 1765 શો રાખવામાં આવ્યા છે. તેમની 67 હજાર ટિકિટ બુક થઈ ચૂકી છે. સમગ્ર ઉત્તર અમેરિકામાં કમાણી 13.1 લાખ ડોલર (12.12 કરોડ) થઈ ચૂકી છે.ફિલ્મ વિવેચક તરણ આદર્શના મતે, ’ધુરંધર 2’ હિન્દી ફિલ્મ ઈતિહાસનો નવો બેન્ચમાર્ક સ્થાપિત કરવા જઈ રહી છે. રિલીઝના પહેલા દિવસે 19 માર્ચે ફિલ્મ 200 કરોડની વૈશ્વિક કમાણી કરી શકે છે નોંધનીય છે કે, ’ધુરંધર 2’ માં રણવીર સિંહ ઉપરાંત અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર. માધવન પણ જોવા મળશે. આ ફિલ્મને આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. આ ઉપરાંત જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના પ્રોડ્યુસર છે. આ ફિલ્મને જિયો સ્ટુડિયોઝ દ્વારા રજૂ કરવામાં આવી છે અને તે B62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે. આ ફિલ્મને પાંચ ભાષાઓ - હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ કરવામાં આવશે.નોંધનીય છે કે, ફિલ્મ ’ધુરંધર’ના પહેલા ભાગે ભારતની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ ફિલ્મે દુનિયાભરમાં લગભગ 1,303 કરોડની કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 836.95 કરોડ થયું. આ સાથે જ તે ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી સિંગલ-લેંગ્વેજ ફિલ્મ બની ગઈ છે.વિદેશી બજારોમાં પણ ફિલ્મ ’ધુરંધર’ને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડથી વધુની કમાણી કરીને ‘બાહુબલી 2’નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો.

### લંબી જુદાઈ’ ગીતમાં યાદગાર ભૂમિકા ભજવી

# પીઢ એક્ટ્રેસ મધુ મલ્હોત્રાનું 72 વર્ષની વયે અવસાન:’ સત્તે પે સત્તા’, ’કર્ઝ’ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું



સત્તે પે સત્તા’, ’કર્ઝ’, હીરો જેવી ફિલ્મોમાં કામ કરનાર પીઢ એક્ટ્રેસ મધુ મલ્હોત્રાનું 72 વર્ષની વયે નિધન થયું છે. તેમનું નિધન 13 માર્ચે મુંબઈમાં થયું હતું. ટ્રેડ મેગેઝિન ‘ફિલ્મ ઈન્ફોર્મેશન’ અનુસાર, તેમના અંતિમ સંસ્કાર 14 માર્ચે મુંબઈના ઓશિવારા સ્મશાન ઘાટમાં કરવામાં આવ્યા હતા. જોકે, તેમના નિધનનું કારણ હજુ સામે આવ્યું નથી.જેકી શ્રોફની 1983માં રિલીઝ થયેલી ફિલ્મ ’હીરો’ના ગીત ’લંબી જુદાઈ’માં મધુ મલ્હોત્રા જોવા મળ્યાં હતાં.

મધુ મલ્હોત્રાએ 1975માં રામસે બ્રધર્સની હોરર ફિલ્મ ’અંધેરા’થી પોતાના અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ 1979માં શક્તિ સામંતની ફિલ્મ ’ધ ગ્રેટ ગેમ્બલર’માં તેમણે અમિતાભ બચ્ચનના પાત્ર જયની બહેનની ભૂમિકા ભજવી હતી. 1980ની ફિલ્મ ’કર્ઝ’માં તેમણે પિંકીનું પાત્ર ભજવ્યું હતું. જ્યારે 1981ની ફિલ્મ ’આસ પાસ’માં તેઓ પ્રેમ ચોપરા સાથે જોવા મળ્યા હતા. મધુ મલ્હોત્રાએ 1982ની ફિલ્મ ’સત્તે પે સત્તા’માં પણ કામ કર્યું હતું, જેનું ડિરેક્શન રાજ એન સિપ્પીએ કર્યું હતું. અમિતાભ બચ્ચન અને હેમા માલિની અભિનીત આ ફિલ્મમાં તેઓ પેન્ટલ સાથે જોવા મળ્યા હતા. મધુ મલ્હોત્રાએ ’સત્તે પે સત્તા’માં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.મધુ મલ્હોત્રાએ ’સત્તે પે સત્તા’માં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વળી, સુભાષ ઘાઈની 1983ની ફિલ્મ ’હીરો’માં મધુ મલ્હોત્રા લોકપ્રિય ગીત ’લંબી જુદાઈ’માં જિપ્સી મહિલાના પાત્રમાં જોવા મળ્યાં હતાં. આ ફિલ્મમાં જેકી શ્રોફ અને મીનાક્ષી શેષાદ્રી મુખ્ય ભૂમિકામાં હતાં. બાદમાં તેમણે 1992ની ફિલ્મ ’હીર રાંઝા’માં અનિલ કપૂરની બહેનનો રોલ કર્યો હતો. 1993ની ફિલ્મ ’કિંગ અંકલ’માં તેમણે મિસિસ મલિકની ભૂમિકા ભજવી હતી. તેઓ 1998ની ફિલ્મ ’ગુલામ’માં પણ જોવા મળ્યાં હતાં. મધુ મલ્હોત્રા છેલ્લે 2000માં રિલીઝ થયેલી મોહન ભાકરીની ફિલ્મ ’વો બેવફા થી’માં દેખાયાં હતાં.

### વિકી કૌશલે ’ધુરંધર’ એક્ટર રણવીરને રિપ્લેસ કર્યો!

# સાઉથ સ્ટાર ધનુષના ડ્રીમ પ્રોજેક્ટમાં ’છાવા’ની એન્ટ્રી, એસ. શંકર ભવ્ય ઐતિહાસિક ફિલ્મનું ડિરેક્શન કરશે



સાઉથ સિનેમાના દિગ્ગજ ડિરેક્ટર એસ. શંકરના ડ્રીમ પ્રોજેક્ટ ‘વેલપરી’ને લઈને નવું અપડેટ સામે આવ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, આ મેગા બજેટ ફિલ્મમાં હવે રણવીર સિંહની જગ્યાએ વિકી કૌશલ જોવા મળી શકે છે. ફિલ્મમાં સાઉથ સુપરસ્ટાર ધનુષ પહેલાથી જ મહત્ત્વની ભૂમિકામાં હોવાનું કહેવાય છે. ધનુષ હાલમાં બોલિવૂડ એક્ટ્રેસ મૃણાલ ઠાકુર સાથે રિલેશનશિપમાં હોવાની અફવાના કારણે ચર્ચામાં છે. ધનુષ હાલમાં બોલિવૂડ એક્ટ્રેસ મૃણાલ ઠાકુર સાથે રિલેશનશિપમાં હોવાની અફવાના કારણે ચર્ચામાં છે. વિકી કૌશલ રણવીર સિંહને રિપ્લેસ કરશે?મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ‘વેલપરી’માં બીજા લીડ રોલ માટે પહેલા રણવીર સિંહનું નામ ચર્ચામાં હતું. જોકે, હવે વલાઈ પેચુના એક રિપોર્ટ અનુસાર મેકર્સ આ પાત્ર માટે વિકી કૌશલ સાથે વાતચીત કરી રહ્યા છે અને તેને કાસ્ટ કરવાની યોજના બનાવી રહ્યા છે. જોકે, ફિલ્મની સ્ટારકાસ્ટને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. એવું કહેવાય છે કે, ફિલ્મની વાર્તા પ્રખ્યાત તમિલ નવલકથા ‘વીર યુગ નાયકન વેલ પરી’ પર આધારિત છે, જે લેખક સુ. વેંકટેશન દ્વારા લખવામાં આવી છે. આ વાર્તા પ્રાચીન તમિલનાડુના પ્રખ્યાત અને ઉદાર શાસક વેલપરીના જીવન પર આધારિત માનવામાં આવે છે. ફિલ્મને મોટા પાયે ઐતિહાસિક ડ્રામા તરીકે બનાવવાની તૈયારી છે.રિપોર્ટ્સ અનુસાર, ડિરેક્ટર શંકર આ પ્રોજેક્ટને લાંબા સમયથી બનાવવા માંગતા હતા અને તેને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ માને છે. એવી પણ ખબર છે કે ફિલ્મ માટે ધનુષ પાસેથી લાંબી તારીખો (ડેટ્સ) માંગવામાં આવી છે કારણ કે તેને મોટા પાયે શૂટ કરવાની યોજના છે. વિકી કૌશલની ’છાવા’ 2025ની સુપરહિટ ફિલ્મોમાંની એક રહી હતી. જો બધું નિર્ધારિત યોજના મુજબ થશે, તો દર્શકોને પહેલીવાર મોટા પડદા પર ધનુષ અને વિકી કૌશલની નવી જોડી જોવા મળી શકે છે. જ્યારે રણવીર સિંહનું નામ હાલમાં આ પ્રોજેક્ટમાંથી બહાર હોવાનું કહેવાય છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, ધનુષ આગામી સમયમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સમાં જોવા મળશે. જ્યારે વિકી કૌશલ પણ ઘણી ફિલ્મોમાં વ્યસ્ત છે અને તેના પર્ફોર્મન્સને લઈને ઈન્ડસ્ટ્રીમાં ઘણી ચર્ચા રહે છે.’વેલપરી’ ફિલ્મ ડિરેક્ટર એસ. શંકરનો ડ્રિમ પ્રોજેક્ટ માનવામાં આવી રહ્યો છે.હાલમાં ’વેલપરી’ને લઈને મેકર્સ તરફથી સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. જો વિકી કૌશલ આ ફિલ્મમાં સામેલ થાય છે તો આ બોલિવૂડ અને સાઉથ સિનેમા વચ્ચે એક વધુ મોટો સહયોગ ગણાશે.